**આધુનિકતાની ખોજમાં – પુસ્તિકા -3**

# મહિલાઓના સવાલો, આંદોલનો અને આધુનિકતા

**લેખન**

ડૉ. સરૂપ ધ્રુવ

હિરેન ગાંધી

●

**પરામર્શન**

તૃપ્તિ શાહ

●

**પ્રકાશન**

'દર્શન'

અમદાવાદ

**MAHILAO NA SAVALO, ANDOLANO ANE ADHUNIKATA**

by Dr. Saroop Dhruv – Hiren Gandhi.

© 'દર્શન'

**આવૃત્તિ- 1**

**નકલ : 750**

**સહયોગ રાશિ :**

| | | |
|---|---|---|
| વિદ્યાર્થીઓ અને યુવા કાર્યકર્તાઓ માટે | : | Rs. 30.00 |
| અન્ય માટે | : | Rs. 75.00 |
| આવરણ અને ડીઝાઇન | : | જ્યોતિ ઝેવિયર |
| કોમ્પ્યુટર ટાઇપ સેટીંગ | : | કે. શ્રીનિવાસ. |
| લે-આઉટ | : | ઈશ્વરભાઇ પ્રજાપતિ |
| મુદ્રક | : | સત્યમ્ પ્રિન્ટ, નરોડા |

**પ્રકાશક-વિતરક** : **'દર્શન'**, 19-બી, વિશ્વનગર સોસાયટી, વિશ્વકર્મા સોસાયટીની બાજુમાં, જીવરાજ પાર્ક, અમદાવાદ-380051

**ફોન નંબર** : 079-26620484

**ઈ-મેઈલ** : **darshan.org@gmail.com**

આધુનિકતાની ખોજમાં – પુસ્તિકા - 3


# અમે આભારી છીએ...

- પરામર્શક : તૃપ્તિ શાહ.
- 'દર્શન' દ્વારા આયોજીત 'આધુનિકતાની ખોજમાં' વિચાર-વિમર્શ સભાઓમાં સહભાગી થયેલ સૌ સાથીઓના તથા તેમાં રજૂઆત કરનાર - પ્રો. મધુસૂધન બક્ષી, પ્રો. ગણેશ દેવી, પ્રો. ખાખા, ડો. તૃપ્તિ શાહ, ડો. સુધા વાસન, સુશ્રી. ગેબ્રિયેલ ડિટ્રીચ, બિ. સુભાષ ગાતાડે, બિ. આનંદ તેલતુંબડે, ડો. મિલિંદ બોકીલ, શ્રી. અચ્યુત યાજ્ઞિક, ડો. રવિ સિંહા, ડો. સંજય કુમાર, બિ. ભાર્ગવ, બિ. અલ્તાફ, બિ. શ્રીનિવાસ રાવ, ડો. ઉમાશંકર તિવારી, બિ. ઈશ્વર પ્રજાપતિ, બિ. અંજલી સિન્હા, પ્રો. માધવી, સુશ્રી. પર્સીસ જીનવાલા પ્રો. દિનેશ શુક્લ, શ્રી. પ્રકાશ ન. શાહ, ફા. પી.ડી. મેથ્યૂ, ફા. સબાસ્ટીયન વાઝાપલ્લી, શ્રી. ઈરફાન એન્જીનીયર, શ્રી મિહિર દેસાઇ, શ્રી. આનંદ યાજ્ઞિક, પ્રો. પ્રશાંન્ત દવે, પ્રો. યોગેન્દ્ર માંકડ.
- નિયતિ ગાંધી, શિરિન રત્નોત્તર, કે.શ્રીનિવાસ અને ભૂમિકાબેન સોલંકી.

**આ પુસ્તક માટે આર્થિક સહયોગ આપનાર :**

- Mensen met een Missie
- Tejender Singh Memorial Trust.

# લેખકનો પરિચય



- **હિરેન ગાંધી**
- જન્મ : 1957
- અભ્યાસ : બી.કોમ; ડીપ્લોમા ઇન ડ્રામા;
  ડીપ્લોમા ઇન જર્નાલિઝમ.
- પ્રતિબધ્ધ સાંસ્કૃતિક કર્મશીલ; નાટ્ય લેખક; નાટ્ય દિગ્દર્શક; તાલીમકર્તા.

- **સંપાદિત પુસ્તકો:**

1. સાબરમતી પૂછે છેઃ જનવાદી સાહિત્યસંગ્રહ.
2. સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો – જનવાદી સાહિત્ય સંગ્રહ.
3. લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ : પાશનાં કાવ્યો

- **મહત્ત્વનાં નાટકો :**

| | | |
|---|---|---|
| 1. | ઇતિહાસની બીજી બાજુ | લેખન અને દિગ્દર્શન |
| 2. | રાજ પરિવર્તન | દિગ્દર્શન |
| 3. | સુનો, નદી ક્યા કહતી હૈ? | દિગ્દર્શન |
| 4. | ઐસા ક્યોં? | દિગ્દર્શન |
| 5. | ઘિરે હૈ હમ સવાલ સે | દિગ્દર્શન |
| 6. | ફિર ભી | દિગ્દર્શન |



- ગુજરાતી, હિન્દી પત્રિકાઓમાં અવારનવાર સાંસ્કૃતિક તથા રાજનૈતિક મુદ્દાઓ ઉપર લેખકના લેખ પ્રકાશિત થતા રહ્યા છે.
- **સક્રિય સભ્ય**

1. સંવેદન સાંસ્કૃતિક મંચ
2. દર્શન
3. ઇન્ડિયન સોશિયલ એક્શન ફોરમ (ઇન્સાફ)
4. ન્યૂ સોશિયાલિસ્ટ ઇનિશિયેટિવ

# પરામર્શકનો પરિચય



- **તૃપ્તિ શાહ**
- છેલ્લાં 35 વર્ષથી સમાજ -પરિવર્તનના સંઘર્ષોના કાર્યકર તરીકે નારીવાદી, શ્રમજીવી અને માનવ અધિકાર માટેના સંઘર્ષમાં સક્રિય છે. માર્ક્સવાદી -ટ્રોટસ્કીવાદી છે. અર્થશાસ્ત્ર વિષયમાં પી.એચ.ડી. થયેલ છે.
- સ્ત્રીઓના અધિકારો માટે સતત કાર્યશીલ સંગઠન તરીકે ગુજરાત અને ભારતમાં જાણીતા એવા 'સહિયર' (સ્ત્રી સંગઠન) ની શરુઆત કરનાનાઓમાંના એક છે અને 'સહિયર' (સ્ત્રી સંગઠન) માં સક્રિય છે. અગાઉ વડોદરાની મ.સ. યુનિવર્સીટીના વિમેન્સ સ્ટડીઝ રીચર્ચ સેન્ટરમાં એકેડેમિક કોઓર્ડીનેટર તરીકે તથા મ.સ. યુનીવર્સીટીની કોમર્સ ફેકલ્ટીમાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામગીરી બજાવતાં હતાં. હાલમાં 'સહિયર' (સ્ત્રી સંગઠન)ની પ્રવૃત્તિઓ ઉપરાંત લેખન, સંશોધન, તાલીમ વગેરે પ્રવૃત્તિઓ કરી રહેલ છે.
- જેન્ડર, પિતૃસત્તા, કોમવાદ, વિકાસનીતિ, નારી આંદોલનનો ઈતિહાસ, સ્ત્રીઓને સ્પર્શતા કાયદા, જાતીય હિંસા, કામના સ્થળે જાતીય સતામણી, વગેરે વિષયો અંગે લોક સંગઠનો તથા બિનસરકારી સંસ્થાઓના કાર્યકરો, સરકારી અધિકારીઓ, ઉદ્યોગગૃહોના કર્મચારીઓ, વ્યવસાયિકોના જુથો, વગેરેને તાલીમ આપે છે.
- સ્ત્રીઓના અધિકાર અંગે, નારી આંદોલનના ઈતિહાસ અંગે, સ્ત્રીઓ પરની હિંસા અંગે,શ્રમજીવી સ્ત્રીઓના પશ્નો અંગે,



સાંપ્રદાયિકતાની સ્ત્રીઓ પર થતી અસર અંગે તેમજસમાજમાં દીકરીઓના ઘટતા જતા પ્રમાણ અંગે સંશોધન કરેલ છે તેમજ લેખો, પુસ્તિકાઓ વગેરે પ્રકાશિત કરેલ છે.

- **કેટલાંક મહત્ત્વનાં પ્રકાશનો:**

1. નારી આંદોલનના ઈતિહાસ વિશે ચાર પુસ્તકોનો સમૂહ
2. સ્ત્રી જીવન સંઘર્ષ : પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ
3. સ્ત્રી સમાનતા અને મતાધિકાર : વિશ્વમાં નારી આંદોલન
4. સામાજીક સુધારણા અને સ્વતંત્રતાની ચળવળમાં સ્ત્રીઓ :
5. નારી મુક્તિ આંદોલન : પ્રશ્નો અને પડકારો
6. સ્ત્રી અને હિંસા (ત્રીજી આવૃત્તિ)
7. ગર્ભજાતિ પરિક્ષણ બાદ થતા ગર્ભપાત અને દીકરીઓની ઘટતી સંખ્યા, સંશોધન અહેવાલ
8. 'Religious Fundamentalism and Communalism : The case Study of Sahiyar' in Feminists on the Front line: Case Studies of Resisting and Challenging Fundamentalisms, Published by AWID,(2009)
9. 'Women's Work and Empowerment: Macro Policies and Micro Realities' a chapter in the book, 'Women Empowerment in India' edited by Dr. Rameshwary Pandya, Published by New Century Publications, New Delhi.2008
10. 'Jobless Growth and Need for Employment Policy in India', Published in an edited volume, 'Globalisation, Growth and Employment by Lancy Lobo and Jayesh Shah. (2012)
11. 'Women and Violence in Gujarat' by Renu Khanna and Trupti Shah, Published by Indian Association of Women's Studies, October 2002.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રસ્તાવના | | 9 |
| ભૂમિકા | સ્ત્રીઓના પ્રશ્નો, આંદોલનો અને આધુનિકતા | 11 |
| પ્રકરણ - 1 | કેટલાંક દૃશ્યો – અઢળક સત્યો: | 14 |
| પ્રકરણ - 2 | આદિમયુગ, બર્બરયુગ અને પિતૃસત્તા | 20 |
| પ્રકરણ - 3 | સામંતયુગ અને પિતૃસત્તા | 25 |
| પ્રકરણ - 4 | બર્બરયુગ, ગુલામયુગ અને સામંતયુગમાં ભારતમાં પિતૃસત્તા સામે વિદ્રોહના પ્રયાસો | 35 |
| પ્રકરણ - 5 | આધુનિકતાનો પ્રારંભ અને માનવમુક્તિની ચેતનાની ચિનગારી | 39 |
| પ્રકરણ - 6 | યૂરોપ – અમેરિકાનાં સ્ત્રી મુક્તિ આંદોલનો | 44 |
| પ્રકરણ - 7 | ભારતમાં જ્ઞાનપ્રકાશનું આગમન : નારી સુધાર : અવરોધો અને પ્રત્યાઘાતો | 53 |
| પ્રકરણ - 8 | નારી સુધાર એજન્ડા | 59 |
| પ્રકરણ - 9 | આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં સ્વતંત્ર ભારતમાં નારી આંદોલનો | 64 |
| પ્રકરણ - 10 | એકવીસમી સદી : નારીમુક્તિ સામેના પડકારો | 74 |
| પરિશિષ્ટ - 1 | કુદરતી જાતીયતા અને સામાજિક જાતીયતા વચ્ચેનો તફાવત | 89 |
| પરિશિષ્ટ - 2 | નારી આંદોલનોનો ઘટનાક્રમ | 91 |
| પરિશિષ્ટ - 3 | નારી આંદોલનોનાં મશાલચીઓ | 97 |
| સંદર્ભ સૂચિ | | 115 |






# "આધુનિકતાની ખોજમાં"

## પ્રસ્તાવના

આપણી આસપાસના આજના સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ ઉપર નજર નાંખીએ તો શું દેખાય છે? એ જ સદીઓ પુરાણી પરંપરાઓ અને વિધિવિધાનો, કહેવાતી આધુનિકતાનો વેશ ધારણ કરીને ઘોંઘાટતાં રહે છે. જ્ઞાતિગત ભેદભાવો, સ્ત્રી-પુરૂષ અસમાનતાઓ અને કટ્ટર બનતી જતી સાંપ્રદાયિકતા પણ જાણે સમાજને કોઠે પડવા માંડી છે. આધુનિકતાએ આપણને આપેલો રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાનો ખ્યાલ પણ હવે તો હિંસક બની રહ્યો છે. તો વળી બીજી તરફ આર્થિક વિકાસનો વર્તમાન ખ્યાલ ગરીબ અને મધ્યમવર્ગના ગળે ગાળિયો બનીને ભીંસાઇ રહ્યો છે. ગામડાં ગૂંગળાઇ રહ્યાં છે, ગળચાઇ રહ્યાં છે. નગરો શહેરો બની રહ્યાં છે અને શહેરો મેગાસીટી, મેટ્રોઝ બની રહ્યાં છે. રોજ-બ-રોજ બજારમાં ઠલવાઇ રહ્યાં છે –અદ્યતન ટેક્નોલોજી ધરાવતાં રિમોટ્સ, સેલફોન્સ, આઇ પેડ્સ અને કૈં કેટલાંયે સાધન-સરંજામો. આપણે આજની આ વિરોધાભાસી જિંદગીને અને આપણા આ યુગને 'આધુનિક' કહીએ છીએ.

શું આજનો આ વાસ્તવ ખરેખર આધુનિક છે? આધુનિકતા એટલે શું? છેલ્લાં છસ્સો વર્ષથી માનવી આધુનિકતા માટે મથામણો, સંઘર્ષો કરતો આવ્યો છે. એ સંઘર્ષોમાંથી એણે ઘણું હાંસલ પણ કર્યું છે. સામંતી અર્થવ્યવસ્થાને બદલે મૂડીવાદી અર્થવ્યવસ્થા, રાજાશાહીને બદલે પ્રજાતાંત્રિક રાજ્ય વ્યવસ્થા, રજવાડાંને બદલે રાષ્ટ્ર વિશેનો ખ્યાલ, ધર્મ આધારિત જીવનને અને સમાજને બદલે ક્રમશઃ વિજ્ઞાન આધારિત જીવન અને સમાજ ભણી આગળ વધતો માનવી. પરંપરાગત જ્ઞાતિઆધારિત, ધર્મ-સંપ્રદાયઆધારિત મંડળો-સમુદાયોને બદલે વિચારો, પ્રવૃત્તિઓ અને વ્યવસાયો આધારિત મંડળો, એસોસિએશનો, ટ્રેડ યૂનિયનો, ક્લબો જેવાં

અદ્યતન સમુદાયો રચતો થયેલો માનવી. સાર્વજનિક અને વિજ્ઞાન આધારિત શિક્ષણ મેળવતો થયેલો માનવી. આ અને આવું ઘણુબધું આધુનિકતા માટેની સફર દરમ્યાન માનવીએ, એટલે કે આપણે અને માનવસમાજે હાંસલ તો કર્યું છે. અને આમ છતાંયે શરૂઆતમાં જેની વાત કરી એવો વિરોધાભાસી વાસ્તવ- સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ કેમ? અને એથીયે મોટો અને ગંભીર સવાલ તો એ કે એ પરિવેશ સામેનો આપણો અવાજ, આપણા સવાલો ક્યાં?

આધુનિકતા માટેની સફરમાં ક્યાં ચૂક કરી છે આપણે? શું ચૂક કરી છે આપણે? આજે એ તપાસ આપણે માટે અનિવાર્ય બની ગઇ હોય એવું નથી લાગતું? એ તપાસ માટે આપણે ફરીથી યાદ કરવું પડશે, સમજવું પડશે —આધુનિકતા એટલે શું? આધુનિકતાનાં પાયાગત મૂલ્યો અને માપદંડો ક્યા? આધુનિક માનવ સંબંધો એટલે કેવા સંબંધો? આધુનિક સામુદાયિક-સામાજિક સંબંધો એટલે કેવા સંબંધો? આધુનિક જીવનશૈલી કોને કહેવાય? વિજ્ઞાન અને પ્રકૃતિ વચ્ચેનો આધુનિક સંબંધ કેવો હોઇ શકે? આધુનિક પ્રજાતંત્ર એટલે કેવું પ્રજાતંત્ર? આધુનિકતામાં બજારની ભૂમિકા શું અને કેટલી? અને સૌથી મહત્ત્વનો સવાલ તો એ તપાસવો પડશે કે, માનવસમાજને અમીર-ગરીબમાં વહેંચતી મૂડીવાદી અર્થવ્યવસ્થાઓ અને પ્રતીકાત્મક પૂરવાર થઇ રહેલી વર્તમાન પ્રજાતાંત્રિક રાજ્યવ્યવસ્થાઓ આપણને સાર્થક આધુનિકતા સુધી પહોંચવા દેશે?

આ પુસ્તિકા શ્રેણી પાછળનો અમારો ઉદ્દેશ આવા સવાલોને સમજવાનો-તપાસવાનો છે. ‘દર્શન’ સાંસ્કૃતિક પરિવર્તન માટે પ્રતિબદ્ધ સંગઠન છે; એથી અમારી આવી તપાસ અમારી ફરજ પણ છે. અમે શરૂઆત કરી રહ્યાં છીએ. આશા છે, આપ પણ અમારી સાથે જોડાશો.

**હિરેન ગાંધી - ડૉ. સરૂપ ધ્રુવ**



આધુનિકતાની ખોજમાં – પુસ્તિકા - 3

# સ્ત્રીઓના પ્રશ્નો, આંદોલનો અને આધુનિકતા

**(ભારતીય સમાજના સંદર્ભે)**

## ભૂમિકા

ભારતીય સમાજ અનેક નાના-મોટા સમુદાયોમાં વહેંચાયેલો છે. જ્ઞાતિઓ, પેટાજ્ઞાતિઓ, ધર્મો, સંપ્રદાયો, પ્રાદેશિકતાઓ અને વર્ગભેદો(અમીર, મધ્યમ અને ગરીબ વર્ગ). આ તમામ સમુદાયોની સ્ત્રીઓને આ દરેક પ્રકારની વિવિધતાઓ સકારાત્મક અને નકારાત્મક અસરો કરે છે. વળી દરેક સમુદાયની સ્ત્રીઓ વિશે ઊંડાણથી માહિતી મેળવી અભ્યાસ કરવો એ લાંબુંપહોળું અને અઘરું કામ છે. અહીં આપણે ભારતના સમાજોમાં સ્ત્રીઓના મુખ્ય અને સર્વસામાન્ય સવાલોને લઇને આધુનિકતાનાં પાયાગત મૂલ્યો અને વલણોના સંદર્ભે તપાસવાનો પ્રયાસ કરીશું.

મતલબ કે, ભારતીય સમાજમાં સ્ત્રીઓને સભ્યતા – સંસ્કૃતિના આખરી પડાવ સમી આધુનિકતાનો કેટલો અને કેવો લાભ મળ્યો છે અને કેટલો અને કેવો લાભ મળવાનો હજી બાકી છે, એનો અભ્યાસ કરીશું; આ ઉપરાંત શા માટે સ્ત્રી સમુદાયને આધુનિકતાના લાભ મળ્યા છે અને નથી મળ્યા – એની તપાસ પણ કરીશું. ખાસ તો, આજે એકવીસમી સદીમાં આપણો સમાજ જ્યારે આધુનિક સંસાધનો, આધુનિક રહેણીકરણી

અને આધુનિક આબોહવામાં જીવી રહ્યો છે, એમ કહેવાતું અને મનાતું હોય ત્યારે, આપણો સ્ત્રી સમુદાય સાર્થક આધુનિકતા સાથે કઇ રીતે સંકળાઇ રહ્યો છે, એ સમજવું જરૂરી છે.

બીજી વાસ્તવિકતા એ છે કે, અદલાતી – બદલાતી અર્થવ્યવસ્થાઓ અને રાજયવ્યવસ્થાઓ પણ સામાજિક – સાંસ્કૃતિક બદલાવો માટેનું મહત્ત્વનું ચાલકબળ હોય છે; કહો કે આમાં તમામ પ્રકારનાં પરિવર્તનો સાથોસાથ અને સમાંતરે ચાલતાં રહેતાં હોય છે. આ પુસ્તિકામાં વ્યવસ્થાઓ બદલવાનાં આંદોલનો અને બદલાયેલી વ્યવસ્થાઓમાં, સ્ત્રીઓ સુધી આધુનિકતાનાં કેટલાં અને ક્યાં મૂલ્યો-વલણો પહોંચ્યા છે – એ જોવાનો પણ હેતુ છે.

અહીં આપણે એ પણ તપાસીશું કે, એવાં ક્યાં અવરોધક પરિબળો છે, જે સ્ત્રીઓને વ્યક્તિ તરીકે, સમુદાય તરીકે આધુનિકતાનાં મૂલ્યો, વલણો, વર્તણૂંકો અને અભિવ્યક્તિઓથી દૂર રાખી રહ્યાં છે; અથવા તો ઉપરછલ્લી અને ભ્રામક આધુનિકતા તરફ ફંટાવી રહ્યાં છે.

શ્રમિકોનાં આંદોલનોની જેમ જ નારી આંદોલનો પણ દુનિયાભરમાં અને ભારતમાં પણ સમયે સમયે છેડાતાં રહ્યાં છે. સ્ત્રીઓને ‘વ્યક્તિ’ તરીકેના અને ‘નાગરિક’ તરીકેના મૂળભૂત અધિકારો મળે તથા તેમની જીંદગી બહેતર બને – એ પ્રત્યેક નારીઆંદોલનોનો મુખ્ય ધ્યેય રહ્યો છે. આવાં મહત્ત્વનાં નારી આંદોલનો ક્યાં મૂલ્યોને માર્ગદર્શક તરીકે આગળ રાખીને ચાલ્યાં છે, એ પણ સમજવું જરૂરી છે. ‘જ્ઞાનપ્રકાશ’ અને ‘આધુનિકતા’ સાથે નારી આંદોલનોનો કેવો સંબંધ રહ્યો છે એનો અભ્યાસ, આ પુસ્તિકાનો કેન્દ્રવર્તી હેતુ છે.

માત્ર સ્ત્રી સમુદાયને જ શા માટે, સમગ્ર માનવ સમાજને વૈજ્ઞાનિક અભિગમ, બૌદ્ધિક સજગતા, મૂળભૂત માનવ અધિકારો, સ્વ-ભાન સાથે સ્વ-માન બક્ષનાર આધુનિકતાનાં પાયાગત મૂલ્યો છેઃ





1. બુદ્ધિનિષ્ઠા
2. વૈજ્ઞાનિક અભિગમ
3. વ્યક્તિમત્તા
4. માનવવાદ
5. વૈશ્વિકવાદ
6. ધર્મનિરપેક્ષતા
7. સાર્વજનિક અને અંગત વચ્ચેનો તફાવત અને સમજણ
8. પ્રગતિશીલતા
9. આત્મપ્રશ્નેયતા.

આપણો આ અભ્યાસ સમાનતાલક્ષી, સ્વાધીન અને ઉન્નત સમાજની નવરચના માટેનું એક ડગલું છે; જે આપણને નારી મુક્તિ અને માનવમુક્તિ માટેના પ્રયાસો, આંદોલનો માટેની સાર્થક વ્યૂહરચનાઓ સુધી અને એને સાકાર કરવા માટેની સાચી સમજ સુધી લઇ જશે.

# પ્રકરણ - 1

## કેટલાંક દશ્યો – અટળક સત્યો

ભારતનો સમાજ શહેરો અને ગામડાંઓ વચ્ચે વહેંચાયેલો છે, વ્હેરાયેલો છે. મુખ્યત્વે સમાજિક – સાંસ્કૃતિક દષ્ટિએ શહેરો અને ગામડાંઓના વાતાવરણો વચ્ચે ઘણું મોટું અંતર છે અને વિકાસની વર્તમાન તરાહને કારણે એ અંતર ક્રમશઃ વધતું જાય છે. સ્ત્રીઓની વાસ્તવિકતા સંદર્ભે આ અંતર, એક નોંધપાત્ર બાબત છે.

શહેરોની સોસાયટીઓ, ફ્લેટ્સ, પોળો કે મહોલ્લાઓમાં વસતાં મધ્યમવર્ગની અને ઉપલાવર્ગની સ્ત્રીઓની સ્થિતિ વિશે સવારે અખબાર ખોલતાં કે ટી.વી.ની ન્યૂઝ ચેનલો ઉપર નજર નાંખતાં, સાહિત્યનાં પાનાં ફેરવતાં, સિનેમાના પરદા ઉપર કે પછી ટી.વી. ઉપર આવતી ધારાવાહિકો ઉપર નજર નાંખતા કે પછી સામાજિક પ્રસંગો, મેળાવડાઓમાં થતી વાતો, ચર્ચાઓ સાંભળતાં જ, સ્હેજવારમાં પરિચય મળી જાય છે.

તો વળી એ જ શહેરોની ગંદી ગીચ ઝૂંપડપટ્ટીઓ, ચાલીઓમાં રહેતી ગરીબ સ્ત્રીઓની સ્થિતિ તો બદ્તર છે. રોજનું કમાઇને રોજનું ખાતાં આ ગરીબ વર્ગની સ્ત્રીઓ રોજી-રોટીના ચક્રવ્યૂહમાં પળેપળ ઘૂમરાતી, પીસાતી દેખાય છે. ખાસ કરીને છૂટક કામ, મજૂરીનાં ઝાંઝવાં, ગલીચ-રોગિષ્ઠ રહેઠાણો, ગૂંગળાવતું કુંઠિત વાતાવરણ, બાળકોની ભરમાર, પ્રદૂષણ, ઘોંઘાટ અને ઘડીકવારનોય જંપ નહીં.





અને પેલી તરફ ગામડાંઓમાં સ્ત્રીઓ - ખેતરો અને ખળીઓમાં કમ્મરતોડ વૈતરાં કરતી, ખાણોમાં પથ્થર તોડતી, અસ્પૃશ્યતાની આભડછેટ વેંઢારતી, પરિવારના પેટનો ખાડો પૂરવા ને તરસ છીપાવવા ધૂળિયા રસ્તા-જંગલો ખૂંદતી, વીરડા ગાળતી, અને ખેતરોની વાડ પાછળ જાતીય હુમલાનો ભોગ બનતી, બદનામ થતી, પ્રાણ છોડતી જોવા મળે છે. વિકાસની ગુલબાંગો વચ્ચે વારંવાર બેઘર થતી અને ફરીફરીને ઘરને બેઠાં કરવા મથતી ગ્રામીણ સ્ત્રીઓની આ એક બીજી વાસ્તવિકતા છે. તો વળી જંગલો, ડુંગરો અને દરિયાકાંઠાઓ ઉપર વસતી છેવાડાની બહેનોની હાલત તો અત્યંત દયનીય અને શરમજનક છે.

ખેર, પણ શું શહેરની કે શું ગામડાંની – આપણા દેશમાં મોટાભાગની સ્ત્રીઓના ઘણાં સવાલો તો લગભગ એકસરખા જ છે. એમને થતા અન્યાયો અને અત્યાચારો પણ ઘણાભાગે એકસમાન છે. અહીં આપણે મુખ્યત્વે સમાજના ચાર ક્ષેત્રોમાં સ્ત્રીઓ ઉપર થઇ રહેલ હિંસા, અન્યાયો અને અત્યાચારો ઉપર નજર નાંખીશું.

### 1. કૌટુંબિક ક્ષેત્ર

આપણા સમાજમાં સ્ત્રીઓ સાથે ભેદભાવ અને અત્યાચારોની શરૂઆત સ્ત્રી માના પેટમાં હોય ત્યારથી જ શરૂ થઇ જાય છે. સ્ત્રી ભ્રૂણહત્યા આપણાં શહેરો કે નગરોની જ નહીં, ગામડાંઓ અને કસ્બાઓની પણ વરવી વાસ્તવિકતા છે. જન્મ પામી શકતી દીકરીઓને બાળપણી જ પાલન-પોષણ, ઉછેર, રમતગમત જેવી બાબતોમાં દીકારાની સરખામણીમાં ઊણું અને ઉતરતું જ આપવામાં આવે છે. દીકરીઓનું શિક્ષણ અથવા તો કન્યા કેળવણી એ આપણા સમાજનો એક સળગતો સવાલ છે. માત્ર ગરીબીને કારણે જ નહીં, પરંતુ સામાજિક માનસિકતા અને માન્યતાઓ પણ એની પાછળનું એક બહુ મોટું કારણ છે. શિક્ષણ મેળવી શકતી બાળકીઓ પાસે પણ માધ્યમની પસંદગી,

લાઈન(પ્રવાહ)ની પસંદગી અને વિષયોની પસંદગી માટે ખૂબ સીમિત તકો હોય છે. એને માટે મા-બાપે, કુટુંબીજનોએ, સમાજે અને લગ્નબજારે શિક્ષણનો પ્રકાર અને તેનું પ્રમાણ લગભગ નક્કી કરી લીધેલું હોય છે. એ જ સ્થિતિ યુવતીઓ – સ્ત્રીઓ માટે કારકીર્દીના ક્ષેત્રોની પસંદગીને પણ લાગુ પડે છે.

પોતાના જીવનસાથીની પસંદગીનો હક્ક પણ સ્ત્રી પાસે નથી. પોતાનાં કે સાસરાનાં કુટુંબમાં સ્ત્રી સ્વાધીન નથી. તેણે વડીલોની મરજી સાચવવાની હોય છે, વડીલોની આજ્ઞાઓને અધીન રહેવાનું હોય છે. પતિની અને સાસરિયાંની મારપીટ, ત્રાસ અને અત્યાચારો સામે ચૂપ રહેવું – એ આપણાં કુટુંબો અને સમાજનાં 'સારી' વહુ પાસેનાં મુખ્ય અપેક્ષિત ગુણો છે. ઘરકામ, બાળસંભાળ જેવી જવાબદારીઓ પૂરેપૂરી સ્ત્રી ઉપર જ લદાયેલી હોય છે. એમાંયે જો સ્ત્રી નોકરિયાત હોય કે વ્યાવસાયિક હોય તો તો એના ઉપર બેવડો બોજો. વળી આપણે ત્યાં કુટુંબોમાં દીકરીઓ – સ્ત્રીઓ સાથે કુટુંબનાં અને સગપણના પુરૂષો દ્વારા થતી જાતીય હિંસાના કિસ્સા પણ હવે વધુને વધુ પ્રમાણમાં બહાર આવી રહ્યા છે. નિઃસંતાન કે વારંવાર દીકરીને જન્મ આપતી સ્ત્રીઓને સમાજ સતત અપમાનિત કરતો રહે છે. દહેજને કારણે સ્ત્રીને અપાતો શારીરિક, માનસિક ત્રાસ અને સ્ત્રીઓનાં અપમૃત્યુ આજે પણ આપણાં કુટુંબોની શરમજનક વાસ્તવિકતાઓ છે.

## 2. સામાજિક – સાંસ્કૃતિક ક્ષેત્ર

ઘરની બહાર પણ સ્ત્રીઓની સલામતી એ આપણા સમાજનો એક ગંભીર સવાલ છે. સાર્વજનિક સ્થળોમાં, શાળા-કોલેજોમાં બસો-ટ્રેનોમાં, રસ્તાઓ અને ઓફિસોમાં છેડતીથી માંડીને બળાત્કારો સુધીની ઘટનાઓ સતત બનતી રહે છે. જ્ઞાતિવાદી કે સાંપ્રદાયિક રમખાણો કે હિંસા સમયે સ્ત્રીઓ પ્રત્યે આચરાતી જાતીય હિંસા અને બળાત્કારો, સમાજની એક વરવી અને હીણપતભરી વાસ્તવિકતા છે. ઉદાહરણ તરીકે, ગુજરાત જનસંહાર-





2002 સમયે અગણિત મુસ્લિમ સ્ત્રીઓ ઉપર બળાત્કારો થયા હતા. એવા જ અત્યાચારો શિખ સ્ત્રીઓ ઉપર 1984માં દિલ્હીમાં શિખ જનસંહાર સમયે થયા હતા. તો વળી 1947માં રાજકીય કારણોસર જ્યારે દેશનું વિભાજન થયું ત્યારે હિંદુ, મુસ્લિમ અને શિખ સ્ત્રીઓ ઉપર બળાત્કારો અને અત્યાચારો થયા હતા.

આ પ્રકારની હિંસાના મૂળમાં હોય છે – પિતૃસત્તાક સમાજનાં સામાજિક – સાંસ્કૃતિક પૂર્વગ્રહો. વળી આપણા કાશ્મીર અને ઉત્તર પૂર્વનાં રાજ્યોમાં આપણાં સૈન્ય દ્વારા ત્યાંની સ્ત્રીઓની જે જાતીય સતામણી કે બળાત્કારો થાય છે, એ કાંઇ હાલની કે નવી વાસ્તવિકતા નથી. સદીઓથી યુધ્ધોના ઈતિહાસનાં અસંખ્ય પૃષ્ઠો સ્ત્રીઓ પરના હિંસક હુમલાથી કાળાંભઠ્ઠ થયેલાં છે.

તો વળી સાંસ્કૃતિક માધ્યમો – સાહિત્ય, સિનેમા, ટેલિવિઝન, નાટકો ભણી નજર કરીએ તો એમાં સ્ત્રી પાત્રોનું જે નિરૂપણ થાય છે, એ શું છે? ત્યાં સ્ત્રીઓ ઉપભોગનું સાધન છે, ચીજ વસ્તુ છે. અને ત્યાં સ્ત્રીઓ ખુદ ઉપભોક્તા અને ગ્રાહક પણ છે. આ રીતે સતત આપણી આસપાસ ઘૂમરાતાં રહેતાં નકારાત્મક ચિત્રો-સ્ત્રીઓના દરજ્જાને એટલો હીણો બનાવી દે છે કે, એને માટેનાં આંદોલનો ઓછાં પડે છે, ટાંચાં પડે છે.

## 3. આર્થિક વિકાસનું ક્ષેત્ર

દેશના આર્થિક વિકાસના નામે અને ઔદ્યોગિકરણના કારણે તથા મોટા બંધો જેવી યોજનાઓને લઈને જે રીતે જંગલો, જમીનો અને ગામો ખાલી કરાવાઇ રહ્યાં છે – એને લઈને થતાં સ્થળાંતરો અને વિસ્થાપનોની સૌથી ઊંડી અસરો એ પરિવારોની સ્ત્રીઓ ઉપર પડતી હોય છે. એ અસરો માનસિક, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક તમામ સ્વરૂપની હોય છે. ઘર, પરિવાર અને બાળકોની જવાબદારી સંભાળતી સ્ત્રીઓએ સ્થળાંતર – વિસ્થાપન અને પુનઃસ્થાપનના વ્યક્તિગત, મનોસામાજિક અને સાંસ્કૃતિક દુષ્પરિણામો વેઠવાનાં હોય છે.

આર્થિક વિકાસના વર્તમાન મોડેલની અસર અસંગઠિત ક્ષેત્રની કામદાર મહિલાઓ ઉપર પણ બેવડી હોય છે. એક દૃષ્ટિએ તો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં તમામ કામદારો –સ્ત્રી અને પુરૂષ બંનેની ઉપર ગંભીર હોય છે. કેમ કે, કામના વધુ કલાકો, નિયમિત મજદૂરીની અસલામતી, કામદાર તરીકેના કોઇ પ્રકારના હક્કો નહીં અને ઓછું વેતન- આ તમામ કામદારોનું શોષણ કરનાર કારણો છે. પરંતુ સ્ત્રીઓને તો આ ઉપરાંત, મુકાદમ તરફથી થતી જાતીય સમામણી, પુરૂષ કામદારો કરતાં ઓછું વેતન જેવાં બીજાં શોષણોનો પણ ભોગ બનવું પડે છે.

## 4. ધર્મ ક્ષેત્ર

દુનિયાભરના તમામ ધર્મોએ સ્ત્રીઓ ઉપર લાજ-મર્યાદા, પાપ-પુણ્ય, વ્રત-ઉપવાસ અને પવિત્રતાની જંજીરો લાદેલી છે. દાન, યાત્રાઓ અને ધાર્મિક વિધિવિધાનો પણ મોટેભાગે સ્ત્રીઓએ જ આચરણમાં મૂકવાનાં હોય છે. લગભગ તમામ ધર્મગ્રંથો, ધાર્મિક કથાઓ, દંતકથાઓ, લોકકથાઓ સ્ત્રીને ‘પાપનું મૂળ’, ‘નર્કની ખાણ’ , ‘પ્રલોભનકર્તા’, ‘સાપનો ભારો’ , ‘પારકી થાપણ’ , ‘ઝેરીલી નાગણ’ નાં સ્વરૂપોમાં ચીતરે છે, ઉપસાવે છે. ધર્મો દ્વારા ફેલાવતા સ્ત્રીઓ વિશેના આવા ખ્યાલો સમાજનાં મૂળ સુધી પહોંચેલા સાંસ્કૃતિક પૂર્વગ્રહો છે.

આ ઉપરાંત પ્રત્યેક ધર્મોએ હવે તો સંસ્થાનોનું સ્વરૂપ ધારણ કરેલું છે. ધર્મ-સંપ્રદાયોનાં આવા સંસ્થાનોમાં પણ સ્ત્રીઓનો દરજ્જો હંમેશા ઉતરતો અને સેવિકાઓ તરીકેનો જ હોય છે. એ સંસ્થાનોમાં પણ સાધ્વીઓ અને ભક્ત સ્ત્રીઓનું જાતીય શોષણ થતું હોય છે.

આ ચાર ઉપરાંત રાજકીય ક્ષેત્રે પણ સ્ત્રીઓને અન્યાય અને અસમાનતાનો ભોગ બનવું પડે છે, પરંતુ તેની વાત આગળ ઉપર આપણે વિગતે કરવાના છીએ, એટલે અહીં માત્ર એનો ઉલ્લેખ કરીને જ અટકીએ.





ટૂંકમાં જોઇએ તો – સમાજના તમામ ક્ષેત્રોમાં સ્ત્રીને વ્યક્તિ અને નાગરિક તરીકેના પાયાગત માનવ અધિકારોથી વંચિત રાખવામાં આવી છે. એને સ્વમાન અને સ્વાધીનતાથીયે જોજનો દૂર રખાઇ છે. ‘જ્ઞાનપ્રકાશ’ અને ‘આધુનિકતા’ની ચેતનાનો પ્રભાવ આપણા સમગ્ર સમાજ ઉપર ખૂબ જ સીમિત અને અર્ધદગ્ધ સ્વરૂપમાં પડ્યો છે અને એનું સીધું પરિણામ સ્ત્રીઓની વર્તમાન સ્થિતિ અને દરજ્જા દ્વારા પૂરવાર થાય છે.

## પ્રકરણ - 2

# આદિમયુગ, બર્બરયુગ અને પિતૃસત્તા

માનવ સંસ્કૃતિની ઉત્ક્રાંતિ (વિકાસ) નાં પ્રાથમિક બે ચરણોને આપણે આદિમયુગ અને બર્બરયુગ તરીકે ઓળખીએ છીએ. આદિમયુગ એટલે જંગલો, ડુંગરોમાં ભટકતું જીવન ગુજારતાં માનવ ટોળાંઓનો યુગ, અને બર્બર યુગ એટલે ગુફાઓ અને ઘાસપાનનાં ઝૂંપડાંઓમાં પ્રાથમિક ધોરણે વસવાટ કરતા માનવ કબીલાઓનો યુગ. આ બંને યુગોની વાત કરતાં પહેલાં આપણે પિતૃસત્તાનો શબ્દાર્થ અને વ્યાખ્યા સમજી લઈએ.

1. ગુજરાતી ભાષાના માન્ય શબ્દકોષ (સાર્થ જોડણીકોષ –ગૂજરાત વિદ્યાપીઠ) માં પિતૃસત્તા શબ્દનો અર્થ છે –'પિતાનું અથવા કુટુંબના વડા પુરૂષનું શાસન'.
2. સમાજ વિજ્ઞાનીઓ અને નારી અભ્યાસુઓ દ્વારા મળતી વ્યાખ્યા પ્રમાણે પિતૃસત્તા એટલે 'સ્ત્રીની શ્રમશક્તિ, પ્રજનન શક્તિ અને જાતીયતા (સેક્સ્યુઆલિટી) ઉપર પુરૂષનું વર્ચસ્વ.
3. સાધારણ રીતે પિતૃસત્તા એટલે – 'પુરૂષપ્રધાન વિચારસરણી, વલણો અને વર્તણૂંક અને પુરૂષપ્રધાન સામાજિક માળખાં'.
4. અભ્યાસો અને અનુભવો પરથી આપણને એ પણ જોવા – સમજવા મળે છે કે, સમાજ ઉપર વર્ચસ્વ ધરાવતી પુરૂષપ્રધાન સમાજ





વ્યવસ્થાનાં મૂલ્યો, વલણો અને વર્તણૂંકો માત્ર પુરૂષોને જ પ્રભાવિત કરે છે એવું નથી. એ પુરૂષો અને સ્ત્રીઓ બંને સમુદાયોને પ્રભાવિત કરે છે. એ સામાજિક-સાંસ્કૃતિક રીતે પુરૂષને 'પુરૂષ' બનાવે છે અને સ્ત્રીને 'સ્ત્રી'. સમાજ અને કુટુંબના સત્તાસંબંધો ઉપર નજર નાંખતાં એ પણ દેખાય છે કે, કુટુંબ અને સમાજમાં કોઈપણ સ્વરૂપની સત્તા ધારણ કરતી સ્ત્રીઓ પણ પિતૃસત્તાક મૂલ્યો, વલણો, વર્તણૂંકો અખત્યાર કરતી હોય છે. દા.ત. કુટુંબમાં સાસુ, જેઠાણી, દાદી, માતા વગેરે; અને સમાજમાં સામાજિક કે રાજકીય ક્ષેત્રે નેતૃત્વ અને સત્તા મેળવતી સ્ત્રીઓ.

પિતૃસત્તા વિશેની આ વ્યાખ્યાઓ યોગ્ય છે, પણ પૂરતી નથી. એનું અર્થઘટન પણ અહીં આપ્યું છે એટલું મર્યાદિત નથી. માનવીના સમગ્ર જીવન અને સમાજની તમામ પ્રકારની –આર્થિક, સમાજિક, સાંસ્કૃતિક અને રાજકીય –વ્યવસ્થાઓના ખૂણેખૂણાને પ્રભાવિત કરતી પિતૃસત્તાનાં મૂલ્યો, વલણો, વર્તણૂંકો અને વિચારો અત્યંત વ્યાપક અને જટિલ છે.

### Õ આદિમયુગ અને માતૃસત્તા અથવા માતૃમૂલક સમાજ વ્યવસ્થા

આજથી લગભગ દસેક હજાર વર્ષ પહેલાંના ગાળામાં જંગલો અને ડુંગરોમાં આદિઅવસ્થામાં ભટકતાં ટોળાંઓના યુગને આપણે આદિમયુગ કહીએ છીએ. એ યુગની મુખ્ય ઉત્પાદક પ્રવૃત્તિ હતી –શિકાર કરવો અને કંદમૂળ તથા ફળો વડે પટે ભરવું. આ માનવટોળાંઓની નેતા હતી સ્ત્રી. ટોળું સ્ત્રીને માતા માનતું. સ્ત્રીની આજ્ઞા પ્રમાણે વર્તતું. એ સમયે ઉત્પાદન, પ્રજનન અને જાતીયતા ઉપર નેતા સ્ત્રીનો અંકુશ રહેતો. આ ઉપરાંત ઉત્પાદનની વહેંચણી ઉપર પણ નેતા સ્ત્રીનું નિયંત્રણ રહેતું. આ જ કારણે આદિમયુગને માતૃસત્તાક સમાજ (મેટ્રિલિનીયલ) અથવા માતૃસત્તાક (મેટ્રિઆર્કલ) સમાજવ્યવસ્થા ગણવામાં આવે છે, માનવામાં આવે છે. એ યુગમાં સ્ત્રી શક્તિશાળી હતી, બળવાન હતી, ટોળાંનાં પુરૂષો અને બાળકોનું પાલન-પોષણ અને રક્ષણ કરવા માટે સક્ષમ હતી.

સ્ત્રીની પ્રજનન શક્તિ – બાળકને જન્મ આપવાની કુદરતી શક્તિ- નું રહસ્ય સૌને માટે અજાણ્યું હતું અને તેથી પુરૂષો તેનાથી આશ્ચર્યચકિત રહેતા અને તેને માન આપતા, નેતા માનતા. આ યુગમાં માનવી રોજેરોજ જરૂર પૂરતું જ ઉત્પાદન કરતો અને માતા સૌને જરૂરિયાત પૂરતું વહેંચી દેતી. અહીં વિજ્ઞાન અને માનવસમાજના ભાવિ વિકાસની દૃષ્ટિએ નોંધવું જોઈએ કે, આ યુગમાં આદિમાનવે અગ્નિની શોધ કરી. આદિમાનવે પથ્થરથી પથ્થર ઘસી પેટાવેલા અગ્નિએ માનવીને શેકેલો ખોરાક ખાતો કર્યો. એ જ અગ્નિ આગળ જતાં માનવીને આગગાડી (ટ્રેઈન) અને બીજી અનેક શોધો સુધી દોરી ગયો.

## Õ બર્બરયુગ અને પિતૃસત્તાનો પ્રારંભ

આદિમવ્યવસ્થામાં હજારો વર્ષ ગાળ્યાં પછી આશરે દસેક હજાર વર્ષ પહેલાં જ બર્બરયુગનો પ્રારંભ થયો. ભટકતી-વિચરતી માણસજાત ટોળાંઓમાંથી કબીલાઓમાં રૂપાંતરિત થઈ અને ગુફાઓ તથા ઝૂંપડાઓ બનાવી વસવાટ કરતી થઈ. આમ થવા પાછળનું મુખ્ય કારણ હતું– સ્ત્રીઓની પ્રજનન પ્રક્રિયામાં પોતાનો પણ ફાળો છે, એનું પુરૂષોને થયેલું ભાન. વળી સ્ત્રીનું માસિક ચક્ર, ગર્ભાવસ્થા અને બાળકને જન્મ આપ્યા પછીના ગાળામાં કુદરતી રીતે જ મર્યાદિત થતી સ્ત્રીની શારિરીક શક્તિ– આ બધું જ માનવ ટોળાંઓને સમજાતું ગયું હશે. પરિણામે એણે કબીલાઓમાં સ્થાયી વસવાટ શરૂ કર્યો, જેથી સ્ત્રીની પ્રજનન શક્તિને સલામતી મળે, રક્ષણ મળે.

આ રીતે બર્બરયુગમાં જીવન પધ્ધતિ બદલાઈ. સ્ત્રીની પ્રજનન ઈચ્છા ઉપર પુરૂષોનો કાબૂ વધવા માંડ્યો, કેમ કે – શિકાર અને અન્ય ઉત્પાદન પધ્ધતિઓ હવે પુરૂષોના હાથમાં આવવા માંડી અને સ્ત્રીઓના ભાગે 'ઘર'નાં કામો અને બાળઉછેરનાં કામો આવવા માંડ્યાં. પરિણામે કબીલા પરની સ્ત્રીની સત્તા હવે પુરૂષના કબ્જામાં આવવા માંડી. ઉત્પાદન અને ઉત્પાદન વહેંચણીની સત્તા હવે પુરૂષો પાસે આવી. આથી આ યુગમાં





પિતૃસત્તાનો પ્રારંભ થયો એમ કહી શકાય. સ્થાયી જીવનની સાથે જ ખેતીની પણ પ્રાથમિક શરૂઆત થઈ. 'ઘર'માં રહેતી સ્ત્રીએ ફળોનાં બીજમાંથી છોડ, વૃક્ષ, ફળ થતાં જોયાં અને એણે ઘર આંગણે બીજની વાવણી, રોપણી અને ઉછેર શરૂ કર્યા. આ રીતે ખેતી એ માનવીની બીજી ઉત્પાદન પધ્ધતિ બની. આ ઉપરાંત સ્ત્રીઓએ ઘરઆંગણે દૂધ મેળવવા પશુપાલન પણ શરૂ કર્યું. આ હતી ત્રીજી ઉત્પાદન પધ્ધતિ.

સ્થાયી જીવનની શરૂઆત થતાં જ ધીમધીમે માનવ વસાહતોમાં શ્રમ વિભાજન શરૂ થયું. શિકાર, ખેતી અને પશુપાલન ત્રણેય ઉત્પાદન પધ્ધતિઓ ઉપર પુરૂષોનું વર્ચસ્વ શરૂ થયું અને સ્ત્રીના ભાગે કુટુંબ-કબીલાની સંભાળ અને બાળઉછેરની કામગરી આવી. સ્પષ્ટ છે, સત્તા એની જ પાસે હોય જે ઉત્પાદન પધ્ધતિ ઉપર અંકુશ મેળવે. પરિણામે સ્ત્રી ઉપર પણ પુરૂષની સત્તા સ્થાપિત થવા માંડી. આ જ યુગમાં એક પુરૂષ અને અનેક સ્ત્રીઓ વચ્ચેનાં સંબંધોની શરૂઆત થઈ. એટલે કે, સ્ત્રીઓ પુરૂષની મિલકત બનવા માંડી. પુરૂષ એક કરતાં વધુ સ્ત્રીઓ સાથે લગ્ન કરતો થયો. પરંતુ સ્ત્રી એક પુરૂષ જ સાથે સંબંધ રાખી શકે એવી પ્રથાનો પ્રારંભ થયો. વધુ ઉત્પાદન કરીને એનો સાટા પધ્ધતિથી વેપાર કરવાની શરૂઆત થઈ. માણસ નાનાં – નાનાં શસ્ત્રો, સાધનો બનાવતો થયો. ઉત્પાદનનો સંગ્રહ શરૂ થયો અને પરિણામે વધુ ઉત્પાદન માટે વધુ સંતાનો-શ્રમિકો પણ પેદા કરવા માંડ્યો. સ્ત્રીની સાથે સાથે ઉત્પાદનની અધિશેષ(સરપ્લસ) (વધારાનું અનાજ, દૂધ અને સાદાં સાધનો) પુરૂષોની 'સંપત્તિ' બનવા માંડી.

આ જ બર્બરયુગમાં આ રીતે સ્ત્રીના 'સંપત્તિકરણ' અથવા 'વસ્તુકરણે' અન્ય ચીજવસ્તુઓની જેમ તેનું અને તેના શરીરનું ખરીદ-વેચાણ શરૂ થયું. પરિણામે સ્ત્રી પોતાનું વ્યક્તિત્વ ગુમાવવા માંડી અને પુરૂષને અધીન, પરાધીન થવા માંડી. આ માનવ સમાજના સંસ્કૃતિકરણનો પ્રારંભિક યુગ હતો. માનવીની સ્થાયી અને સુસંસ્કૃત થવાની શરૂઆત થઈ અને એ

પુરૂષપ્રધાન સમાજવ્યવસ્થાની શરૂઆતનો ગાળો પણ બન્યો. અને એણે આદિમયુગની આદિમાનવોના ટોળાંની માતા ગણાતી સ્ત્રીને બર્બરયુગમાં પુરૂષો અને કબીલાઓ માટે મફત – કોઇપણ પ્રકારના વળતર વિના – કામ કરતી 'ગુલામ' બનાવી.

આમ બર્બરયુગમાં પુરૂષપ્રધાન વ્યવસ્થાના પ્રારંભની સાથે જ સ્ત્રી ગૃહિણી, સંપત્તિ અને ગુલામ બની. સમાજમાં પ્રાથમિક અવસ્થામાં શરૂ થયેલી અર્થવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા અને સામાજિક-સાંસ્કૃતિક વ્યવસ્થાઓ ઉપર પુરૂષોની સત્તા અને તમામ વ્યવસ્થાઓ ઉપર પુરૂષપ્રધાનતાનાં મૂલ્યો, વલણો અને વર્તણૂંકોનો પ્રારંભ થયો; જેનો પ્રભાવ સમાજની તમામ વ્યવસ્થાઓ, માળખાંઓ ઉપર આજ સુધી કાયમ અને અડીખમ રહ્યો છે.

અંતે, આ જ બર્બરયુગમાં માનવીએ ભવિષ્યના વિજ્ઞાન અને માનવસમાજના વિકાસ માટે અગ્નિ પછીની બીજી પાયાગત શોધ કરી. એ હતું ગોળ પૈડું. જે પૈડું આગળ જતાં માનવીની રફતાર (ઝડપ) ને અનેકગણી બનાવનારું બન્યું અને અનેક સાંચા, યંત્રોની શોધ માટેનું પ્રાથમિક સાધન બન્યું.





## પ્રકરણ - 3

# સામંતયુગ અને પિતૃસત્તા

- બર્બરયુગનો અંત આવતાં જ કંઇ માનવસમાજ સામંતયુગમાં નહોતો પ્રવેશ્યો. અગાઉ આપણે જોયું એમ માનવસમાજના તમામ યુગો ઉત્પાદન પધ્ધતિ / પ્રણાલિના આધારે નિશ્ચિત થતા ગયા છે. બદલાતી અને વિકસતી ઉત્પાદનપ્રણાલિ સમાજમાં ઉત્પાદનસંબંધો (પ્રોડક્શન રિલેશન્સ) એટલે કે, ઉત્પાદન કરનાર સમુદાયો વચ્ચેના સંબંધોમાં પરિવર્તન લાવે છે. જેમ કે – આદિમ યુગમાં સૌ સાથે મળીને ઉત્પાદન (શિકાર, ફળ, કંદમૂળ એકઠાં કરવાં વગેરે) કરતાં અને જરૂરિયાત મુજબ માતા સૌને વહેંચી દેતી. બર્બરયુગમાં પુરૂષ અને સ્ત્રી બંને ઉત્પાદન કરતાં, પરંતુ ઉત્પાદન ઉપરની માલિકી અને એની વહેંચણીની સત્તા પુરૂષ પાસે આવી. વળી આ યુગમાં જરૂરત કરતાં વધુ ઉત્પાદન થવા માંડ્યું આથી પ્રાથમિક અવસ્થાનું બજાર અસ્તિત્વમાં આવ્યું. આ બંનેના કારણે અધિશેષ (સરપ્લસ – વધારાનું મૂલ્ય) હાથમાં આવવા માંડી, જેની માલિકી પુરૂષ પાસે આવી. આથી પુરૂષ સ્વામી / માલિક બન્યો અને સ્ત્રી સંપત્તિ અને ગુલામ બની.

Õ **ગુલામ યુગ**

આપણે મૂળ મુદ્દા ઉપર આવીએ. બર્બરયુગ પછી માનવ સમાજમાં

આવ્યો 'ગુલામ યુગ'. આ યુગમાં કબીલાઓ-કબીલાઓ વચ્ચે યુધ્ધો થતાં અને જીતનાર કબીલો હારેલા કબીલાઓનાં સ્ત્રી-પુરૂષોને ગુલામ બનાવતો. એ ગુલામો પાસે ઉત્પાદનનો શ્રમ કરાવતો, ગુલામોના ખરીદ - વેચાણની પ્રથા પણ આ યુગમાં અસ્તિત્વમાં આવી. આ યુગમાં ઉત્પાદન પધ્ધતિઓ પણ વિકસી. પ્રમાણમાં વધુ સ્થાયી વસવાટ કરતાં કબીલાઓમાં નાનો-મોટો કારીગર વર્ગ પેદા થવા માંડ્યો. આ જ યુગમાં માનવી માટી, લાકડું અને લોઢાનાં સાધનો, શસ્ત્રો બનાવતો થયો. આને કારણે ખેતી અને વેપારવણજ વિકસ્યાં. માનવી લાકડાં અને માટીનાં ઘરોમાં વસતો થયો. ઉપરાંત વેપાર માટે ગાડાં અને પશુગાડીઓ બનાવતો થયો. અને અંતે, જો ઉત્પાદનસંબંધોની દૃષ્ટિએ જોઈએ તો માલિક અને ગુલામના સંબંધો વધુ દૃઢ બન્યા. આ યુગમાં સ્ત્રીઓની સાથે સાથે પુરૂષો પણ ગુલામ બન્યાં. બર્બરયુગ કરતાં વધુ સ્થાયી થતા જતા માનવ સમાજમાં સ્ત્રીના ભાગે ઘરકામ, બાળ ઉછેર, પશુપાલન અને ખેતીસહાય ઉપરાંત વિકસતી જતી કારીગરીનાં કામોમાં સહાયક બનવાનું પણ આવ્યું. તો વળી ગુલામ સ્ત્રીઓના ભાગે તો માલિક માટેની કાળી મજૂર ઉપરાંત માલિકની ભોગ્યા બનવાનું પણ આવ્યું. ગુલામ સ્ત્રીનાં બાળકો પણ ગુલામ જ ગણાતાં, બનતાં.

અલબત્ત, ગુલામ યુગ ભારતના સમાજમાં સામંતયુગ આવતાં જ આથમવા માંડ્યો, પરંતુ યૂરોપના દેશોમાં એનો પ્રભાવ અને ગુલામોના ખરીદ-વેચાણની પ્રથા સામંતયુગમાં પણ સદીઓ સુધી નાબૂદ થઈ નહોતી. અલબત્ત, ભારતમાં સામંતયુગમાં ગુલામ પ્રથાને બદલે દાસ પ્રથાની શરૂઆત થઈ અને એ સદીઓ સુધી ચાલતી રહી. આ દાસ પ્રથા નીચલી ગણાતી જ્ઞાતિઓનાં લોકોની દાસ, દાસી કે ચાકર તરીકેના ખરીદ-વેચાણ અને આજીવન વગર વેતને વૈતરૂ કરાવનારી હતી, જેને આપણે બીજા શબ્દોમાં ગુલામ પ્રથા જ કહી શકીએ.





## õ સામંતયુગ અને પિતૃસત્તાનું સુદૃઢિકરણ

માનવ સભ્યતાએ ટોળાંમાં ભટકવાનું છોડીને કબીલાઓમાં વસવાટ શરૂ કર્યો એ બર્બરયુગમાં માનવ સમાજમાં સંસ્કૃતિકરણની શરૂઆત થઈ. અને એ જ પ્રક્રિયામાં પુરૂષે ઉત્પાદન પ્રક્રિયાઓ ઉપર પોતાનું આધિપત્ય (સ્વામીત્વ) જમાવવાનું શરૂ કર્યું. આ રીતે ત્યારે શરૂ થયેલી પિતૃસત્તાની ગુલામયુગમાં સ્થિર થવાની શરૂઆત થઈ; કેમ કે, એ યુગમાં વધારાનું ઉત્પાદન અને પ્રાથમિક બજારની શરૂઆત થઈ, અધિશેષ (સરપ્લસ) પેદા થવા માંડી અને કબીલાના વહીવટની, સંચાલનની પ્રાથમિક રાજયવ્યવસ્થાનો પ્રારંભ થયો. અને આ તમામ ઉપર ધીમેધીમે પુરૂષોએ કબ્જો જમાવવા માંડ્યો. સ્ત્રીઓ ધીરે ધીરે ગૃહિણી બનતી ગઈ અને ઉત્પાદનમાં સહાયક બનતી ગઈ. કબીલાના વહીવટમાં એનો હિસ્સો ઘટતો ગયો.

કબીલાઓ, બજાર અને ઉત્પાદનનો વ્યાપ વધતાં અર્થવ્યવસ્થા અને રાજયવ્યવસ્થાને માટે બદલાવું અત્યંત જરૂરી બની ગયું. હવે માનવસમાજને વધુ ઉત્પાદનની જરૂરત ઊભી થઈ. એણે ખેતીને વિકસાવવા નવાં નવાં ઓજારો બનાવવા માંડ્યાં. નવાં બજારોની શોધમાં દૂર દૂર સુધી ઘોડા, ઊંટ જેવાં પશુઓનો ઉપયોગ અને એ વધુ માલસમાન લઈ જઈ - લાવી શકે એવાં સાધનો વિકસાવવા માંડ્યાં. કબીલાઓ-કબીલાઓ વચ્ચેનાં યુદ્ધો વધવા માંડ્યાં, આથી નવાંનવાં શસ્ત્રો-આયુધો બનાવવાં શરૂ કર્યાં. રક્ષણ માટે નગરોને ફરતાં કિલ્લા અને ખાઈઓ બનાવવા માંડી. કબીલા મટીને રજવાડાં બનતાં રાજય વ્યવસ્થાની જરૂરિયાતો વધતી ગઈ. રાજાઓએ રક્ષણ અને આક્રમણો માટે સૈન્ય બનાવવા માંડ્યું. નગર વ્યવસ્થા માટે કર ઉઘરાણીની શરૂઆત થઈ, પ્રાથમિક અવસ્થાના ન્યાયતંત્રની અથવા તો ન્યાય વ્યવસ્થાની શરૂઆત થઈ.

આ રીતે ધીમે ધીમે જટિલ બનતી જતી અર્થવ્યવસ્થા અને

રાજ્યવ્યવસ્થાઓની સાથે સાથે માનવસમાજની સંસ્કૃતિકરણની પ્રક્રિયા પણ પલટાવા માંડી. માનવજીવન વધુ સંઘર્ષમય બન્યું. એ સંઘર્ષો વચ્ચે આગળ વધવા એણે ઈશ્વર અને ધર્મનો આશરો શોધવા માંડ્યો અને તેની અંદરના કેટલાંક ચાલાક અને સત્તાલોલૂપ તત્ત્વોએ ધર્મોનું સંસ્થાકરણ કરવું શરૂ કર્યું.

અહીં આપણે નોંધવું જોઇએ કે, આદિમ અને બર્બરયુગ દરમિયાન પ્રકૃતિથી ડરતો અને અનેક પ્રકારની કુદરતી આપત્તિઓમાંથી બચવાના રસ્તા શોધતાં માનવીએ પ્રકૃતિનાં જ અનેક તત્ત્વોને દૈવી માની એનો કોપ શમાવવા નાનાંમોટાં વિધિવિધાનો, પૂજા અર્ચનાની પધ્ધતિઓ બનાવી હતી; પરંતુ એ તદ્દન પ્રાથમિક અને એ યુગો માટે સહજ હતી. સામંતયુગમાં જે પ્રકારે ધર્મો અને ધર્મ સંસ્થાઓ બની એ સત્તાકેન્દ્રોના રૂપમાં હતાં; કેમ કે, એ ધર્મો અને ધર્મ સંસ્થાઓએ ઈશ્વરના નામે આદેશો અને આજ્ઞાઓ આપવા માંડી. માનવ અને સમાજજીવન માટેની આચારસંહિતાઓ ઘડવા માંડી અને એની અવમાનના કે એની સામે સવાલ કરનારને ક્રૂર અને અમાનવીય સજાઓ ફરમાવવા માંડી.

આજે – એકવીસમી સદીના માનવસમાજમાં જે કોઇ ધર્મો અને ધર્મ સંચાલનનાં સંસ્થાનો છે, તે તમામની શરૂઆત સામંતયુગમાં થઇ હતી. આજે પણ આપણે દુનિયાભરના જનમાનસમાં ધર્મો અને ધર્મ સંસ્થાનોના નીતિનિયમો અને આચાર સંહિતાઓની જેટલી ઘેરી અને ઊંડી અસરો જોઇએ છીએ અને આજે પણ ધર્મના નામે ફેલાવાયેલ ઈશ્વરનો ડર અને પાપ-પુણ્યના ખ્યાલોનો ઊંડો પ્રભાવ માનવસમાજ ઉપર જોઇએ છીએ; તો સમજી શકાય એવું છે કે, સામંતયુગમાં એ ધર્મો અને ધર્મસંસ્થાનોના નીતિનિયમો અને આચાર સંહિતાઓનો ડર કેવો અને કેટલો પ્રબળ હશે, તે સમયના જનમાનસ ઉપર?

બર્બરયુગથી શરૂ થયેલ અને ગુલામયુગમાં સ્થિર થવા માંડેલ પિતૃસત્તાનાં મૂલ્યો, વલણો અને વર્તણૂંકોને સામંતયુગમાં શરૂ થયેલ ધર્મો, ધર્મ સંસ્થાનો,





વિકસતી માનવ સભ્યતાએ તથા સામંતી રાજ્ય વ્યવસ્થા અને અર્થવ્યવસ્થાએ વધુને વધુ દૃઢ બનાવવા માંડી. રાજયવ્યવસ્થા અને અર્થવ્યવસ્થામાંથી સ્ત્રીની ભૂમિકા પૂરેપૂરી રીતે નાબૂદ કરી દેવાઇ. ધર્મો અને ધર્મસંસ્થાનોએ સ્ત્રીને સામાજિક-સાંસ્કૃતિક રીતે પુરૂષ કરતાં નીચી, હીણી અને પુરૂષને અધીન રહેનારી બનાવી દીધી.

આટલી ભૂમિકા ઉપરથી સ્પષ્ટ થાય છે કે, સામંતયુગમાં માનવ સભ્યતાએ જે વિકાસ કર્યો એના કારણે માનવ સમાજમાં ત્રણ મહત્વના ફેરફારો આવ્યા, જેની અસરો આજે, જ્ઞાનપ્રકાશ યુગ, મૂડીવાદી અર્થવ્યવસ્થા, પ્રજાતાંત્રિક રાજ્ય વ્યવસ્થાઓ અને વીસમી સદીની સમાજવાદી શાસન પધ્ધતિઓના પ્રયોગો પછી પણ આપણા જનમાનસ પર ઘણી વ્યાપક અને ઘેરી જોવા મળે છે.

1. સામંતયુગી અર્થવ્યવસ્થામાં સમાજ બે વર્ગોમાં વહેંચાયો. અમીર અને ગરીબ. બીજી રીતે કહીએ તો, સમાજની સંપત્તિઓ ઉપર અમીર વર્ગના લોકો – એટલે કે, રાજાઓ, જમીનદારો, શ્રેષ્ઠિઓ (વેપારીઓ) અને ધર્મગુરૂઓ તથા ધર્મસંસ્થાનોના વડાઓ - નો કબ્જો થવા માંડ્યો અને ગરીબ વર્ગના લોકો– એટલે કે, ખેતરોમાં વેઠ કરતાં લોકો, સૈન્યમાં યુધ્ધો કરતાં સૈનિકો, ચાકરો, સેવકો, નાનાંનાનાં કારીગરો, શ્રમિકો - ના ભાગે સંપત્તિના ઉત્પાદનમાં શ્રમ કરવાની જવાબદારી આવી. અમીરો સત્તાધારી બન્યા અને ગરીબો સત્તાધીન.

સ્વાભાવિક રીતે જ એ સમયની સ્ત્રીઓ પણ બે વર્ગોમાં વહેંચાઇ ગઇ. અર્થવ્યવસ્થાની દૃષ્ટિએ બેમાંથી એકપણ વર્ગની સ્ત્રી પાસે આર્થિક સત્તા તો હતી જ નહીં; પરંતુ ગરીબ વર્ગની સ્ત્રીઓની દૃષ્ટિએ જોઇએ તો સામંતી અર્થવ્યવસ્થાએ સ્ત્રીની શ્રમશક્તિને મૂલ્યવિહીન બનાવી દીધી. પરિવારના વ્યવસાયો- જેમ કે, ખેતી, પશુપાલન, સોનીકામ, સુથારીકામ, લુહારીકામ, કાપડવણાટ, દરજીકામ, વગેરે - માં સહાયભૂત

થતી અથવા શ્રમ કરતી મહિલાના શ્રમનું નાણાંમાં રૂપાંતર થતું નહીં; એટલે કે એના શ્રમનું એને કોઇ વળતર મળતું નહીં. એ કામ ઉપર પુરૂષનો કબ્જો રહેતો થઇ ગયો.

2. સામંતયુગી રાજયવ્યવસ્થામાં અમીર વર્ગની સ્ત્રીઓને કોઈપણ પ્રકારની સત્તા મળતી નહીં. અલબત્ત, એ વર્ગની સ્ત્રીઓને કારણે યુધ્ધો અને દ્વંદ્વયુધ્ધો થતાં, પરંતુ એનાં મૂળ સામંતયુગે વિકસાવેલ અને દ્રઢ કરેલ પિતૃસત્તાના સામાજિક - સાંસ્કૃતિક મૂલ્યો અને વલણોમાં હતાં. જ્યારે બીજી તરફ ગરીબ વર્ગની સ્ત્રીઓ માટે તો રાજયવ્યવસ્થામાં કોઇ ભૂમિકા જ રહી નહોતી. આ દૃષ્ટિએ જોતાં, સામંતયુગની રાજયવ્યવસ્થા ઉપર પિતૃસત્તાક મૂલ્યો, વલણોએ એક હથ્થુ સત્તા જમાવી દીધી.

3. સામંતયુગમાં વિકસેલાં અને વિકસાવાયેલાં સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો, વલણોએ પિતૃસત્તાત્મક વ્યવસ્થાને એક ખતરનાક વળાંક આપ્યો અને એની અસરો આજે પણ સમાજના બંને વર્ગની સ્ત્રીઓ સંદર્ભે આપણને સ્પષ્ટપણે જોવા મળે છે. એ સમયમાં દ્રઢ થયેલ પિતૃસત્તાએ અમીર વર્ગની સ્ત્રીઓ માટે એક પ્રકારનાં દંભી અને બેવડાં મૂલ્યો, વલણો અખત્યાર કર્યાં અને ગરીબ વર્ગની સ્ત્રીઓ માટે જબરદસ્ત શોષણકર્તા, દમનકારી અને હિંસક મૂલ્યો, વલણો અખત્યાર કર્યાં. પિતૃસત્તાત્મક વ્યવસ્થાના આ ખતરનાક સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો, વલણો પાછળ ત્યારની અર્થવ્યવસ્થા, રાજયવ્યવસ્થાની સાથેસાથે ધર્મો અને ધર્મસંસ્થાનોનો ફાળો સૌથી વધારે હતો. કેમ કે, સમાજવ્યવસ્થા અને સાંસ્કૃતિક વ્યવસ્થાની સત્તા આ યુગમાં ધર્મસંસ્થાનો પાસે લગભગ સંપૂર્ણપણે આવી ગઇ હતી.

આટલી ચર્ચા પરથી સ્પષ્ટ સમજાય છે કે, સામંતયુગે પિતૃસત્તા અથવા તો પુરૂષપ્રધાન વ્યવસ્થાને એટલી બધી મજબૂત બનાવી દીધી કે, એણે





સમાજનાં તમામ ક્ષેત્રો, વ્યવસ્થાઓમાં પુરૂષોનું આધિપત્ય અથવા પુરૂષોની સત્તા લગભગ 'અફર' બનાવી દીધી. એણે પિતૃસત્તાત્મક મૂલ્યો, વલણો એવી રીતે અને એવાં વિકસાવ્યાં કે પાછળથી બદલાયેલી અર્થવ્યવસ્થાઓ અને રાજયવ્યવસ્થાઓ આજ સુધી એમાં આમૂલ પરિવર્તન લાવી નથી શકી. એટલે કે, એણે સ્ત્રી-પુરૂષ વચ્ચેના સામાજિક-સાંસ્કૃતિક ભેદભાવો એટલા ઊંડા બનાવી દીધા કે, માનવ મુક્તિ માટેની આમૂલ સાંસ્કૃતિક ક્રાંતિ સિવાય એને પલટાવી ના શકાય. કેમ કે, સામંતીયુગનાં મૂલ્યો, વલણોએ માત્ર પુરૂષોને જ નહીં, સ્ત્રીઓને પણ લગભગ વશીભૂત કરી દીધી હતી અને એનો પ્રભાવ સ્ત્રીઓ ઉપર આજે પણ જોવા મળે છે.

આપણે અગાઉ વાત કરી કે, સામંતી વ્યવસ્થાએ પિતૃસત્તાક મૂલ્યો, વલણોને એક ખતરનાક વળાંક આપ્યો અને એણે અમીર વર્ગની સ્ત્રીઓ માટે એક પ્રકારની મૂલ્યવ્યવસ્થા અને ગરીબ વર્ગની સ્ત્રીઓ માટે બીજા પ્રકારની મૂલ્યવ્યવસ્થા વિકસાવી. આ ઉપરાંત એણે અમીર અથવા ઉપલા વર્ગની અથવા સત્તાધારી કુળની સ્ત્રીઓ માટે પણ બેવડાં અને દંભી તથા ચાલાકીભર્યાં પરંતુ સ્ત્રીનાં વ્યક્તિત્વને લગભગ નામશેષ કરી દેનારાં મૂલ્યો વિકસાવ્યાં. ઉપલા વર્ગની અથવા ઉચ્ચકુળની સ્ત્રીઓ માટે સામંતયુગની પિતૃસત્તાએ વિકસાવેલાં મૂલ્યો અને એને કારણે ગૂંગળાતી સ્ત્રીઓનો અંદાજ આપણને વર્તમાન ગુજરાતના પ્રખર જનવાદી કવયિત્રી અને સાંસ્કૃતિક કર્મશીલ તેમજ આ પુસ્તિકાના સહ લેખક, ડો. સરૂપ ધ્રુવના એક ગીતની આ કેટલીક કડીઓ ઉપરથી સ્પષ્ટ સમજાઇ શકે એમ છે

1) જનમી તો પગે નાંખી રૂપેરી ઝાંઝરી,
કેડમાં કંદોરો, કંઠે સોનાની હાંસડી,
હાથે પગે નાકે કાને હીરલા મોતીથી મઢી,
નાથવાને અંગેઅંગ છેદ્યાં રે, સાહેલડી...

2) ગઢમાં પૂરીને ઝીણી જાળીઓ મેલાવી'તી,
ઘૂમટે ઢાંકીને મને સુંદરી બનાવી'તી,
ઓરડે ગાંધીને પછી હિંડોળે ઝૂલાવી'તી,
ચાવીઝૂડો સોંપી દ્વારા વાસ્યાં રે, સાહેલડી...

3) નીચી આંખ, હળવી ચાલ, શિયાળની શી પૂતળી,
વ્રત, ઉપવાસ, ગોર્યો, ત્રીજ ને ફૂલકાજળી,
કુળની મર્યાદા મારે, ઈશ્વરની આણ વળી,
હૈયે મારે પાપ-પુણ્ય લાદ્યાં રે, સાહેલડી...

4) કહે છે દેવી – પતિવ્રતા, માતા કહી પૂજા કરે,
રાધા કહી ભક્તિ કરે, સીતા કહી સતી ગણે,
કરી અપમાન, જૂઠાં માનપાન પદવી દે,
ચ્હેરો ભૂંસી, મ્હોરાં પહેરાવ્યાં રે, સાહેલડી...

સામંતયુગની પિતૃસત્તાએ ઉચ્ચકુળની, અમીર વર્ગની સ્ત્રીઓ માટે આ મૂલ્યો અને વલણો દૃઢ કર્યાં અને દરેક કડીની અંતિમ પંક્તિમાં વ્યક્ત થતી એ વર્ગની સ્ત્રીઓની વેદના અને એનાં હૃદયમાં ધરબાયેલો રોષ સ્પષ્ટ કરે છે કે, એ સમયની પિતૃસત્તા અમીર વર્ગની સ્ત્રીઓ ઉપર કેટલી ચાલાકીથી શોષણકર્તા મૂલ્યો થોપી રહી હતી.

સામંતયુગમાં પિતૃસત્તાએ એક તરફ કહેવાતા ઉચ્ચકુળની સ્ત્રીઓને કુળ, સમાજ અને રજવાડાંની ઈજ્જત બનાવી એનો ચ્હેરો, એનું આગવું વ્યક્તિત્વ ભૂંસી નાંખ્યું અને એને બદલે એને પિતૃસત્તાનાં મૂલ્યોનું શોષણકારી મ્હોરું પહેરાવી દીધું. એને પોતાનાં 'સ્વત્વ' (પોતાનાપણાં) થી દૂર કરી, પોતાની સોગઠાબાજીનું સોગઠું અથવા શતરંજનું પ્યાદું બનાવી





દીધી. તો બીજી તરફ ગરીબ વર્ગની, કહેવાતા નીચા કુળની સ્ત્રીઓને એણે પુરૂષની જાતીયતા સંતોષવાનું સાધન માત્ર બનાવીને એને હલકી, ગમાર, વેશ્યા તરીકે સ્થાપિત કરી દીધી. એ સમુદાયની સ્ત્રીની માત્ર ઈજ્જત જ નહીં, એનું 'સ્વ-માન' અને 'સ્વ-ભાન' બંને, એ સમયની પિતૃસત્તાએ લગભગ પૂરેપૂરાં ચગદી નાંખ્યાં.

સામંતયુગની પિતૃસત્તાએ આપેલાં આ મૂલ્યો અને વલણોની વાત અહીં પૂરી કરતાં પહેલાં એ સમયના ભારતીય ઉપખંડમાં બ્રાહ્મણ ધર્મે (આજના હિન્દુધર્મે) વિકસાવેલી એક સામાજિક-સાંસ્કૃતિક આચારસંહિતા અને નીતિનિયમોની પ્રણાલિ ઉપર નજર નાંખી દઈએ. એ પ્રણાલિએ સમગ્ર સમાજને અમીર અને ગરીબને બદલે ઊંચા અને નીચા કુળમાં વહેંચી દીધો અને એણે બંને કુળના લોકો માટે નિશ્ચિત પ્રકારના શ્રમવિભાજનનું નામ આપીને સમાજની તમામ પ્રકારની વ્યવસ્થાની સત્તા ઊંચા કુળનાં પુરૂષોના હાથમાં આપી દીધી અને નીચા કુળની સ્ત્રીઓના તમામ પ્રકારના શોષણનો પરવાનો બાકીના આખા સમાજને આપી દીધો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને નીચા કુળનાં વર્ણો એટલે શૂદ્ર (પછાત) અને પંચમ (દલિત). આ વર્ણાશ્રમ બનાવનાર હતા ઋષિ મનુ. આ વર્ણવ્યવસ્થાનો પ્રભાવ હિંદુ અને સમગ્ર ભારતીય ઉપમહાદ્વીપની વિવિધ ધાર્મિક, સાંપ્રદાયિક સંસ્કૃતિઓ ઉપર વ્યાપક અને અનેક પરિમાણોમાં જોવા મળે છે; પરંતુ એમાંનાં પિતૃસત્તાત્મક મૂલ્યો, વલણો સમગ્ર સમાજને- તમામ વર્ણના સ્ત્રી-પુરૂષો બંનેને - પ્રભાવિત કરનાર અને સ્ત્રીઓનું માનવી તરીકેનું અસ્તિત્વ બિલકુલ નેસ્તનાબૂદ કરી દેનારાં છે.

અંતે, સામંતયુગ સંદર્ભે આપણે એટલું જરૂર નોંધવુ જોઈએ કે, એણે અમીર-ગરીબ, સ્ત્રી-પુરૂષ, ઊંચ - નીચ, સત્તાધારી-સત્તાધીન, શોષક-શોષિત વચ્ચેનાં ભેદોને એવી દમનકારી રીતે વકરાવ્યાં કે, એની સામેના વિદ્રોહની જમીન વધુને વધુ પાકટ બનતી ગઈ. અને ઈસુ પછીની ચૌદમી-પંદરમી સદી આવતાં સુધીમાં એની વિરૂધ્ધના બળવાની અને ક્રાંતિની

મશાલો વધુ ને વધુ બળવત્તર થવા માંડી. એ મશાલો હતી -જ્ઞાનપ્રકાશની, મૂડીવાદની, પ્રજાતંત્રની,વિજ્ઞાનની અને તાર્કિકતાની - સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને સન્માન માટેની.





## પ્રકરણ - 4

# બર્બરયુગ, ગુલામયુગ અને સામંતયુગમાં ભારતમાં પિતૃસત્તા સામે વિદ્રોહના પ્રયાસો

આપણા દેશના ઈતિહાસમાં આપણે સામંતયુગથી પરિચિત છીએ પરંતુ માનવ સભ્યતાના બર્બરયુગ, ગુલામયુગને આપણે વેદકાળ, પુરાણકાળ, સ્મૃતિકાળ જેવાં નામોથી જાણીએ છીએ. બીજું આપણે એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે, આપણે ત્યાં લેખિત ઈતિહાસની પરંપરા ઘણી પાછળથી શરૂ થઈ. તેથી એ તમામ કાળ વિશેની વિગતો આપણને તે સમયના મૌખિક સાહિત્યમાંથી જ મળે છે. એ સાહિત્ય છે – વેદ, ઉપનિષદ, પુરાણ, રામાયણ-મહાભારત જેવાં મહાકાવ્યો વગેરે. આ તમામ સાહિત્યમાંથી જે જે સમયે પિતૃસત્તા સામે ક્યા મુદ્દે અને કેવી રીતે વિદ્રોહની જ્વાળાઓ પ્રગટી છે, તેનાં સૂચિતાર્થો અને પુરાવા મળે છે. અને ત્રીજી મહત્ત્વની બાબત એ કે, યૂરોપમાં પંદરમી સદીથી જ્ઞાનપ્રકાશ યુગ શરૂ થયો અને સોળમી, સત્તરમી સદી સુધીમાં સામંતી વ્યવસ્થાનું સ્થાન મૂડીવાદે લેવા માંડ્યું. જ્યારે આપણે ત્યાં સોળમી સદીમાં ભક્તિયુગનું આંદોલન શરૂ થયું, પરંતુ એનો દાયરો સીમિત હતો અને સત્તરમી સદીથી આપણો દેશ સંસ્થાન(ગુલામ) બનવાની પ્રક્રિયા શરૂ થઈ. અને અઢારમી સદીમાં આપણે પૂર્ણસ્વરૂપે બ્રિટનનું સંસ્થાન બની ગયાં. આથી આપણે ત્યાં અર્ધદગ્ધ અને સીમિત સ્વરૂપની મૂડીવાદી અને

આધુનિકતાની ચેતનાનો આરંભ છેક ઓગણીસમી સદીમાં શરૂ થયો. આથી આ પ્રકરણમાં આપણે ભક્તિયુગ સુધી આપણે ત્યાં પિતૃસત્તા સામે વિદ્રોહના જે પ્રયાસો થયા એનો આછો ચિતાર મેળવીશું.

પિતૃસત્તાએ બર્બરયુગથી જ સ્ત્રીઓને શારિરીક અને માનસિક રીતે અબળા બનાવવાના અને એના સ્વત્ત્વને ખતમ કરવાનાં જે કારસા શરૂ કરેલા એની સામે શરૂઆતથી જ વિદ્રોહની મુઠ્ઠીઓ ઉંચકાતી રહેલી, વીંઝાતી રહેલી.

1. વેદો, પુરાણોમાં આપણને ગાર્ગી, મૈત્રેયી, અપાલા, ઘોષા જેવી વિદ્રોહી અને તેજસ્વી સ્ત્રીઓના ઉદાહરણો મળે છે. તેઓ 'બ્રાહ્મવાદિની' કહેવાતી હતી. તેમણે તે સમયના જ્ઞાની પુરૂષો, ઋષિઓની જેમ જ તત્વજ્ઞાન, અધ્યાત્મ, ભાષા જેવાં ગંભીર, ગહન વિષયોનો અભ્યાસ કરેલો અને જ્ઞાનનો અધિકાર શા માટે એકલા પુરૂષો પાસે જ હોઇ શકે, એમ કહીને ઋષિઓ સામે એમની સાથે વાદ-વિવાદ કરવાનો પડકાર ફેંકેલો; પરંતુ ઋષિઓએ કોઇ નક્કર કારણ આપ્યા વિના જ એમનું અપમાન કરીને, પુરુષસહજ અહંકારને કારણે એમની સાથે વાદ-વિવાદ-ચર્ચા કરવનો નન્નો ભણી દીધો હતો. તે જ સાહિત્યમાંથી એવા પણ પુરાવા મળે છે કે, ત્યારના સમાજે 'બ્રાહ્મવાદિનીઓ'નો કેવો અને કેટલો ઉગ્ર વિરોધ કરેલો.

2. પ્રાચીન કાળમાં રચાયેલ 'રામાયણ' અને 'મહાભારત' જેવાં મહાકાવ્યોમાં કવિઓએ કેટલાક પ્રસંગો અને એ ઘટનાઓ પ્રત્યે કેટલાંક સ્ત્રી પાત્રોનો પ્રતિભાવ જે રીતે રજૂ કર્યો છે – એ પણ તે સમયની પિતૃસત્તાત્મક રાજયવ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થા, લગ્ન વ્યવસ્થા અને સ્ત્રી-પુરૂષ સંબંધો વિશે પાયાના સવાલો ઉઠાવે છે, પિતૃસત્તા સામે પડકાર ફેંકે છે. જેમ કે, પોતાના હક્ક માટે કૈકેયીએ બતાવેલો ઉગ્ર મિજાજ, સીતાની અગ્નિપરીક્ષા, રામે કરેલો સીતાનો ત્યાગ, સીતાનો ધરતી પ્રવેશ, દ્રૌપદીએ ભરી સભામાં વડીલોને ફેંકેલો પડકાર વગેરે.





3. બ્રાહ્મણ ધર્મ (હિન્દુ ધર્મ) ની સામે વિરોધ જગવીને અસ્તિત્વમાં આવેલ જૈન અને બૌધ્ધ ધર્મે નવા સિધ્ધાંતો, નવી વિચારસરણીવાળા ધર્મો રચ્યા અને એમાં સ્ત્રીઓને સાધ્વી બનવાનો અધિકાર આપ્યો, પરંતુ એ અધિકાર પુરૂષ સાધુઓના ગુરૂપદ હેઠળ જ માન્ય રાખ્યો. બૌધ્ધ સાધ્વીઓ- 'થેરી'ઓ એ આજથી અઢીએક હજાર વર્ષ પૂર્વે રચેલાં કાવ્યોમાં સ્ત્રી સાધ્વીઓના એ બંધનો વિશેના સવાલો, પડકારો અને એમની ભાવનાઓનો હ્રદયસ્પર્શી ચિતાર આપણને જોવા-અનુભવવા મળે છે.

4. સોળમી સદીથી ભારતમાં શરૂ થયેલ 'ભક્તિ આંદોલન' જેને આપણે 'ધર્મ સુધાર' આંદોલન પણ કહી શકીએ; એ આંદોલનમાં કેટલીક ભક્ત કવયિત્રીઓએ પણ પિતૃસત્તા, ધર્મસત્તા, રાજ્યસત્તા સામે વિદ્રોહ કરીને ઘણા સવાલો, પડકારો ખડા કર્યા. આવાં કેટલાંક સ્ત્રી સંત અથવા ભક્ત કવિઓની વાત કરીએ તો મીરાંબાઇએ રજવાડી ઠાઠમાઠ છોડીને, વૈધવ્યનાં બંધનો ફગાવીને, સાસરીના શૈવ-શાક્ત સંપ્રદાય ત્યજીને અને પિયરના વૈષ્ણવ સંપ્રદાયને અનુસરીને કૃષ્ણ ભક્તિનાં પદો રચ્યાં, ગાયાં, તીર્થ યાત્રાઓ કરી અને લાજશરમના બંધનો નેવે મૂકીને કૃષ્ણપ્રેમમાં એકાકાર થઇ ગયાં.

કાશ્મીરની યોગિની લલ્લ દેદે વનોમાં અલગારીપણે એકલાં વિહાર કર્યો, સાધના કરી, ભક્તિ પદો રચ્યાં અને ગાયાં. દક્ષિણની મહાદેવી અક્કા, આંડલ જેવી સંત સ્ત્રીઓએ બ્રાહ્મણવાદની જંજીરો ફગાવી પદયાત્રાઓ કરી અને ગામેગામ પ્રેમભક્તિની ચિંગારી જલાવી. જનાબાઇ, મુક્તાબાઇ જેવી મહારાષ્ટ્રની સંત સ્ત્રીઓએ પણ કુટુંબવ્યવસ્થા અને ધાર્મિક જડતા સામે બંડ જગાવ્યું.

જો કે અગાઉ વાત કરી એ મુજબ આ ઉદાહરણો ખૂબ ઓછાં અને વ્યક્તિગત છે. 'ભક્તિયુગ'નો વિદ્રોહ સીમિત હતો. એણે દેશભરમાં આમ લોકોને સાંકળતું કોઇ આંદોલન નહોતું છેડ્યું. વળી એ વિદ્રોહોમાં વ્યક્તિગત સાહસ વધારે હતું. એમાં પિતૃસત્તા, જ્ઞાતિવ્યવસ્થા, રાજકીય વ્યવસ્થા, અને અર્થવ્યવસ્થા સામેનો વ્યાપક વિરોધ નહોતો કે શોષણકારી, અન્યાયકર્તા સાંસ્કૃતિક મૂલ્યો સામે સમાજનાં શોષિત, પીડિત સમુદાયો કે માત્ર સ્ત્રી સમુદાયની જ વ્યાપક મુક્તિ માટેની કોઇ હાકલ પણ નહોતી. અને છતાં, અલબત્ત, એ પિતૃસત્તાક મૂલ્યો, જડ ધાર્મિક હઠાગ્રહોની યથાસ્થિતિ (સ્ટેટસ્કો) સામે વિંઝાયેલી વિદ્રોહની મુઠ્ઠીઓ જરૂર હતી. મહત્ત્વનું એ પણ છે કે, એ સ્ત્રીઓની મુઠ્ઠીઓ હતી.





## પ્રકરણ - 5

# આધુનિકતાનો પ્રારંભ અને માનવમુક્તિની ચેતનાની ચિનગારી

પંદરમી સદીથી યુરોપમાં શરૂ થયેલ જ્ઞાનપ્રકાશ યુગની મથામણો અને સંઘર્ષોએ, એ પછીની ચાર જ સદીમાં સમગ્ર માનવસમાજમાં આધુનિકતાના અને માનવમુક્તિના ખ્યાલને એટલી હદે સાકાર કરી બતાવ્યો કે, માનવ સંસ્કૃતિનાં દસ હજાર વર્ષના વિકાસના ખ્યાલને ધરમૂળથી બદલી નાંખ્યો. આધુનિકતા માટેનું એ આંદોલન આજે એકવીસમી સદીમાં પણ અધૂરું છે; પણ એણે, સ્થાપિત આર્થિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થાઓને ઉથલાવવાની અને સાર્થક માનવ મુક્તિ માટેની દિશા અને ચેતના સમગ્ર માનવ સમાજને જરૂર ચીંધી દીધી છે.

જ્ઞાનપ્રકાશ યુગનો પ્રારંભ વિજ્ઞાન અને તર્કના આધારે ધર્મસત્તા (ચર્ચની સત્તા) સામે વિદ્રોહથી થયો. એનો પ્રભાવ તે સમયની આર્થિક, રાજકીય અને સામાજિક ધરાતલ ઉપર પડયો. અને એ ત્રણેય પ્રકારની વ્યવસ્થાઓમાં આમૂલ પરિવર્તનો આવ્યાં. યૂરોપમાં સામંતી અર્થવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા નેસ્તનાબૂદ થઇ ગઇ અને એનું સ્થાન પ્રગતિશીલ અર્થવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા – એટલે કે, મૂડીવાદ અને પ્રજાતંત્ર અથવા લોકશાહીએ લીધું. સામાજિક, સાંસ્કૃતિક દૃષ્ટિએ જોઇએ તો યૂરોપ

અને પછી અમેરિકામાં ધર્મસત્તા (ચર્ચ) એ આપેલી સામાજિક-સાંસ્કૃતિક આચારસંહિતાઓ અને નીતિનિયમો સામે વિદ્રોહનું વાવાઝોડું ફૂંકાયું અને વિજ્ઞાન તથા તર્ક આધારિત સામાજિક – સાંસ્કૃતિક સંરચનાઓ અને માનવસંબંધો, સામુદાયિક સંબંધોનાં મૂળિયાં દઢ થવા માંડયાં. સમગ્ર વિશ્વમાં વિવિધ પ્રકારની મુક્તિ માટેની ક્રાંતિઓની શરૂઆત થઇ અને ઘણીબધી ક્રાંતિઓ સાકાર પણ થઇ.

યૂરોપમાં જ્ઞાનપ્રકાશ યુગના પ્રારંભની પશ્ચાદ્ભૂ ઉપર નજર નાંખીએ તો સૌ પ્રથમ તો નજરે પડે છે – સામંતયુગનો અંધકાર અને જનમાનસ ઉપર ધર્મ (ચર્ચ) નું એકચક્રી શાસન. સામંતો (ઉમરાવો)નાં વલણો વર્તનોમાં સત્તાનો મદ અને શ્રમિકો, ગુલામો અને શોષિત સમુદાયો (સ્ત્રીઓ સુધ્ધાં) માં ધરબાયેલો અપાર આક્રોશ. ઇતિહાસ સાક્ષી છે કે, શોષણ અને અત્યાચારો જ્યારે હદ વટાવી જાય છે, ત્યારે પરિવર્તનની જ્વાળા ભભૂકી ઊઠે છે અને એક પ્રકારની અરાજકતાનું વાતાવરણ સર્જાય છે. એ અરાજકતા તે સમયના વાતાવરણને લગભગ બદલી નાંખે છે, ડહોળી નાંખે છે; અને એમાંથી સર્જાય છે, નવું વાતાવરણ, નવો વાસ્તવ. બીજી પણ એક હકીકત છે, ઉત્પાદનનાં સાધનો અને / અથવા ઉત્પાદનસંબંધો જ્યારે સમગ્ર સમાજની ઇચ્છાઓ, અપેક્ષાઓ અને જરૂરિયાતોને સંતોષવામાં નિષ્ફળ જવા માંડે છે, ત્યારે તેને બદલવાના રસ્તાઓ શોધાય છે. અને એ રસ્તાઓ માનવસમાજને ક્રાંતિ સુધી અથવા તો કહો કે, નવાં ઉત્પાદન સાધનો અને તેના દ્વારા પેદા થતા નવા પ્રકારના ઉત્પાદન સંબંધો સુધી લઇ જાય છે.

પંદરમી સદીમાં યૂરોપની આ જ વાસ્તવિકતાઓ હતી. વાતાવરણ અત્યંત તંગ અને અંધકારભર્યું હતું. નવાં ઉત્પાદન સાધનોની ખોજની કોશિશો ચાલી રહી હતી. એ કોશિશો વૈજ્ઞાનિકો અને પ્રબુદ્ધ ચિંતકોને ધીરે ધીરે પ્રકૃતિના નિયમો અને એની હકીકતો, સત્યો સુધી લઇ ગઇ. અને બસ, વિકસવા માંડયું વિજ્ઞાન, સમજાવા માંડયા પ્રકૃતિના નિયમો. આ નવી





સમજ અને સત્યોએ એકસાથે બે કામ કર્યાં. એક તો – ચર્ચ (ધર્મ) દ્વારા ઇશ્વરની આ દુનિયા વિશે જે ભ્રમો અને ગેરસમજો ફેલાવાઇ હતી એની સામે વિજ્ઞાને પ્રકૃતિના સત્યોને અને સિધ્ધાંતોને લઇને સવાલો શરૂ કર્યા. જેમ કે- ચર્ચ કહેતું હતું કે, પૃથ્વી બ્રાહ્માંડનું કેન્દ્ર છે. સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે, વગેરે વગેરે. વિજ્ઞાને એની સામે પુરાવાઓ અને સિધ્ધાંતો સાથે સવાલો કર્યા. પૂરવાર કર્યું કે, બ્રાહ્માંડનું કેન્દ્ર પૃથ્વી નથી, સૂર્ય પૃથ્વીની આસપાસ નહીં, પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. આમ ધર્મની એકહથ્થુ સત્તા ઉપર એક તરફ સવાલો શરૂ થયા.

તો સાથેસાથે વિજ્ઞાને પ્રકૃતિના જે નિયમો વૈજ્ઞાનિકોને સમજાવ્યા, અથવા તો કહો કે, વૈજ્ઞાનિકોએ પ્રકૃતિનાં જે નિયમો અને સિધ્ધાંતો શોધ્યા એને આધારે ધીમે ધીમે યંત્રો બનવાની શરૂઆત થઇ. અને એ યંત્રો નવા પ્રકારનાં ઉત્પાદન સાધનો બન્યાં. એ સામંત યુગનાં સાધનો કરતાં ઓછા શ્રમે વધુ ઉત્પાદન આપતાં હતાં. પરિણામે વિજ્ઞાનને કારણે બે ક્રાંતિઓ લગભગ સમાંતરે શરૂ થઇ. એક તરફ ધર્મના સત્યોની સામે વિજ્ઞાનકેન્દ્રી જ્ઞાનપ્રકાશની અથવા કહો કે, આધુનિકતાની અને બીજી તરફ યંત્રોને આધારે ઔદ્યોગિક ક્રાંતિ. ઔદ્યોગિક ક્રાંતિ યૂરોપને સામંતયુગથી મૂડીવાદ સુધી લઇ ગઇ; અને મૂડીવાદ ઉત્પાદન સંબંધોમાં આમૂલ પરિવર્તન સુધી લઇ ગયો. ઉદ્યોગોને મોટા પ્રમાણમાં મૂડી જોઇએ અને મોટાં થતાં જતાં યંત્રોને મોટા પ્રમાણમાં મજૂરો. આપણે અગાઉ જોયું કે, સામંત યુગમાં બે વર્ગો અસ્તિત્વમાં આવ્યા હતા – અમીર અને ગરીબ. મૂડીવાદમાં એ વર્ગોનું સ્વરૂપ બદલાયું – માલિકો (મૂડીપતિઓ) અને મજૂરો (કામદારો).

આધુનિકતાએ આણેલાં આ બંને પાયાગત પરિવર્તનોને કારણે સામંતી રાજ્યવ્યવસ્થા સામે પણ સવાલો શરૂ થયા; કેમ કે, રાજ્યસત્તા સામંતો પાસે હતી અને સામંતો જમીનદારો હતા. હવે ખેતીને બદલે ઉદ્યોગો ઉત્પાદનનું મુખ્ય સાધન બનવા માંડ્યા. બીજી તરફ સામંતયુગના ગ્રામીણ રોજગારો ઔદ્યોગિક ઉત્પાદનોને કારણે ખતમ થવા માંડ્યા. પરિણામે

ગામડાં તૂટવા માંડ્યાં અને શહેરો / નગરો મોટાં ને મોટાં થવા માંડ્યા. સામંતી રાજ્યવ્યવસ્થા આ બદલાવો ખમી શકે કે રાજ્ય ચલાવી શકે એમ નહોતી. વળી શહેરોમાં અને ઉદ્યોગોમાં ઠલવાતાં કામદારોમાં નવી સામુદાયિક ચેતના સંચારિત થવા માંડી. તેઓ માત્ર પોતાની નહીં, પોતાનાં જેવા હજારો - લાખો કામદારોની કંગાલિયત અને શોષણને એક વર્ગીય કંગાલિયત અને શોષણ તરીકે જોતાં થયાં. આ તમામને કારણે અરાજકતા વધી અને રાજ્યવ્યવસ્થા બદલવા માટેની ક્રાંતિઓ શરૂ થઇ.

## યૂરોપમાં લોકશાહી માટેની ક્રાંતિઓ

યૂરોપમાં સૌ પ્રથમ 1688માં રક્તવિહીન ક્રાંતિ બ્રિટનમાં થઇ. રાજાને પ્રતીકાત્મક રીતે રાષ્ટ્રના સર્વોચ્ચ પદ ઉપર ચાલુ રખાયા, પરંતુ હવે રાજાના દરબારને બદલે સંસદની રચના થઇ. દેશના કાનૂનો બનાવવાની અને સંચાલન કરવાની સત્તા સંસદને સોંપાઇ. આ સંસદના સભ્યો બનાવવા માટે ચૂંટણીઓની શરૂઆત થઇ. ચૂંટણીઓ નાગરિકોના મત દ્વારા થવા માંડી. અહીં નોંધવું જોઇએ કે બંને વર્ગની સ્ત્રીઓ અને કામદારોને તે સમયે ચૂંટણીમાં મત આપવાનો અધિકાર નહોતો મળ્યો. માત્ર ઉમરાવો અને ભદ્ર સમાજના લોકોને જ મતાધિકાર મળ્યો હતો.

1789માં ફ્રાંસના રાજા સામે લોકક્રાંતિ થઇ. આ ક્રાંતિ લોહીયાળ હતી. આ ક્રાંતિમાં કામદારો, ખેતમજૂરો અને એ બંને સમુદાયોની સ્ત્રીઓએ જોશભેર ભાગ લીધેલો. શ્રમજીવી મહિલાઓએ ગરીબી, ભૂખમરો, જાતીય શોષણ વગેરે સામે જોરશોરથી સવાલો ઊભા કર્યા હતા. એ તમામ જુલ્મી સામંતોનો વધ કરવામાં પણ સામેલ થઇ હતી. છેવટે એ ક્રાંતિ સફળ થઇ અને ફ્રાંસમાં લોકશાહીની સ્થાપના થઇ. ત્યાં પણ બ્રિટન જેવું જ બન્યું. માલિક અને મજૂર બંને વર્ગની સ્ત્રીઓને મતાધિકાર ન મળ્યો અને કામદારોને પણ ના મળ્યો.





અહીં યૂરોપની સાથેસાથે અમેરિકાની ક્રાંતિની પણ વાત કરી લઇએ. અમેરિકન ક્રાંતિ 1781માં સંપન્ન થઇ, સફળ થઇ. અમેરિકન ક્રાંતિ સામંતી વ્યવસ્થા સામે નહોતી. અમેરિકાની શોધ કોલમ્બસે 1492માં કરી. તે સમયે ત્યાં રેડ ઇન્ડીયન્સ (અમેરિકામાં વસતી આદિજાતી – આદિવાસી) જ વસતા હતા. યૂરોપના દેશોએ અમેરિકા કબ્જે કરવા દોટ મૂકી. ભારતની જેમ જ ત્યાં પણ એ દેશો વચ્ચે યુધ્ધો થયાં અને છેવટે વિજયી બ્રિટને ત્યાં સત્તા કબ્જે કરી. અમેરિકા બ્રિટનનું સંસ્થાન બન્યું. લગભગ ત્રણસો વર્ષ પછી ઇન્ગ્લેન્ડની ગુલામીમાંથી છૂટવા અન્ય યૂરોપિયન વસાહતીઓ, ત્યાં ગુલામ તરીકે લવાયેલ હબસીઓ અને અંગ્રેજ સિવાયની તમામ મહિલાઓએ અમેરિકાની સ્વતંત્રતા માટે આંતરિક યુધ્ધો (સિવિલ વોર્સ) શરૂ કર્યાં 1775-76 થી. છેવટે 1781માં અમેરિકા સ્વતંત્ર થયું. ફરી એ જ વાસ્તવિકતા. ત્યાં ગુલામ પ્રજાને અને સ્ત્રીઓને માનવ અધિકારો ન મળ્યા. ગુલામીની પ્રથા નાબૂદ પણ ના થઇ.

આમ જ્ઞાનપ્રકાશ યુગમાં આધુનિકતા માટેની મથામણો અને સંઘર્ષો, ક્રાંતિઓ થઇ. સામંતી અંધકાર યુગમાંથી બહાર નીકળીને યૂરોપમાં માનવ મુક્તિની ચેતના પણ ચિનગારી બનીને પ્રજ્વળી. પણ માનવ સમાજની એ નવી ચેતનાએ હજુ ઘણો લાંબો પંથ કાપવાનો બાકી હતો. અલબત્ત, આ ક્રાંતિઓમાં સ્ત્રીઓએ – માલિક અને કામદાર બંને વર્ગની – ઉલટભેર ભાગ લીધેલો એના કારણે એમની સ્ત્રી-મુક્તિ માટેની ચેતના પણ જાગૃત થઇ ચૂકી હતી; અને એ માટેનાં પ્રયાસો, મંથનો અને સંઘર્ષો પણ શરૂ થઇ ચૂક્યા હતાં. જેનાં કેટલાંક નક્કર પરિણામો એમને આવનારી બે સદી દરમિયાન મળવાનાં હતાં. જેની વાત આપણે હવે પછીના પ્રકરણમાં કરીશું.

યૂરોપ – અમેરિકાના એ મહિલા મુક્તિ આંદોલનોની નોંધપાત્ર બાબત એ રહી હતી કે – 'માનવ મુક્તિ વિના મહિલા મુક્તિ' સંભવ નથી. માટે જ આ પ્રકરણમાં આપણે માનવ-મુક્તિની ભૂમિકારૂપ આધુનિકતાની અને આર્થિક-રાજકીય વ્યવસ્થાઓમાં આવેલ પરિવર્તનો વિશે ચર્ચા કરી.

# પ્રકરણ - 6

# યૂરોપ – અમેરિકાનાં સ્ત્રી મુક્તિ આંદોલનો

યૂરોપમાં જ્ઞાનપ્રકાશ યુગે સાકાર કરેલ ઔદ્યોગિક ક્રાંતિ અને માનવ મુક્તિની ઝંખના પછી પણ યૂરોપની સ્ત્રીઓની પરિસ્થિતિમાં કોઇ મોટો ફરક નહોતો આવ્યો. અગાઉ જોયું એ પ્રમાણે પ્રજાતંત્રો માટેની ક્રાંતિઓમાં મહિલાઓએ સક્રિય ભાગ લીધેલો, છતાં પણ સ્ત્રીને સ્વતંત્ર વ્યક્તિ માનવા કે સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં કે એમના આર્થિક-રાજકીય અધિકારો માટે જ્ઞાનપ્રકાશ યુગના પ્રબુધ્ધ ચિંતકોએ તે સમયમાં કોઇ વિચાર જ નહોતો કર્યો. તે સમયની યૂરોપની સ્ત્રીઓની સ્થિતિ ઉપર નજર નાંખીએ તો કૈંક આવો નજારો દેખાય છે.

## 1. અભિજાત (ભદ્ર) વર્ગની સ્ત્રીઓ

પ્રાપ્ત ઇતિહાસ દ્વારા એવું જાણવા મળે છે કે, આજથી ત્રણેક સદી પહેલાં પણ યૂરોપનાં નગરો, મહાનગરોમાં સમાજના ઉપલા અને મધ્યમ વર્ગ (અભિજાત વર્ગ / ભદ્ર વર્ગ) ની સ્ત્રીઓ શિક્ષિત હતી. માત્ર ખપ પૂરતું કે પ્રાથમિક શિક્ષણ જ નહીં, એ મહિલાઓ ઉચ્ચ શિક્ષણ પણ મેળવતી હતી. અલબત્ત, એમનો સામાજિક દરજ્જો પુરૂષો કરતાં ઉતરતો હતો. વ્યક્તિગત રીતે એમની પાસે કોઇ સંપત્તિ નહોતી. વળી એ વર્ગની મહિલાઓ ઉપર ઉમરાવ વર્ગની પરંપરાઓ અને તૂટતાં જતાં ચર્ચનાં મૂલ્યોનો પ્રભાવ સંપૂર્ણપણે નાબૂદ નહોતો થયો. આમ છતાં નોંધવું





જોઇએ કે, જ્ઞાનપ્રકાશ યુગના પ્રબુધ્ધ ચિંતકોએ ચિંતન અને ચર્ચાઓ માટે જે વિચાર મંડળો શરૂ કરેલાં એમાં આ વર્ગની સ્ત્રીઓ પણ ભાગ લેતી હતી. 'સલૂન'ના નામે જાણીતાં આ વિચાર મંડળો ઉમરાવોના ઘરોમાં ચાલતાં. એમાં એ વર્ગની સ્ત્રીઓ પણ તત્વજ્ઞાન, સમાજકારણ, રાજકારણ જેવા ગંભીર વિષયો ઉપર પ્રબુધ્ધ પુરૂષો સાથે અને સામે, ચર્ચાઓ કરતી, વાદ-વિવાદ કરતી. આ દૃષ્ટિએ જોતાં, ભદ્રવર્ગની મહિલાઓમાં એક હિસ્સો પ્રબુધ્ધ હતો. તેઓ ચર્ચાઓ કરવાની સાથે સાથે લેખો પણ લખતી.

## 2. શ્રમિક વર્ગની સ્ત્રીઓ

ઔદ્યોગિક ક્રાંતિને કારણે ગામડાં, ગૃહઉદ્યોગો અને ખેતરો છોડીને ગરીબ સ્ત્રીઓ શહેરોમાં આવીને કારખાનાં, મિલોમાં મજૂરી કરતી થઇ ગયેલી. તે સમયે સ્ત્રી અને પુરૂષ – બંને જાતિનાં કામદારોને કારખાનાંમાં સોળ-સોળ કલાક યંત્રો ચલાવવાં પડતાં. સ્ત્રી કામદારોને પુરૂષ કામદારો કરતાં વેતન ઓછું મળતું. કારખાનાંના વાતાવરણમાં અંધારું, ભેજ અને ગંદકી રહેતી, વળી આ સ્ત્રીઓ ઊભાં ઊભાં હાથ ચલાવતી રહેતી. ગરીબીને કારણે અને એમાંયે સ્ત્રી હોવાને કારણે કુપોષણથી પીડાતી આ કામદાર સ્ત્રીઓ અનેક જાતની બિમારીઓનો ભોગ બનતી. તેમનાં ધાવણાં બાળકો ભૂખે મરતાં કેમ કે, બાળકોને દૂધ પીવડાવવાની એમને છૂટ્ટી નહોતી. નાની બાળકીઓથી માંડીને વૃધ્ધાઓ સુધ્ધાં કારખાનાંઓમાં મજૂરી કરતી. આ ઉપરાંત આ કામદાર સ્ત્રીઓ કારખાનાંના મુકાદમો અને અન્ય પુરૂષોની વાસનાઓનો ભોગ બનતી. વળી હતાશ પતિની મારઝૂડ અને ઘર તથા બાળકોની જવાબદારી તો ખરી જ. શહેરી ગરીબીનું એક બીજું મોટું દૂષણ હતું વેશ્યા વ્યવસાય. આમ યુરોપની કામદાર સ્ત્રીઓ એ સમયે અનેક પરિમાણી શોષણનો ભોગ બની હતી.

આ બંને વર્ગની સ્ત્રીઓની સ્થિતિ ઉપરથી સમજાય છે કે, યૂરોપમાં

જ્ઞાનપ્રકાશ યુગ અને ઔદ્યોગિક ક્રાંતિ આવવા છતાં સ્ત્રીઓની પરિસ્થિતિમાં ખાસ કોઇ નોંધપાત્ર તફાવત તો નહોતો આવ્યો. આથી જ આધુનિકતાની ચેતનાએ શરૂ કરાવેલ માનવ મુક્તિનાં આંદોલનોમાં ઓગણીસમી સદીમાં યૂરોપ-અમેરિકાની સ્ત્રીઓએ મહિલા મુક્તિ આંદોલનોનો નવો અધ્યાય શરૂ કર્યો. એ આંદોલનો મુખ્યત્વે બે પ્રકારનાં હતાં. એક – સ્ત્રીઓના રાજકીય અધિકારો માટેનાં આંદોલનો અને બે – સર્વાંગી શોષણ મુક્તિ માટેનાં આંદોલનો.

## 1. સ્ત્રીઓના રાજકીય અધિકારો માટેનાં આંદોલનો

અગાઉના પ્રકરણમાં આપણે જોયું કે, યૂરોપના દેશોમાં પ્રજાતંત્ર માટેની ક્રાંતિઓ થઇ, એ સફળ પણ થઇ; પરંતુ સ્ત્રીઓ, કામદારો, ગુલામો જેવા સમુદાયોને મતાધિકાર ના મળ્યો. પ્રજાતાંત્રિક રાજ્યમાં મતાધિકાર એ નાગરિકનો પાયાનો અને સર્વોપરિ અધિકાર છે. યૂરોપ – અમેરિકાની સ્ત્રીઓએ રાજકીય અધિકાર સંદર્ભે મતાધિકાર માટેની લડતો – આંદોલનો શરૂ કર્યાં. એમાંનાં મહત્ત્વના આંદોલનો ઉપર નજર નાંખીએ.

### (અ) ચાર્ટીસ્ટ ચળવળ

આપણે જાણીએ છીએ કે, ઔદ્યોગિકરણને કારણે કામદાર વર્ગના અધિકારો માટે મજૂર સંગઠનો (ટ્રેડ યૂનિયનો) અસ્તિત્વમાં આવ્યાં. એ યૂનિયનોએ મજૂર વર્ગના આર્થિક અધિકારો માટે જ નહીં, નાગરિક અને માનવ અધિકારો માટે પણ આંદોલનો શરૂ કર્યાં હતાં. ઇ.સ. 1838માં આવાં યૂનિયનોએ સ્ત્રી - પુરૂષ કામદારો માટે એક સંયુક્ત 'માંગણી પત્રક' (પીપલ્સ ચાર્ટર) તૈયાર કરીને ઇન્ગ્લેન્ડની સંસદમાં રજૂ કર્યું. આ ચાર્ટરમાં ભદ્ર વર્ગની કેટલીક સ્ત્રીઓ પણ સામેલ હતી. એમાં મુખ્ય માગણી 'સાર્વત્રિક મતાધિકાર' (સૌને માટે મતાધિકાર) માટેની હતી. સંસદમાં કોઇપણ વર્ગ / સ્તરની સ્ત્રીઓને મતાધિકાર આપવા સામે પ્રચંડ વિરોધ થયો. ઉમરાવો, મૂડીપતિઓ અને પ્રબુધ્ધ ચિંતકોએ સ્ત્રીઓના





લોકશાહીકરણ અને આધુનિકીકરણનો એકી અવાજે વિરોધ કર્યો. ઘણો ઉહાપોહ મચ્યો. છેવટે માત્ર પુરૂષ કામદારોને મતાધિકાર મળ્યો. બેમાંથી એકપણ વર્ગની સ્ત્રીઓને મતાધિકાર ન મળ્યો.

### (બ) સફ્રેજેટ આંદોલન

'ચાર્ટીસ્ટ ચળવળ'માં સ્ત્રીઓને મતાધિકાર ન મળતાં ઇંગ્લેન્ડની પ્રબુધ્ધ મહિલા એમિલી ડેવિસે, પોતાના સમકાલીન શિક્ષણશાસ્ત્રી અને નારીવાદી ચિંતક જ્હોન સ્ટુઅર્ટ મિલની સાથે મળીને સ્ત્રીઓનું આગવું 'માંગણી પત્રક' તૈયાર કર્યું. જેમાં મતાધિકાર મુખ્ય માગણી હતી. પણ બ્રિટનની સંસદ ખાસ્સી પિતૃસત્તાત્મક હતી. આ માટેનું આંદોલન – જેનું નામ હતું 'સફ્રેજેટ મૂવમેન્ટ' - પ્રબળ બનતું ગયું. છેવટે 1870માં બ્રિટનની સંસદે સીમિત અને શરતી ધોરણે સ્ત્રીઓને મતાધિકાર આપ્યો. એ મતાધિકાર માત્ર અપરિણિત અને પોતાની મિલકત ધરાવતી સ્ત્રીઓને જ મળ્યો; અને તે પણ સ્થાનિક મ્યુનિસિપાલિટીની ચૂંટણીઓમાં મત આપવા પૂરતો જ.

લડત ચાલુ રહી. ઉગ્ર બની. સંસદ ઉપર ઘેરાવો, રેલી, સૂત્રોચ્ચાર સાથે આંદોલને વેગ પકડ્યો. હજારો કામદાર અને ઘરનોકર સ્ત્રીઓની સાથે અમીર વર્ગની અને રાજવંશની સ્ત્રીઓ પણ જોડાવા માંડી. પોલીસ દમન અને ધરપકડોનો દૌર ચાલ્યો. સ્ત્રીઓએ જેલવાસ વેઠ્યો. છેવટે છેક 1928 માં ત્રીસ વર્ષથી ઉપરની ઉંમરની તમામ સ્ત્રીઓને ઇન્ગ્લેન્ડમાં મતાધિકાર મળ્યો.

### (ક) ફ્રાંસમાં મતાધિકાર અને માનવઅધિકારો માટેનું આંદોલન

અગાઉના પ્રકરણમાં જે 1789ની 'ફ્રેંચ ક્રાંતિ'ની વાત કરી તેમાં પ્રજાતંત્ર તો પ્રાપ્ત થયું પણ સ્ત્રીઓને મતાધિકાર ન મળ્યાનો ઉલ્લેખ કર્યો છે. ફ્રાંન્સના બંને વર્ગના મહિલા જૂથોએ રાજકીય ભાગીદારી

માટેની ચળવળ ક્રાંતિ પછી પણ ચાલુ રાખી. આ આંદોલનકારી મહિલાઓમાં પ્રબુધ્ધ અને લેખિકા મહિલા ઑલેમ્પી ડી' ગોજીસનું બલિદાન બહુ સૂચક અને પ્રેરણાદાયી છે. તેણે 1782માં 'ગુલામી પ્રથા'નો વિરોધ કરતું એક નાટક લખ્યું હતું. એણે 1791માં 'સ્ત્રીઓના અધિકારો માટેનું જાહેરનામું' બહાર પાડ્યું; જેમાં તેણે રાજાશાહીના જુલ્મથી મુક્ત બનેલા ફ્રાંન્સની પ્રજાતાંત્રિક સરકારમાં સ્ત્રીઓના સરખા હિસ્સાની ભાગીદારીની વાત કરી હતી. આવી ઘોષણા બદલ ફ્રેંચ ક્રાંતિના ક્રાંતિકારીઓએ એને ફાંસીના માચડે લટકાવી દીધી. ઑલેમ્પીના આ બલિદાનથી પ્રેરિત થઇને મહિલા જૂથોએ માત્ર સ્ત્રીઓના મતાધિકારનો જ નહીં, પરંતુ સ્ત્રીઓના શિક્ષણ, છૂટાછેડા, સંપત્તિનો અધિકાર, સામાજિક-રાજકીય સમાનતાના મુદ્દા તથા મોંઘવારી અને અન્નસુરક્ષાના મુદ્દાઓને ઉઠાવીને આંદોલન આગળ વધાર્યું. આ માંગણીઓ – મુદ્દાઓ પરથી સ્પષ્ટ સમજાય છે કે, આ આંદોલનો માત્ર સ્ત્રી-મુક્તિ પૂરતા સીમિત નહોતા, પરંતુ વ્યાપક માનવ મુક્તિ માટેના આંદોલનના સ્વરૂપના હતા. આ સંઘર્ષ લગભગ દોઢ સો વર્ષ ચાલ્યો. છેવટે બીજા વિશ્વયુધ્ધના અંતે 1944માં ફ્રાંન્સની મહિલાઓને મતાધિકાર મળ્યો. અન્ય માગણીઓમાંથી મોટાભાગની આ સંઘર્ષ દરમિયાન તબક્કાવાર સ્વીકારાઇ ચૂકી હતી.

## (ડ) અમેરિકામાં નારી મુક્તિ આંદોલનો

1781માં અમેરિકા બ્રિટનનું સંસ્થાન મટીને સ્વતંત્ર દેશ બન્યો. આમ છતાં ગુલામી પ્રથા નાબૂદી અને સ્ત્રીઓના માનવ અધિકાર માટેના આંદોલનો તો ચાલતાં જ રહ્યાં. આ બંને શોષિત સમુદાયોએ સાથે સંકળાઇને આ આંદોલનો ચલાવ્યા અને પરસ્પરની ભેરે ઊભા રહ્યાં. આ નારી આંદોલનોમાં મતાધિકાર ઉપરાંત સ્ત્રી-પુરૂષ સમાનતા, શિક્ષણ, સ્વતંત્ર કારિકર્દી ઘડવાનો અધિકાર તેમ જ લગ્ન સંસ્થામાં સુધારા લાવવાના મુદ્દા પ્રાથમિક હતા. આ આંદોલનોમાં સમાજના તમામ વર્ગની મહિલાઓ





એક સાથે હતી. ગુલામી પ્રથાની નાબૂદી માટે પણ તમામ સાથે અને સક્રિય હતી. આ આંદોલનો દરમિયાન સ્ત્રી-સંસ્થાઓ બની, પત્ર-પત્રિકાઓ લખાતી થઇ અને નવલકથા, કવિતા જેવા સાહિત્યને પણ સંઘર્ષનાં સાધનો તરીકે ઉપયોગમાં લેવાયાં.

ફેની રાઇટ, એલિઝાબેથ સ્ટેન્ટન, લુક્રેશિયા મૉટ, જેવી મહિલાઓએ રસ્તા ઉપરનાં આંદોલનોની સાથે સાથે મુક્તિ માટેના વૈચારિક આંદોલનોનું પણ નેતૃત્વ લીધું. 'અંકલ ટોમ્સ કેબિન' જેવી જગપ્રસિધ્ધ નવલકથાની લેખિકા હેરિયેટ બિચેટ સ્ટૉએ ગુલામી પ્રથાનો પ્રખર વિરોધ કર્યો. ખૂબ લાંબા સંઘર્ષ પછી છેવટે પ્રથમ વિશ્વયુધ્ધના અંતે 1920માં તમામ પુખ્ત વયની અમેરિકન સ્ત્રીઓને મતાધિકાર મળ્યો.

## (1) સ્ત્રીઓના સર્વાંગી શોષણ મુક્તિ માટેનાં આંદોલનો

સર્વાંગી શોષણ મુક્તિ અથવા તો સાર્થક માનવમુક્તિનો સ્પષ્ટ અને વૈજ્ઞાનિક અભ્યાસોના અંતે સાર્થક ખ્યાલ પહેલવહેલો ઓગણીસમી સદીમાં કાર્લ માર્ક્સ અને ફ્રેડરિક એંગલ્સ નામના ચિંતકોએ આપ્યો. 'દાસ કેપિટલ' નામના અભ્યાસગ્રંથ દ્વારા તેમણે વૈજ્ઞાનિક ઢબે મૂડીવાદનું વિશ્લેષણ કર્યું. એ કઇ રીતે કામદારોનું શોષણ કરે છે, એ તારવી બતાવ્યું. 1848માં એ બંને ક્રાંતિકારી વિચારકોએ 'સામ્યવાદનું ઘોષણાપત્ર' બહાર પાડ્યું અને હાકલ કરી કે, ''દુનિયાના મજદૂરો! એક થાવ, તમારે શોષણની જંજીરો સિવાય કાંઇ ગુમાવવાનું નથી''. માનવ મુક્તિના સંપૂર્ણ અને સાર્થક ખ્યાલ લઇને આવેલા આ વિચારોએ કામદાર વર્ગને સાચી માનવમુક્તિ માટે ઝઝૂમવાની દિશા અને બળ પૂરું પાડ્યું. કામદાર વર્ગ એટલે કામદાર પુરુષો અને સ્ત્રીઓ બંને.

અહીં આપણે ફ્રેડરિક એંગલ્સે તૈયાર કરેલા એક બીજા અભ્યાસની પણ નોંધ લેવી જોઇએ. એમણે 'કુટુંબ વ્યવસ્થા, ખાનગી મિલકત અને રાજ્ય' નામના પોતાના અભ્યાસમાં કુટુંબને એક સંસ્થા ગણાવી છે. એમણે કુટુંબમાં

સ્ત્રીઓનું જે રીતે શોષણ થાય છે, એનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કર્યું છે. એમણે સ્ત્રીને, કુટુંબમાં વગર વેતને વેઠ કરનારી અને બેવડા શોષણનો શિકાર બનનારી ''સૌથી વધુ શોષિત કામદાર'' તરીકે પ્રમાણી છે. પિતૃસત્તા અને શ્રમ, પિતૃસત્તા અને સંપત્તિ, પિતૃસત્તા અને આર્થિક શોષણ વિશેના આ સૈધ્ધાંતિક અને સચોટ અભ્યાસે માનવમુક્તિના ખ્યાલમાં એક મહત્ત્વની ખૂટતી કડી પૂરી પાડી હતી.

સર્વાંગી શોષણ મુક્તિ માટેનાં સ્ત્રી આંદોલનોને સમજવા આટલી ભૂમિકા ઉપરાંત આપણે એ પણ સમજવું જરૂરી છે કે, આવાં આંદોલનો સમગ્ર કામદાર વર્ગે (માર્કસ અને એંગલ્સે એને સર્વહારા વર્ગ ગણાવ્યો છે) કરેલાં આંદોલનોનો જ એક હિસ્સો રહ્યો છે. અલબત્ત, કેટલાક કિસ્સાઓમાં સ્ત્રી-કામદારોએ આગેવાની લીધી છે, પહેલ કરી છે. આ ઉપરાંત એ આંદોલનોમાં મૂડીવાદી વ્યવસ્થા દરમિયાન અસ્તિત્વમાં આવેલ મધ્યમવર્ગના જાગૃત સ્ત્રી-પુરૂષોએ પણ ભાગીદારી નિભાવી છે.

યૂરોપ-અમેરિકાના ઉદ્યોગપ્રધાન દેશોમાં, ફ્રાંસની ક્રાંતિ એટલે કે, લગભગ અઢારમી સદીથી કામદાર વર્ગની હડતાલો, આંદોલનો જોર પકડવા માંડ્યાં હતાં. અસહ્ય શોષણથી ત્રસ્ત સર્વહારા વર્ગનાં એ આંદોલનોને માર્ક્સ-એંગલ્સના અભ્યાસો પછી જે દિશા અને વેગ મળ્યો એણે ઓગણીસમી સદીના મધ્યથી શરૂ કરીને વીસમી સદીના લગભગ સાતમા દાયકા સુધીમાં દુનિયાભરમાં અનેક ઉથલપાથલો મચાવી. આ તમામ આંદોલનોમાં કામદાર સ્ત્રીઓ અને પ્રબુધ્ધ નારીઓનો ઘણો મહત્ત્વનો ફાળો રહ્યો છે. આપણે માનવ મુક્તિ અથવા તો સર્વાંગી શોષણ મુક્તિ સંદર્ભે મહિલા આંદોલનો અને કેટલીક પ્રબુધ્ધ કર્મશીલ મહિલાઓના ફાળા ઉપર એક નજર નાંખીએ.





## (અ) 8 માર્ચ-1857- સ્ત્રી કામદારોની હડતાલ

ન્યૂયોર્ક (અમેરિકા)ની કાપડ મિલની મહિલા કામદારોએ 8 માર્ચ, 1857ના રોજ શરૂ કરેલી હડતાલ મુખ્યત્વે આઠ કલાકની કામની પાળી, કારખાનામાં ઘોડિયાઘરની સુવિધા અને કામના સ્થળની સ્વચ્છતા અંગેની માંગણીઓ માટેની હતી. પરંતુ આ હડતાલે પિતૃસત્તાત્મક મૂડીવાદ અને અમેરિકાની સરકારના પાયા હચમચાવી નાંખ્યા. સરકારે લાઠીચાર્જ અને ગોળીબારી ચલાવી. કેટલીક કામદાર સ્ત્રીઓ શહીદ થઇ. તત્કાળ તો એ હડતાલ થોડી ધીમી પડી. પરંતુ અમેરિકા-યૂરોપના સમગ્ર કામદાર વર્ગમાં એ હડતાલે જોમ ભરી દીધું. મધ્યમ વર્ગની શિક્ષિત મહિલાઓ અને પુરૂષોનો પણ એ આંદોલનોને સાથ મળ્યો. આંદોલનો વ્યાપક અને ઉગ્ર બનવા માંડયાં. છેવટે 1911ની કામદારોની એક હિંસક હડતાલના અંતે અમેરિકન સરકાર અને ન્યાયતંત્રે કામદારોના હિત અને અધિકારો માટેના કાયદા બનાવવા ઝૂકવું પડ્યું.

1857ની સ્ત્રી કામદારોની એ હડતાલને કારણે યૂરોપ, અમેરિકાનાં મહિલા આંદોલનોમાં પણ એક નવી ચેતના આવી. પિતૃસત્તા સામેના એમના વિરોધનો વેગ વધ્યો. સમાનતા, કૌટુંબિક શોષણ અને બંધનો, લગ્નસંસ્થાની અન્યાયી વ્યવસ્થા, સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણના અને સંપત્તિના અધિકારો જેવા મુદ્દા એમના આંદોલનોમાં જોડાતા ગયા. અમેરિકા અને યૂરોપની સમાજવાદી મહિલાઓ પરસ્પર જોડાતી ગઇ. 1909માં કોપનહેગન (ડેન્માર્ક)માં મળેલ આંતર્રાષ્ટ્રીય સમાજવાદી મહિલા પરિષદમાં સમાજવાદી નેતા ક્લેરા ઝેટ્કીને 8 માર્ચ, 1857ની મહિલા કામદારની હડતાલ અને સંઘર્ષને યાદગાર બનાવવા 8 માર્ચને વિશ્વભરમાં દર વર્ષે 'મહિલા અધિકાર દિન' તરીકે મનાવવાનો પ્રસ્તાવ મૂક્યો અને એ સર્વાનુમતે પસાર થઇ ગયો. 1910 થી 8 માર્ચને 'આંતર્રાષ્ટ્રીય મહિલા અધિકાર દિન' તરીકે મનાવવાનું શરૂ થયું.

## (બ) માનવમુક્તિ માટે પ્રબુધ્ધ કર્મશીલ મહિલાઓનું યોગદાન

1848માં કાર્લમાર્કસ અને ફ્રેડરિક એન્ગલ્સે ‘સામ્યવાદી ઘોષણાપત્ર’ બહાર પાડ્યા પછી સર્વહારા ક્રાંતિના માર્ગે માનવમુક્તિનો ખ્યાલ વધુ સ્પષ્ટ અને સુદૃઢ બન્યો. આ મુદ્દો આપણે આગળ જોયો. યૂરોપ-અમેરિકામાં આ પછી સામજવાદી આંદોલનોએ એક નવી લહેર જગાવી. ક્લેરા ઝેટકિન, રોઝા લક્ઝમબર્ગ, એલેક્ઝાન્ડ્રા કોલોન્તાઇ, કૃપ્સ્કાયા જેવી અનેક મહિલાઓએ સમાજવાદી સર્વહારા આંદોલનોને નેતૃત્વ આપ્યું. તેમણે કામદારોની અને તેમાંયે સ્ત્રી કામદારોની શોષણમુક્તિ માટે અનેક મોરચે સક્રિયતા દાખવી. આંતર્રાષ્ટ્રીય સમાજવાદી મહિલા પરિષદો શરૂ કરી, એમાં વિવિધ અને માનવમુક્તિના વ્યાપક હિત ખાતર અનેક ઠરાવો પસાર કરાવ્યા. રશિયાની સર્વહારા ક્રાંતિને સાકાર કરવામાં યોગદાન આપ્યું. લેખો લખ્યા, પત્રિકાઓ ચલાવી. રશિયન ક્રાંતિની સફળતા બાદ સ્ત્રીઓના અધિકારો અને નવા પ્રકારના મુક્ત સમાજ માટે ‘સામુદાયિક રસોડાં’, સ્ત્રી-પુરૂષની સરખી જવાબદારીવાળી નવા પ્રકારની કુટુંબવ્યવસ્થાઓ, જેવાં અનેક નવા પ્રયોગો પણ કર્યાં. આ દૃષ્ટિએ જોતાં આ મહિલા વિચારકો, કર્મશીલોએ માનવ મુક્તિના ખ્યાલમાં કામદારો અને મહિલાઓ કઇ રીતે સક્રિય થઇ શકે, કેવા સવાલો ઉઠાવી શકે, એનો એક નક્કર અંદાજ આપ્યો.

અંતે, એટલું જ કે, ઓગણીસમી અને વીસમી સદી દરમિયાન અવિરતપણે ચાલતા રહેલાં મહિલા મુક્તિનાં આંદોલનોએ અને સમાજવાદી મહિલા ચિંતકો-કર્મશીલોએ માત્ર મહિલાઓની મુક્તિ કે અધિકારોની જ વાત નહોતી કરી, પરંતુ એમના સંઘર્ષોએ જ્ઞાનપ્રકાશ યુગમાંથી માનવ સમાજને મળેલી આધુનિકતાની ચેતનાને વધુ નક્કર, વ્યાપક અને સાર્થક બનાવવામાં અત્યંત નોંધપાત્ર ફાળો આપ્યો હતો.





# પ્રકરણ - 7

# ભારતમાં જ્ઞાનપ્રકાશનું આગમન : નારી સુધારણા : અવરોધો અને પ્રત્યાઘાતો

ભારતમાં જ્ઞાનપ્રકાશની ચેતનાનું આગમન નારી સુધારાના મુદ્દાઓ સાથે થયું. ઓગણીસમી સદીના પ્રારંભમાં જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો અને નારી સુધારનો એજન્ડા- બંને ભારતના સમાજ માટે અનેક વિડંબનાઓ લઇને આવેલી વાસ્તવિકતાઓ હતી. તે સમયે ભારતનો સમાજ સામંતી મૂલ્યોમાં ગળાબૂડ હતો. બીજી વાસ્તવિકતા એ હતી કે, એ સામ્રાજ્યવાદી બ્રિટનનું સંસ્થાન (ગુલામ) બની ચૂકેલો હતો. ત્રીજી હકીકત એ હતી કે, ઓગણીસમી સદીના પ્રારંભમાં ભારતમાં ‘રાષ્ટ્ર’ વિશેનો ખ્યાલ અત્યંત ધૂંધળો અને અસ્પષ્ટ હતો; કેમ કે ‘રાષ્ટ્ર’નો ખ્યાલ આધુનિકતાની દેન છે અને ભારત તો રજવાડાંઓમાં વહેંચાયેલો સામંતી દેશ હતો. પરિણામ એ આવ્યું કે, જ્ઞાનપ્રકાશ અને નારી સુધારાના પ્રયાસો એ સમયે છૂટાછવાયા અને વ્યક્તિગત બનીને રહી ગયાં. એથીયે મોટી અને અત્યંત ચિંતાજનક વાસ્તવિકતા તો એ છે કે, જ્ઞાનપ્રકાશ અને નારી મુક્તિનો એજન્ડા ભારતમાં આજે, બસો વર્ષ પછી પણ, અધૂરો રહ્યો છે અને વધુ પડકારજનક બની ચૂક્યો છે.

આવું બનવા પાછળનાં કારણો ખૂબ ઊંડા અને બહુપરિમાણી છે. મુખ્ય અને વ્યાપક કારણો જોઇએ તો-

1. દુનિયાભરમાં વિવિધ માનવ સમાજોની સભ્યતાઓ અને સંસ્કૃતિઓ અલગ અલગ વાતાવરણોમાં, સંજોગોમાં અને અલગ અલગ રીતોથી વિકસેલી છે. આથી એક પ્રકારની સભ્યતામાં વિકસેલી સંસ્કૃતિ કે સાંસ્કૃતિક મૂલ્યો, બીજા પ્રકારની સભ્યતા માટે આજે - જ્ઞાનપ્રકાશ અને આધુનિકતાના આરંભના છસો વર્ષ પછી પણ, આસાન નથી.

2. ભારતની સભ્યતા અને સંસ્કૃતિ પાયાગત રીતે આધ્યાત્મિક અને વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિઓના મિશ્રણવાળી રહી છે. કેમ કે, વિશાળ મેદાની પ્રદેશ અને કુદરતી સંસાધનોથી ભરપૂર આ ભૂમિ ઉપર અનેક પ્રકારની જાતિ-પ્રજાતિઓ આવીને સ્થાયી થતી રહી છે. વળી અનેક પ્રકારના ધર્મો, સંપ્રદાયો એ સભ્યતામાંથી જન્મ્યા છે, વિકસ્યા છે.

3. યૂરોપ અનેક રાષ્ટ્રોનો સમૂહ હોવા છતાં ત્યાંની સભ્યતા મુખ્યત્વે ભૌતિક સ્વરૂપની રહી છે અને એમાં સાંસ્કૃતિક અને ધાર્મિક, સાંપ્રદાયિક વૈવિધ્ય પ્રમાણમાં ઓછું જટિલ અને પરસ્પર ઓછાં ટકરાવોવાળું રહ્યું છે.

આપણે જાણીએ છીએ કે, જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો અને આધુનિકતાનાં વલણોનો ઉદય, ઉછેર અને વિકાસ યૂરોપની ભૌતિક સ્વરૂપની સભ્યતામાં થયો. આથી ત્યાંના માનવ સમાજે ચેતનાના એક સ્તરે પહોંચ્યા પછી કુદરત / પ્રકૃતિનાં ગૂઢ રહસ્યોને 'ઈશ્વરની દેન' માની લેવાને બદલે તેણે એ રહસ્યોનું વાસ્તવ અને એનાં સિધ્ધાંતો શોધવાનો પ્રયાસ કરીને વિજ્ઞાન વિકસાવ્યું; અને વિજ્ઞાન વિકસાવવા માટે તેણે તર્કશક્તિનો ઉપયોગ કર્યો. ટૂંકમાં, ત્યાંની સભ્યતાનું આ તાર્કિકતાનું મૂલ્ય (અથવા તો લાક્ષણિકતા) જ એને વિજ્ઞાન અને આધુનિકતા સુધી લઇ ગયું. જ્યારે ભારતની સંસ્કૃતિ મુખ્યત્વે આધ્યાત્મિક હોવાના કારણે ત્યાંના સમાજની





ચેતના તેને કુદરતનાં ગૂઢ રહસ્યોની શોધમાં 'નિરંજન –નિરાકાર'ના ખ્યાલ સુધી લઇ ગઇ તો વળી બીજી તરફ તેને 'અનેકાંતવાદ' અને 'સૃષ્ટિના કર્તાહર્તા ઈશ્વર' સુધી લઇ ગઇ. બંને સભ્યતાઓ વચ્ચેના આ પાયાગત તફાવતને કારણે જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો ભારતના સમાજ માટે અનેક વિડંબનાઓ લઇને આવ્યાં. અલબત્ત, ભારત અને યૂરોપની સભ્યતાઓ વચ્ચેનો આ તફાવત 'અફર'કે 'અંતિમ' નથી. પરંતુ ઓગણીસમી સદીના પ્રારંભે ભારતીય સમાજમાં જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો જે રીતે આવ્યાં- એ વિડંબનાઓનું એક મોટું કારણ છે; કેમ કે, આધુનિકતાનાં પાયાગત મૂલ્યો યૂરોપ કે અમેરિકામાં જે રીતે વિકસ્યાં છે, એક એકસમાન રીતે નથી વિકસ્યાં, અલગ અલગ રીતે વિકસ્યાં છે. આધુનિકતાનાં પાયાગત મૂલ્યો 'અફર' છે; પણ આધુનિકતા સર્વત્ર એકસમાન નથી; અનેકવિધ સ્વરૂપની છે.

ખેર, આ લાંબી ચર્ચા-વિચારણાનો મુદ્દો છે. આપણે ઓગણીસમી સદીના પ્રારંભે નારી સુધારાના રસ્તે ભારતમાં આવેલા જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો તરફના ભારતની પ્રજાના પ્રતિભાવો ઉપર ધ્યાન કેન્દ્રીત કરીએ. અહીં એક સ્પષ્ટતા કરી લેવી જરૂરી છે કે, જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો બ્રિટિશ શાસન દરમિયાન આવ્યાં, પરંતુ એ બ્રિટિશરો દ્વારા નહીં, ભારતના શિક્ષિત વર્ગના સુધારકો દ્વારા આવ્યા. અલબત્ત, શાસન બ્રિટિશર્સનું હોવાથી એમને શાસન દ્વારા પીઠબળ અને પ્રોત્સાહન મળતું રહ્યું.

## ભારતમાં શરૂ થયેલ નારી સુધારણાનાં મુદ્દાઓ

બ્રિટિશ શાસનને કારણે ઓગણીસમી સદીમાં ભારતમાં સીમિત સ્વરૂપનું ઔદ્યોગિકીકરણ અને સાર્વજનિક આધુનિક શિક્ષણ શરૂ થયું. યૂરોપમાં આધુનિકતાએ વિકસાવેલાં આ બંને માધ્યમો દ્વારા ભારતમાં પ્રવેશેલ જ્ઞાનપ્રકાશની ચેતનાનો પ્રભાવ સમાજના ઉપલા વર્ગ અથવા કહેવાતા ઉચ્ચકુળના કેટલાક પુરૂષો ઉપર પડ્યો. (ઉચ્ચકુળની સ્ત્રીઓ માટે પણ

ભારતમાં એ સમયે શિક્ષણ અલભ્ય હતું). આ સુધારક પુરૂષોએ ભારતમાં એ સમયે જે સમાજસુધારાના મુદ્દા ઉઠાવ્યા એ સ્વાભાવિક રીતે ઉચ્ચકુળની સ્ત્રીઓની સ્થિતિસુધાર સંદર્ભના હતા. એ મુખ્ય મુદ્દાઓ હતા-

1. પતિના મૃતશરીર સાથે સ્ત્રીને સતી થવાની ફરજ પાડતી ‘સતી પ્રથા’.
2. સાવ માસૂમ ઉંમરની દીકરીઓના લગ્ન કરાવી દેનારી ‘બાળ લગ્ન પ્રથા’.
3. વિધવા બની ગયેલ સ્ત્રીને ફરી લગ્ન કરતાં અટકાવતી ‘વિધવા વિવાહ નિષેધ પ્રથા’.
4. સ્ત્રીઓને શિક્ષણ મેળવતી અટકાવતી ‘કન્યા શિક્ષણ નિષેધ પ્રથા’.વગેરે વગેરે.

સ્પષ્ટ છે. લગભગ આ તમામ મુદ્દાઓ સ્ત્રીઓને લગતા હતા અને સાથે સાથે હિંદુસમાજના ઉચ્ચ કહેવાતાં કુળોમાં પ્રવર્તતાં તાર્કિકતાવિરોધી અને વહેમ, અંધશ્રધ્ધાઓથી પ્રેરિત કુરિવાજો / કુરૂઢિઓના મુદ્દા હતા. અલબત્ત, એ તમામ પરંપરાગત શોષણકારી હિન્દુ કુટુંબવ્યવસ્થાને પડકારનારા પણ હતા. કેમ કે – સુધારકોએ આ તમામ પ્રથાઓનો વિરોધ જાહેર કરેલો.

આ મુદ્દાઓ અલગ અલગ સુધારકોએ, ભારતના અલગ અલગ પ્રાંતોમાં વ્યક્તિગત ધોરણે ઉઠાવેલા અને એનો વિરોધ પણ જે તે પ્રાંતોમાં, લાગતાવળગતા સમુદાયોએ પોતપોતાની રીતે કરેલો. આ વિરોધ માટે વ્યક્ત થયેલ કારણો સમાજ કે સંસ્કૃતિને લગતાં બહુ ઓછાં હતાં. વધારે કારણો અંગ્રેજો પ્રત્યે, અંગ્રેજોની સંસ્કૃતિ પ્રત્યે ધિક્કાર વ્યક્ત કરનારાં હતાં; તો અમુક વળી સુધારક પુરૂષોના વ્યક્તિગત અને સુધારાના ઉદ્દેશો વિશે આક્ષેપ કરનારાં હતાં.





તો બીજી તરફ સુધારકોના વિચારોને યોગ્ય માનનારાંઓની સંખ્યા ખૂબ ઓછી હતી; અને વિરોધના સમયે એમની પડખે ઊભાં રહેનારની સંખ્યા તો લગભગ નહીંવત.

આ સુધારાની પહેલ કરનાર પુરૂષોએમાં મુખ્ય હતા –રાજા રામમોહન રાય(બંગાળ); ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગર (બંગાળ); જસ્ટિસ રાનડે(મહારાષ્ટ્ર); કરસનદાસ મૂળજી (ગુજરાત); કવિ નર્મદ (ગુજરાત); કવિ દલપતરામ (ગુજરાત); કવિ બહેરામજી મલબારી (ગુજરાત).

આ સુધારોકોએ પોતાનાં સુધારાલક્ષી વિચારો, તર્કો મુખ્યત્વે પ્રાદેશિક ભાષામાં પત્રિકાઓ, સામયિકોમાં લેખો, પુસ્તિકાઓ મારફતે, નાટક, કવિતા, નવલકથા જેવા સાહિત્ય મારફતે પ્રસરાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેમાંના કેટલાંકે નાનાં નાનાં વિચાર વર્તુળો, મંડળો રચવાનો પ્રયાસ કર્યો હતો; પરંતુ તે લાંબા સમય સુધી ટકી શક્યાં નહીં.

ઓગણીસમી સદી દરમિયાન ભારતમાં થયેલ ‘નારી સુધાર’ની ચર્ચા કરતી વખતે એક દંપતિએ કરેલ પ્રયાસો વિશે ખાસ અને અલગ ચર્ચા કરવી જરૂરી છે. મહારાષ્ટ્રના જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રિબાઇ ફૂલે. મહત્વનું એ છે કે, એ શૂદ્ર કુળ (પછાત ગણાતી જાતિ) માંથી અવતા હતા. જ્યોતિરાવે ઉચ્ચ શિક્ષણ મેળવીને પોતાની નિરક્ષર, સીધીસાદી ગૃહિણી સમાન પત્ની, સાવિત્રીબાઇને શિક્ષિત બનાવી અને પોતાની સાથે કન્યા કેળવણી, બાળ લગ્નનો ભોગ બનેલી કન્યાઓનો પ્રશ્ન, જાતીય સતામણીનો ભોગ બનેલ ઉચ્ચકુળની વિધવાઓના અધિકારોના પ્રશ્નો, કૌટુંબિક હિંસાનો ભોગ બનેલ મહિલાઓના પ્રશ્નો વગેરેના હલ શોધવાની પ્રવૃત્તિઓમાં જોતરી. આ દંપતિએ પોતાના સમુદાયોનો વિરોધ ખમવો પડ્યો, પણ એટલો નહીં, જેટલો ઉચ્ચ કુળના સમુદાયોનો ખમવો પડ્યો. ઓગણીસમી સદીમાં ચાલેલ આ સુધારા ઝૂંબેશ પરત્વે બ્રિટિશ શાસનના પ્રતિભાવને તપાસીએ તો મુખ્યત્વે એ સુધારાને પીઠબળ પૂરું પાડનાર અને પ્રોત્સાહક રહ્યો. તેમણે સતીપ્રથા, દીકરીને દૂધપીતી

કરવાની પ્રથા, બાળ લગ્ન જેવી કુરૂઢિઓને અટકાવવા તે તમામ ઉપર કાનૂની પ્રતિબંધો જાહેર કર્યાં. પરંતુ 1857ના બ્રિટિશ કંપની સામેના વિદ્રોહ પછી ભારતની શાસનધૂરા પ્રત્યક્ષરૂપે બ્રિટિશ સરકારના હાથમાં જતાંની સાથે જ ત્યાંની સરકારે સ્પષ્ટ જાહેરાત કરી દીધી કે, બ્રિટિશ અમલદારોએ 'ભારતીય પ્રજાની સાંસ્કૃતિક બાબતોમાં દખલગીરી કરવી નહીં'. આ પછી ભારતમાં સુધારા માટેનો માર્ગ વધુ મુશ્કેલ બન્યો.

જો કે, બીજી તરફ એવું બન્યું કે, 1857ના સામંતોપ્રેરિત વિપ્લવ બાદ 'ભારતીય રાષ્ટ્ર'નો ખ્યાલ ભારતની પ્રજામાં વધુ દઢ બનવા માંડ્યો. ઓગણીસમી સદીના છેલ્લા બે-ત્રણ દાયકા દરમિયાન તો ભારતની સ્વતંત્રતા અંગેનો ખ્યાલ પણ નક્કર બનવા માંડ્યો અને ચેતના પણ બળવત્તર બનવા માંડી. પરિણામે સમાજ સુધારા અને નારી સુધારાના એજન્ડા થોડા દાયકા માટે પશ્ચાદ્‌ભૂમાં ધકેલાઇ ગયા.

આ રીતે પોતાની હજારો વર્ષ પુરાણી આગવી સભ્યતાઓ અને સંસ્કૃતિઓ ધરાવતા ભારતમાં, બીજી રીતે કહીએ તો મૂડીના સમ્રાજ્યવાદી સ્વરૂપના એક સંસ્થાન એવા ભારતમાં, ઓગણીસમી સદીમાં જ્ઞાનપ્રકાશનાં મૂલ્યોનું અનેક અવરોધો અને પ્રત્યાઘાતો વચ્ચે આગમન થયું. ભારતની પરંપરાવાદી અને રૂઢિવાદી ધરતી પર એ કલમી છોડ, પાલન પોષણના અભાવે પોતાનાં મૂળિયાં ખાસ ન જમાવી શક્યો, પણ બીજસ્વરૂપે ધરતીમાં ધરબાઇ રહ્યો.





## પ્રકરણ - 8

# નારી - સુધાર એજન્ડા

વીસમી સદીની શરૂઆત થતાં પહેલાં જ ભારતમાં સ્વતંત્રતા માટેની ચેતના ઊગ્ર બનવા માંડી હતી. વીસમી સદીના બીજા દાયકા સુધીમાં તો એ અગનજવાળા બની ચૂકી હતી. એક તરફ એનું કારણ પરવાન ચઢતી 'દેશભક્તિ'નું હતું, તો બીજી તરફ મૂડીના સામ્રાજ્યવાદી સ્વરૂપના હચમચવા માંડેલા પાયા પહેલા વિશ્વયુધ્ધ પછી તો લગભગ ડગમગી ગયા હોવાનું હતું. તો વળી ત્રીજું કારણ હતું, પ્રથમ વિશ્વયુધ્ધ દરમિયાન રશિયામાં સફળતાપૂર્વક પાર પડેલી સમાજવાદી ક્રાંતિ, જેણે, મૂડીવાદ સામે સમાજવાદનો પડકાર ફેંક્યો હતો. આ તમામ રાજકીય અફરાતફરીને કારણે ભારતના સ્વાતંત્ર્યસંગ્રામને માટે સફળતાનો મોકો સર્જાઇ ચૂક્યો હતો. સ્વાભાવિક રીતે જ ભારતીય સમાજના બીજા તમામ એજન્ડા પશ્ચાદ્‌ભૂમાં ધકેલાઇ ગયા. ઓગણીસમી સદીમાં શરૂ થયેલ નારી સુધારાના એજન્ડાની પણ એ જ હાલત થઇ. ચાલતો રહ્યો પણ મંદગતિથી. વળી એ એજન્ડાને કમી નડી 'નારી મુક્તિ'ના દીર્ઘદષ્ટિવાળા નેતૃત્વની.

અલબત્ત, દીર્ઘદષ્ટિ ધરાવતી સ્ત્રીનેતાઓ તો હતી. પરંતુ એમનો એજન્ડા રાજનૈતિક સ્વતંત્રતા માટેનો વધુ હતો. સૌથી પહેલાં યાદ આવે 1907માં સ્ટટગાર્ડ શહેરમાં મળેલ આંતર્‌રાષ્ટ્રીય સમાજવાદી સંમેલનમાં પહેલવહેલીવાર ભારતનો ત્રિરંગો ફરકાવનાર માદામ ભિખાઈજી કામા.

ઈન્ગ્લેન્ડમાં 'અભિનવ ભારત' નામના ક્રાંતિકારી દળના એ પ્રેરણાદાત્રી હતાં. ભારતના સ્વાતંત્ર્ય માટેના આ સશસ્ત્ર ક્રાંતિકારીઓના જૂથમાં તેઓ પત્રિકાઓ છપાવવી, ગુપ્ત સભાઓ યોજવી, સશસ્ત્ર હુમલાઓની વ્યૂહરચનાઓ બનાવવી વગેરે જેવી અનેક પ્રવૃત્તિઓમાં સક્રિય હતાં. લંડનમાં એમને બ્રિટિશરાજ વિરૂધ્ધની પ્રવૃત્તિઓ બદલ જેલવાસ પણ ભોગવવો પડ્યો હતો. સમાજવાદી વિચારધારાને વરેલા આ માદામે ભારતના સ્વાતંત્ર્યને આંતર્રાષ્ટ્રીય મુદ્દા તરીકે ઉપસાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

આ અગાઉ ઓગણીસમી સદીના આખરી દશકોમાં ભારતમાં આવીને 1893માં ભારતવાસી બની ગયેલ આઈરિશ મહિલા એની બેસન્ટે ભારતીય પ્રજાના માનવ અધિકારો માટે સક્રિય ભૂમિકા ભજવી હતી. એમણે 'હોમરૂલ લીગ'ની સ્થાપના કરી હતી અને ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ સાથે પણ ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય રહ્યા હતા. એવા જ બીજા આઈરિશ મહિલા માર્ગરેટ કઝીન્સે પણ 1915માં ભારતવાસી બની 'વિમેન્સ ઈન્ડીયન એસોસિએશન'ની સ્થાપના કરી ભારતની સ્ત્રીઓમાં શિક્ષણનો પ્રસાર કરવામાં અને સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણ અને વ્યવસાયલક્ષી શિક્ષણની શરૂઆત કરવામાં ખૂબ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. બ્રિટિશ સંસ્થાન મટીને સ્વતંત્ર દેશ બનેલા આયર્લેન્ડની આ બંને મહિલાઓએ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં નારીવાદી દૃષ્ટિકોણ ઉમેરવામાં મહત્ત્વની ભૂમિકાઓ ભજવી હતી.

હંસા મહેતા, સરોજીની નાયડૂ, રામેશ્વરી નહેરૂ, વિજયલક્ષ્મી પંડિત, રાજકુમારી અમૃત કૌર, કમલાદેવી ચટ્ટોપાધ્યાય જેવી શિક્ષિત અને વિચારવંત મહિલાઓની પ્રેરણાથી અસ્તિત્વમાં આવેલ 'અખિલ હિંદ મહિલા પરિષદે' સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિયતાની સાથે સાથે સ્ત્રીઓને મતાધિકાર, વારસાઈ હક્ક મળે એ માટેની ઝૂંબેશો પણ ચલાવી હતી. મુખ્યત્વે સ્ત્રી શિક્ષણ માટે શરૂ થયેલી આ સંસ્થાએ બાળલગ્નોના વિરોધ





જેવી સામાજિક ચળવળો પણ ચલાવી હતી.

અમદાવાદની કેલિકો મિલના અડધા ભાગનાં માલિક અનસૂયાબેન સારાભાઈએ ઈન્ગ્લેન્ડમાં શિક્ષણ મેળવ્યું હતું અને સમાજવાદી વિચારધારાથી ખાસ્સાં પ્રભાવિત હતાં. તેમણે મિલના કામદારો માટે કલ્યાણકારી યોજનાઓ (વેલ્ફેર સ્કીમ્સ) શરૂ કરાવવા ઉપરાંત મજદૂર ચાલીઓમાં સ્વચ્છતા અને આરોગ્યની પ્રવૃત્તિઓ પણ શરૂ કરી હતી. એ ચાલીઓમાં બાળકો માટે બાલવાડીઓ, સ્ત્રીઓ માટે ખપ પૂરતું શિક્ષણ અને હસ્તકલાઓની તાલીમ જેવી પ્રવૃત્તિઓ ચાલુ કરવાની સાથે સાથે તેમણે સ્ત્રીઓ માટે આવક ઊભી કરવાની યોજનાઓ પણ મજદૂર ચાલીઓમાં શરૂ કરી હતી. 1917માં વેતનવધારા માટે અમદાવાદના મિલકામદારોની એક લાંબી હડતાલ ચાલી હતી. અનસૂયાબેન હડતાલી મજૂરોના આગેવાન હતા. મિલમાલિકોના અનેક પ્રયાસો છતાં સમાધાન નહોતું થતું. છેવટે માલિકોએ ગાંધીજીને મધ્યસ્થી બનાવ્યા. ગાંધીજીના પ્રયાસો બાદ છેવટે અનસૂયાબેન અને કામદારોએ થોડા લાભો સાથે સમાધાન સ્વીકારવું પડ્યું. આ હડતાલના સમાધાનની એક શરત મુજબ મિલકામદારોના અધિકારો માટે 'મજૂર મહાજન સંઘ'ની સ્થાપના થઈ.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ભારતમાં સમાજવાદી વિચારધારાનો જુવાળ પણ સક્રિય હતો. સામ્યવાદી વિચારધારાવાળા સશસ્ત્ર ક્રાંતિકારી દળો પણ બન્યાં હતાં. આ દળોમાં બિરાદર બીના દાસ, સુનીતિ ચૌધરી, પ્રીતિલતા વાડેદાર, શાંતિ ઘોષ અને ભગવતી ચરણ વહોરાનાં પત્ની અને ભગતસિંહ અને સાથીઓનાં 'ભાભી' તરીકે જાણીતાં બનેલાં દુર્ગાભાભી વગેરે સ્ત્રી ક્રાંતિકારીઓ સામેલ હતા. તેઓએ મજદૂરો, યુવાનોની સાથે સાથે મહિલાઓને પણ સ્વાતંત્ર્ય સંગ્રામમાં સામેલ કરી હતી. સાથે સાથે સૌને સમાજવાદી વિચારધારાના પ્રચાર-પ્રસારનાં અને સાંપ્રદાયિકતા વિરોધી આંદોલનોમાં પણ સક્રિય કર્યા હતા.

આ જ ગાળામાં સામ્યવાદી પાર્ટી દ્વારા શરૂ કરાયેલ 'ઇન્ડીયન પીપલ્સ થિએટર' અને 'પ્રોગ્રેસિવ રાઇટર્સ એસોસિએશન' ('ઇપ્ટા' અને પ્રગતિશીલ લેખક સંઘ) સાથે અનેક સ્ત્રી કલાકારો, સર્જકો સક્રિય રીતે સંકળાયા હતાં. ખાસ કરીને સાહિત્ય ક્ષેત્રે ઇસ્મત ચૂગતાઇ, અમૃતા પ્રીતમ, કુરતુલ એન હૈદર જેવી સર્જકોએ પોતાની વાર્તાઓ, નવલકથાઓ દ્વારા માનવ મુક્તિના વ્યાપક સવાલોની સાથેસાથે સ્ત્રીઓની જાતીયતા, એમનાં જાતીય શોષણ વિશે, રાજનૈતિક અને સાંપ્રદાયિક હિંસાની મહિલાઓ ઉપર પડતી અસરો વિશે, કુટુંબવ્યવસ્થા અને સ્ત્રીઓનાં ઘરેલુ બંધનો વિશે ઉગ્ર અને સચોટ સવાલો ઊભા કર્યાં હતા. કહી શકાય કે સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન આવાં મહિલા સર્જકોની સાથેસાથે અનેક પ્રગતિશીલ પુરૂષ સર્જકોએ પણ આધુનિકતાનાં મૂલ્યો-વલણો સાથેના માનવ મુક્તિ અને મહિલામુક્તિ માટેના કલા-સાહિત્યનું સર્જન કર્યું હતું. સ્વતંત્રતા પછીના ભારતમાં શરૂ થનાર મહિલામુક્તિ માટેના પ્રયાસોની એમણે સાર્થક જમીન તૈયાર કરી હતી.

શરૂઆતમાં  વાત કરી એમ, સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન નારી મુક્તિના આંદોલનો સુધી નારી સુધારનાં પ્રયાસો પહોંચી ના શક્યા. પ્રમાણમાં એ પ્રયાસો મંદ પડી પશ્ચાદભૂમાં ધકેલાઇ ગયા. આમ છતાં, સામાન્ય ગૃહિણીઓ, દીકરીઓ, શ્રમિક સ્ત્રીઓ, ઘરની દિવાલોમાંથી બહાર નીકળી રસ્તા પર આંદોલનો કરતી જરૂર થઇ. વિદેશી કાપડની હોળીઓ કરવી, પ્રભાતફેરીઓ કાઢવી, દારૂની દુકાનો સામે પિકેટીંગ (ધરણા-દેખાવો) કરવું, પોલીસનો લાઠીચાર્જ ખમવો, જેલમાં જવું વગેરે કામગિરીઓ તેઓ કૌટુંબિક વિરોધો અને સામાજિક ટીકાઓ સહન કરીને પણ કરતી રહી. આ ઉપરાંત સ્ત્રીઓના કૌટુંબિક, સામાજિક અધિકારો માટે મથનારાં નારી સંગઠનો પણ દેશભરમાં સ્થપાયાં, સક્રિય બન્યાં. સ્ત્રીઓના શિક્ષણ અને સ્વાસ્થ્ય સંબંધી જાગૃતિમાં પણ થોડોઘણો વધારો થયો. ડો. આંબેડકર જેવા શિક્ષિત અને આધુનિકતાની દૃષ્ટિ ધરાવતાં





દલિત નેતાને કારણે દલિત સમુદાયની સ્ત્રીઓમાં પણ શિક્ષણની સાથે સાથે 'દલિત મુક્તિ'ની ચેતના પ્રગટી. આ રીતે જોતાં સમાજના બંને વર્ગો અને તમામ સમુદાયોની સ્ત્રીઓ અને પુરૂષો સુધી એક પ્રકારની સામાજિક જાગૃતિ - ખાસ કરીને સ્ત્રીઓના મુદ્દા વિશેની જાગૃતિ પહોંચી.

અલબત્ત, આપણે નોંધવું જોઇએ કે, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મોટાભાગના નેતાઓ, જવાહરલાલ નહેરૂ અને ડો. આંબેડકર જેવા જૂજ અપવાદો બાદ કરતાં, પૂર્વ આધુનિક મૂલ્યો અને વલણો ધરાવનારા હતા. ગાંધીજી પણ સાંસ્કૃતિક સંદર્ભે પૂર્વ આધુનિક અને પરંપરાવાદી મૂલ્યોમાં વિશ્વાસ ધરાવતા હતા. પરિણામે થોડીઘણી નારી સુધારાની પ્રવૃત્તિઓ થઇ; પરંતુ સ્ત્રીઓના આર્થિક, રાજકીય અને સામાજિક મુક્તિના સભાન પ્રયત્નો ના થયા. આ દરમિયાન મૂડીવાદ ધીરેધીરે પ્રસરી રહ્યો હોવાના કારણે અને યૂરોપ-અમેરિકાનાં નારી મુક્તિ આંદોલનો અને સમાજવાદી નારી મુક્તિના વિચારો, આંદોલનોના કારણે સ્ત્રીઓની સમસ્યાઓ પરત્વેની જાગૃતિ જરૂર ભારતીય સમાજમાં ફેલાઇ રહી હતી. આમ ઓગણીસમી સદી કરતાં વીસમી સદીના પૂર્વાર્ધ દરમિયાન ભારતમાં સ્ત્રીઓની સ્થિતિમાં થોડો સુધારો જરૂર થયો; પરંતુ જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો અને આધુનિકતા તેમને માટે જોજનો દૂર હતાં અને રહ્યાં.

## પ્રકરણ - 9

# આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં સ્વતંત્ર ભારતમાં નારી આંદોલનો

અનેક પ્રકારના વિરોધાભાસો સાથે ભારત 1947 માં સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું. સ્વતંત્રતા મળતાં પહેલાં દેશનું વિભાજન થયું. અનેક રજવાડાંઓમાં વહેંચાયેલાં ભારતને એક રાષ્ટ્ર બનાવવાનો કઠિન પડકાર પણ મ્હોં ફાડીને સામે ઊભેલો હતો. ખેતીપ્રધાન અને ગરીબ દેશમાં આર્થિક વિકાસ કરવાનો હતો. દેશનું બંધારણ ઘડવાનું હતું. સાંસ્કૃતિક રીતે લગભગ પછાત અને પૂર્વઆધુનિકતાનાં સામાજિક માળખાંમાં જકડાયેલી પ્રજામાં આધુનિકતાનો સંચાર કરવાનો હતો. શિક્ષણ, સ્વાસ્થ્ય જેવી પ્રાથમિક જરૂરિયાતો માટેની વ્યવસ્થાઓ ઊભી કરવાની હતી.

તો બીજી તરફ દેશના વિભાજનને કારણે ફાટી નીકળેલી વ્યાપક સાંપ્રદાયિક હિંસા, કાશ્મીરની સમસ્યા, તેલંગણાના ખેડૂતોનું સશસ્ત્ર આંદોલન જેવી સમસ્યાઓએ પણ સામાજિક, રાજકીય અને આર્થિક પડકારો દેશ સમક્ષ ઊભા કર્યાં હતા. આ તમામને કારણે શરૂઆતનાં વર્ષોમાં ખાસ્સી અરાજકતાનું વાતાવરણ રહ્યું. છેવટે 1950માં દેશનું બંધારણ અમલમાં આવ્યું. ભારતે લોકશાહી રાજ્યવ્યવસ્થા સ્વીકારી. આર્થિક ક્ષેત્રે સમાજવાદી મૂડીવાદનો માર્ગ પસંદ કર્યો. ભારતની સામાજિક-સાંસ્કૃતિક વાસ્તવિકતાને જોતાં આ બંને વ્યવસ્થાઓ મસમોટો પડકાર હતી. કેમ કે, સમાજમાં





સામંતી વ્યવસ્થાનાં માળખાં અને મૂલ્યો મોટા પ્રમાણમાં મોજૂદ હતાં. વળી મહિલાઓની મુક્તિના સંદર્ભે જોઇએ તો દેશે સ્વીકારેલા ‘પર્સનલ લોઝ’(કૌટુંબિક કાનૂનો) સમાજની પૂર્વઆધુનિકતાના પુરાવા સમાન હતા. કેમ કે, આ કાયદાઓમાં લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, છૂટાછેડા પછી સંતાનનું વાલીપણું, બાળક દત્તક લેવાની જોગવાઇ, સંપત્તિમાં સ્ત્રીનો વારસાઇ હક્ક જેવી ઘણી મહત્ત્વની બાબતોનો સમાવેશ થતો હતો. બંધારણે આ કાયદા ધર્મઆધારિત રીતરિવાજોની જાળવણી કરવાના હેતુથી બનાવ્યા હતા. પરિણામે એ કાયદા સ્ત્રીઓ માટે જબરદસ્ત અન્યાયકારી હતા. એથી આગળ વધીને કહીએ તો સ્ત્રીના વ્યક્તિગત અને સમાનતાના સ્વાતંત્ર્યને હણનારાં હતા, સ્ત્રીને ‘વ્યક્તિ’ બનતા અટકાવનારા હતા. અહીં નોંધવું જોઇએ કે, આ કાયદાઓમાં આઝાદી પછી નાનાંમોટા ફેરફારો થતાં રહ્યા છે. ખાસ કરીને હિન્દુઓ માટેના ‘પર્સનલ લોઝ’-માં આવા ફેરફારો વધુ થયા છે. પરંતુ સ્ત્રીઓને પરિવારમાં સમાન દરજ્જો આપવાના હેતુની વાસ્તવિકતામાં ખાસ કોઇ ફરક નથી પડ્યો. આ કાયદાનું મૂળ ‘પિતૃસત્તાનું હાર્દ’ તો જેમનું તેમ જ રહ્યું છે. જે સ્વાતંત્ર્ય પછીના નારી મુક્તિ આંદોલનની મર્યાદા સમાન છે.

મહિલાઓ સંબંધે અહીં બીજી એક બાબતની પણ ખાસ નોંધ લેવી જરૂરી છે. સ્વાતંત્રતા મળવાનું નિશ્ચિત થઇ જતાંની સાથે જ રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે ‘આયોજન પંચ’ (પ્લાનિંગ કમિશન)ની રચના કરાઇ હતી. એ પંચના ઉપક્રમે દેશના ભાવિ અર્થતંત્રમાં સ્ત્રીઓની ભૂમિકા અને દરજ્જા વિશે સૂચનો આપવા એક પેટાસમિતિ બનાવાઇ હતી. એનાં આગેવાનો હતાં મૃદુલાબેન સારાભાઇ અને લક્ષ્મીબાઇ રાજવાડે. ઘણાં અભ્યાસો, સંશોધનો, પ્રવાસો-મુલાકાતો બાદ એ સમિતિએ આયોજન પંચ સમક્ષ મૂકેલાં સૂચનોમાં મુખ્ય આ પ્રમાણે હતાં.

1. દેશના / રાજયના કોઇપણ વિકાસ કાર્યક્રમમાં સ્ત્રીઓને ‘સ્વતંત્ર એકમ’ ગણીને આયોજન કરવું જોઇએ. કુટુંબને એકમ ગણીને

કાર્યક્રમ બનાવીને એમ માની લેવું કે, કુટુંબના વિકાસથી આપોઆપ કુટુંબની સ્ત્રીઓનો વિકાસ થઇ જશે, એ ભૂલભરેલું છે. સ્ત્રીને સ્વતંત્ર એકમ ગણવાની સાથે સાથે એને 'ઉત્પાદક સહભાગી' તરીકે જોવામાં આવે.

2. સ્ત્રીઓ ઘરનાં જે કામો વગર વેતને કરે છે તેના આર્થિક મૂલ્યની ગણતરી થવી જોઇએ. ભલે સ્ત્રીને એનો પગાર ન ચૂકવાય; પણ સ્ત્રીને 'કામદાર''નો દરજ્જો મળવો જોઇએ તેમ જ કામદારોના હિત માટે સરકાર તરફથી મળતાં લાભો અને જોગવાઇઓનો લાભ સ્ત્રીઓને મળવો જોઇએ. જેમ કે – આરોગ્ય સારવાર, ઘોડિયાંઘર, વ્યવસાયલક્ષી તાલીમો વગરે. વળી રાજ્ય તરફથી કામદારોને મળતી વીમા જેવી સુરક્ષાઓનો લાભ પણ ગૃહિણી સ્ત્રીઓને મળવો જોઇએ.

3. ઘરનાં કામનાં વળતર તરીકે કુટુંબની આવકના અમુક હિસ્સા ઉપર સ્ત્રીનો અબાધિત અધિકાર હોવો જોઇએ.

સ્ત્રીઓની દૃષ્ટિએ આ પ્રગતિશીલ સૂચનો હતાં. એનો જો અમલ થયો હોત તો સ્ત્રીઓના આર્થિક દરજ્જાની સાથેસાથે સામાજિક – સાંસ્કૃતિક દરજ્જો પણ બદલાયો હોત. પણ એ સૂચનો પૂર્વ આધુનિક માનસિકતાવાળી સરકારે ન સ્વીકાર્યો. સ્ત્રીને સમાજનું 'નબળું જૂથ' (વીકર સેક્શન) ગણીને જ રાજ્ય પોતાની યોજનાઓ બનાવતું રહ્યું.

આઝાદી પછીના લગભગ બે-અઢી દાયકાઓ સુધી કોઇ નોંધપાત્ર આંદોલન અસ્તિત્વમાં ન આવ્યું. અલબત્ત, 1960 પછી શરૂ થયેલા બંગાળના તેભાગા આંદોલન, બિહાર-બંગાળમાં ચાલેલ નક્સલબારી આંદોલન, કિસાન આંદોલનો, મોંઘવારી વિરોધી આંદોલનો, નવનિર્માણ જેવાં વિદ્યાર્થીઓ અને યુવાનોના આંદોલનોમાં મહિલાઓ મોટા પ્રમાણમાં સામેલ તો થતી હતી, પરંતુ તેમાં નારી મુક્તિના કોઇ મુદ્દાઓ સામેલ





નહોતા કે તે 'નારી આંદોલનો' પણ ન હતાં.

## Õ સ્વાયત્ત નારી જૂથોના કેટલાંક નોંધપાત્ર પ્રયાસો

વીસમી સદીના સાતમા દાયકા પછી ભારતમાં કેટલાંક સ્વાયત્ત અને ઝૂઝારૂ નારી જૂથો બનવા શરૂ થયાં હતાં. તેમણે નારી મુક્તિ માટે મહત્ત્વના સવાલો ઉજાગર કર્યાં અને સંઘર્ષો પણ કર્યાં. જેમાંના નોંધપાત્ર છે-

1. મહારાષ્ટ્રના શાહદાનું 'શ્રમિક સંગઠના'. આ જૂથની મહિલાઓએ જંગલ ખાતું અને તેની નીતિઓ તેમજ તેના અમલદારો દ્વારા થતા સ્ત્રીઓના શોષણનો લડાયક રીતે વિરોધ કર્યો. તેમ જ આંદોલન ચલાવ્યું.

2. હૈદરાબાદમાં શરૂ થયેલ 'પ્રોગ્રેસીવ ઓર્ગોનાઇઝેશન ઓફ વિમેન' (પ્રગતિશીલ મહિલા સંગઠન) દ્વારા દેશમાં પહેલી વાર સ્ત્રી-સમાનતા સાથે નારીવાદને સાંકળવાની માંગણી કરાઇ. તેણે સ્ત્રીઓના દમન અને શોષણ માટે સમાજનાં સાંસ્કૃતિક મૂલ્યો સામે આંગળી ચીંધી. સ્ત્રી-પુરૂષ વચ્ચેના શ્રમવિભાજન અને તેને બહાલી આપતાં કૌટુંબિક માળખાંનો ઉગ્ર વિરોધ કર્યો. સ્ત્રીઓને ઉપભોગનું સાધન ગણતાં સિનેમા, સાહિત્ય, પોસ્ટર્સ સામે પ્રતિકારની ઝૂંબેશો શરૂ કરી. દહેજ, બાળલગ્ન, વેશ્યા વ્યવસાયની વિરોધમાં આંદોલનો શરૂ કર્યા. સ્ત્રીઓ માટે કામનાં સ્થળની સવલતોમાં સુધારો, કામ કરતી બહેનોની સલામતી જેવા મુદ્દાઓ વિશે પણ ઝૂંબેશો શરૂ કરી. દહેજ - મૃત્યુ અને છેડતી જેવી ઘટનાઓના વિરોધમાં તેઓએ હજારો યુવતીઓ, મહિલાઓની સાથેસાથે મધ્યમવર્ગની મહિલાઓને પણ પોતાના આંદોલનોમાં જોડી. 1975માં દેશમાં 'કટોકટી' જાહેર થઇ અને એમના આંદોલનને કચડી નાંખવામાં આવ્યું. પરંતુ આ સંગઠને પિતૃસત્તાને

સાંસ્કૃતિક સમસ્યા તરીકે મૂલવીને એને મૂળસોતી નાબૂદ કરવાના જે પ્રયાસો કર્યા – એ નારી મુક્તિની દિશાનું નક્કર પગલું હતું.

3. આર્થિક વિકાસના નામે અમલમાં આવતી મોટી યોજનાઓના કારણે જળ, જંગલ, જમીનો જેવી પ્રાકૃતિક સંપત્તિઓ / કુદરતી સંસાધનોનો જે રીતે વિનાશ થઇ રહ્યો છે, એની સામે અત્યાર સુધીમાં અનેક મોટાં આંદોલનો થયાં છે. અને આ રાજનૈતિક-આર્થિક સ્વરૂપના આંદોલનોમાં મહિલાઓની સામેલગીરી મોટા પ્રમાણમાં અને પુરૂષો કરતાં વધુ જોશભરી જોવા મળે છે. 'નર્મદા બચાઓ આંદોલન', ટેહરી બંધ આંદોલન, કુડનકુલમનું અણુમથક વિરોધી આંદોલન, 'પોસ્કો' વિરોધી આંદોલન. આવા ઘણાં નામ ગણાવી શકાય. આ તમામમાં હિમાચલ પ્રદેશમાં જંગલોને યોજનાઓ માટે કપાતાં બચાવવા માટે દરેક ઝાડને વળગી ઊભી રહેલી બહેનોનું 'ચિપકો' આંદોલન, મહિલાઓ દ્વારા પ્રભાવક રીતે ચલાવાયેલું ઘણું નોંધપાત્ર ગણી શકાય.

અલબત્ત, સ્વાયત્ત જૂથોનાં આંદોલનોમાં હૈદ્રાબાદના 'પ્રગતિશીલ મહિલા સંગઠન'ને બાદ કરતાં અન્ય કોઇ પ્રયાસો 'નારી મુક્તિ'ના એજન્ડા ઉપર કામ કરતાં નથી દેખાતાં. તો બીજી તરફ કુદરતી સંસાધનોને બચાવવાનાં આંદોલનોમાં મહિલાઓનું ઝૂઝારુપણું દેખાય છે. કેમ કે, ભારત જેવા વિકાસશીલ દેશમાં છેલ્લાં બે દશકથી તો ખાસ, જે રીતનો આર્થિક વિકાસ થઇ રહ્યો છે એ ગ્રામીણ પ્રદેશો અને કુદરતી સંસાધનો ઉપર આધારિત સમુદાયો (આદિવાસીઓ, માછીમારો, પહાડી પ્રદેશોની પ્રજાઓ વગેરે) માટે કુઠરાઘાત સમાન છે. એ સમુદાયની મહિલાઓ એનો સીધો અને સૌથી મોટો ભોગ બની રહી છે. આથી સ્વાભાવિક રીતે એ મહિલાઓ માટે એ





સંસાધનોને બચાવવાનો સવાલ જીવન-મરણ સમાન છે. પરંતુ બીજી તરફ બાકીના સમાજે તથા શિક્ષિત મધ્યમવર્ગે પણ સક્રિય રીતે આ આંદોલનોમાં સામેલ થવું જોઇએ; કેમ કે, કુદરતી સંસાધનોનો વિનાશ છેવટે સમગ્ર સમાજ અને વિશ્વ માટે ગંભીર ચિંતાનો વિષય છે.

### Õ 1975**નું આંતર્રાષ્ટ્રીય નારી સંમેલન અને નારીમુક્તિના એજન્ડા ઉપર એના પ્રભાવોઃ**

1975માં દક્ષિણ અમેરિકાના મેક્સિકો શહેરમાં 'આંતર્રાષ્ટ્રીય નારી સંમેલન'નું આયોજન થયું. આ સંમેલનમાં દુનિયાભરની મહિલા કર્મશીલો, જેઓ 'નારી મુક્તિ' માટે કાર્યરત હતી, તેઓ એકત્રિત થઇ. ભારતની મહિલા કર્મશીલો પણ એમાં સામેલ હતી. આ સંમેલનમાં સ્ત્રીઓના પ્રાથમિક નાગરિક અધિકારો, જાતિવાદ(રેસીઝમ), રંગભેદ(કાળા-ગોરા વચ્ચેનો ભેદભાવ), જાતીય અત્યાચારો, યુધ્ધો દરમિયાન અને યુધ્ધોત્તર(યુધ્ધ પછીના) સમયે મહિલાઓ ઉપર આચરાતી હિંસાનો પ્રતિકાર જેવા મુદ્દાઓ ઉપર ચર્ચા-વિચારણાઓ થઇ. વિરોધ-ઠરાવો પસાર થયાં. મહિલાઓમાં સખીપણાં જેવી એકત્વની ભાવના વિકસી. અને સૌથી મહત્ત્વનું તો એ બન્યું કે, 1975ને 'આંતર્રાષ્ટ્રીય મહિલા વર્ષ' જાહેર કરાયું. ત્યારબાદ વર્ષના અંતે સંયુક્ત રાષ્ટ્ર સંઘે એક ડગલું આગળ વધીને 1975થી 1985ના દાયકાને 'મહિલા દશક'જાહેર કર્યો.

આ સંમેલન સંદર્ભે કેટલીક હકીકતો ઊડીને આંખે વળગે એવી છે. આપણે અગાઉ જોયું કે, યૂરોપ-અમેરિકાનાં નારી આંદોલનોએ છેલ્લી ત્રણ સદીઓ દરમિયાન આધુનિકતાની દષ્ટિએ એક ચરણ (તબક્કા)ની સફળતા તો સામાજિક, આર્થિક અને રાજકીય દષ્ટિએ હાંસલ કરી લીધી હતી. પરંતુ સાર્થક નારીમુક્તિ અને માનવમુક્તિનો એજન્ડા તો

હજુ ઘણો બાકી હતો. જેમ કે, સામાજિક-સાંસ્કૃતિક રીતે પિતૃસત્તાની સમાપ્તિ, સ્ત્રીની 'સ્વતંત્ર વ્યક્તિ' તરીકેની ઓળખની પ્રસ્થાપના, આર્થિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક રીતે સ્ત્રી-પુરૂષ સમાનતા વગેરે. આ ઘણા વ્યાપક સવાલો છે અને લાંબા સંઘર્ષના સવાલો છે. વળી આ પુસ્તિકાની શરૂઆતમાં આપણે વાત કરી એમ પિતૃસત્તા એ સામાજિક - સાંસ્કૃતિક વ્યવસ્થા છે અને માનવીના સંસ્કૃતિકરણ દરમિયાન અસ્તિત્વમાં આવેલી વ્યવસ્થા છે, આથી એ પછી જે કોઈ આર્થિક, રાજકીય અને સામાજિક વ્યવસ્થાઓ અસ્તિત્વમાં આવી એના ઉપર પિતૃસત્તાત્મક મૂલ્યોની ઘેરી અસરો છે. આ કારણોસર જો પિતૃસત્તાને નાબૂદ કરવી હોય તો વર્તમાન આર્થિક, રાજકીય અને સામાજિક વ્યવસ્થાઓમાં આમૂલ પરિવર્તન લાવવું પડે. ખાસ કરીને વર્તમાન મૂડીવાદી વ્યવસ્થા, કેમ કે, તે વર્ગભેદ ઉપર આધારિત છે અને વર્તમાન પ્રજાતાંત્રિક વ્યવસ્થા, કેમ કે, તે પ્રતીકાત્મક રીતે 'એક વ્યક્તિ, એક મત'ની સમાનતાની વાત કરે છે, પરંતુ સમાજના તમામ સ્તરે સમાનતા લાવી શકવા અસમર્થ છે. વળી તે મૂડીવાદી અર્થવ્યવસ્થાની ઢાલ છે / રક્ષક છે. પરંતુ આ સંમેલનમાં આમાંના એકપણ સવાલ વિશે ન તો ચર્ચા થઇ ન તો ઠરાવો થયા. જે કાંઇ ચર્ચા અને ઠરાવો થયા એ સ્ત્રીઓને એક 'સમુદાય' તરીકે સ્વીકારીને અને એ સમુદાયની સલામતી સંદર્ભે થયા. પરિણામે આ સંમેલને વિશ્વભરના નારી સમુદાયને વર્તમાન વ્યવસ્થાની 'મુખ્ય ધારા' (મેઇન સ્ટ્રીમ) માં લાવવાના પ્રયાસો કર્યા. બીજા શબ્દોમાં કહીએ તો સ્ત્રીઓને ક્રાંતિકારી રસ્તે જતાં અટકાવી તેને સ્થાપિત વ્યવસ્થાનો હિસ્સો બનાવવાનો પ્રયાસ કર્યો.

## Õ ભારતમાં નારી આંદોલનોનું મુખ્યધારા તરફ પ્રયાણ

1975ના મેક્સિકો સંમેલન અને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા જાહેર કરાયેલ 'નારી દશક'ના પરિણામે ભારતમાં નારી આંદોલનોમાં જબરદસ્ત





ચેતનાનો સંચાર થયો.

1. નારી વિષયક અભ્યાસો શરૂ થયાં. નારી આંદોલનોના ઇતિહાસ અને વર્તમાન વાસ્તવિકતાઓ વિશે લેખો, પુસ્તકો, સંશોધનો શરૂ થયાં. પરિણામે નારી આંદોલનોને સૈધ્ધાંતિક પીઠબળ મળવા માંડ્યું.
2. સ્વાયત્ત મહિલા જૂથોએ રેલી, ધરણાં જાહેરસભાઓ ઉપરાંત સાંસ્કૃતિક માધ્યમો, જેવાં કે 'શેરીનાટકો, જાગૃતિ ગીતો, દસ્તાવેજી ફિલ્મો વગેરેનો, અસરકારક ઉપયોગ શરૂ કર્યો. જેના કારણે નારી સમસ્યાઓનો વ્યાપક પ્રચાર-પ્રસાર શરૂ થયો.
3. કાનૂની સહાય કેન્દ્રો શરૂ કરીને સ્ત્રીઓ માટે ન્યાયનો રસ્તો સુગમ બનાવ્યો.
4. નિરાધાર, ત્યક્તા સ્ત્રીઓ માટે નારી સંરક્ષણ ગૃહો શરૂ થયાં.
5. ડોક્ટરો,વકીલો, લેખકો, પત્રકારો જેવા વ્યવસાયી જૂથોએ પોતપોતાનાં કાર્યક્ષેત્રોમાં નારીવાદી વિચારસરણીને સ્વીકૃતિ આપવા માંડી અને એ મુદ્દે સંવેદનશીલતા કેળવવી શરૂ કરી.
6. બિનસરકારી સંગઠનો, સ્વૈચ્છિક સંગઠનો (એન.જી.ઓ.) – જે વિકાસલક્ષી કામગીરી કરી રહ્યાં હતાં, તેમણે નારીવાદી પરિપ્રેક્ષ્ય (દૃષ્ટિકોણ) સાથે મોટા પાયે શહેરી અને ગ્રામીણ વંચિત સમુદાયોની સ્ત્રીઓ સાથે વિકાસલક્ષી કામગીરી શરૂ કરી.

આ 'નારી દશક' દરમિયાન નારી આંદોલનોએ કેટલાંક મહત્ત્વનાં સિધ્ધાંતો તારવ્યા અને તેના ઉપર સ્વાયત્ત નારી જૂથો અને નારીવાદી સ્વૈચ્છિક સંગઠનોએ સક્રિય કામગીરીઓ શરૂ કરી.

1. સ્ત્રીઓ સમાજનો 'પીડિત સમુદાય'(ઓપ્રેસ્ડ કમ્યુનિટી) છે. તે અત્યાચારો અને અન્યાયોનો ભોગ બને છે. તેમને 'નીચલો દરજ્જો' આપવામાં આવે છે.

2. સ્ત્રીઓ સાથે થતો આવો વ્યવહાર ‘કુદરતી’, ‘દૈવી’ કે ‘અફર’ નથી. એ માનવસર્જીત સભ્યતાઓ અને સંસ્કૃતિઓના કારણે છે; અને તેને પરિવર્તિત કરી શકાય છે.

3. સમાજે સ્ત્રીને સોંપેલી ભૂમિકાઓ, પરંપરાગત રીતે ઘડાયેલી સામાજિક સંરચનાઓનો પરિપાક છે. તેને બદલી શકાય છે.

4. સ્ત્રીઓ પરત્વેના ભેદભાવો અને પિતૃસત્તાત્મક મૂલ્યો સાંસ્કૃતિક મુદ્દા છે. તેને બદલવા બે મોરચે સમાંતરે પ્રયાસો કરવા પડે.

   (અ) સાંસ્કૃતિક મોરચે - પ્રચાર પ્રસાર દ્વારા

   (બ) કાનૂની મોરચે - અદાલતો દ્વારા અને નવા કાનૂનો દ્વારા

આ બંને મોરચે સમાંતરે પ્રયાસો ચાલુ રાખવા પડે. કોઈ એક મોરચાથી પરિણામ ન મળે. જેમ કે, માત્ર કાયદો બદલવાથી સમાજનાં મૂલ્યોમાં બદલાવ ના આવે.

સરવાળે જોઈએ તો, 1975ના મહિલા સંમેલનમાં સંયુક્ત રાષ્ટ્રે 1975ના વર્ષને આંતર્રાષ્ટ્રીય મહિલા વર્ષ જાહેર કર્યું. એ વર્ષના અંતે અને એ વર્ષની સફળતાઓને ધ્યાનમાં લઈને સંયુક્ત રાષ્ટ્રે 1985 સુધીના આખા દશકને ‘મહિલા દશક’ તરીકે ઉજવવાનું જાહેર કર્યું. આ જાહેરાતને કારણે ભારતમાં નારી આંદોલનાના વ્યાપ અને છેવાડાની મહિલાઓ સુધીની પહોંચમાં ખાસ્સો વધારો થયો. એ આંદોલનો ગતિમાન પણ બન્યાં. તેઓ હવે તો મુખ્યધારા ભણી ઝડપથી ગતિ પણ કરી રહ્યાં છે. પંચાયતી રાજની સંસ્થાઓમાં હવે તો મહિલાઓ અનામત બેઠકો પણ મેળવી ચૂકી છે. સંસદ અને વિધાનસભાઓમાં અનામત બેઠકો માટેની ચર્ચાઓ પણ શરૂ થઈ ચૂકી છે. સરકારી અને ખાનગી ક્ષેત્રના તમામ હોદ્દાઓ સુધી પણ હવે થોડીઘણી મહિલાઓ પહોંચી રહી છે. પોલીસ અને સુરક્ષા





દળોના ઉચ્ચ હોદ્દાઓ સુધી પણ તેઓ પહોંચી રહી છે. સરકારે મહિલાલક્ષી કેટલાક કાનૂનો બનાવવા માંડ્યા છે. ઉદ્યોગોમાં પણ મહિલાઓ ઉચ્ચ હોદ્દાઓ મેળવતી થઈ છે. આવી યાદી આજે ઘણી લાંબી કરી શકાય એમ છે –મહિલાઓની સિધ્ધિ સંદર્ભે.

પરંતુ આપણા પાયાગત સવાલો તો તોય ઊભા જ છે. ‘માનવ મુક્તિ’ અને ‘નારી મુક્તિ’ના સંદર્ભે આ આંદોલનો,સિધ્ધિઓ ક્યાં પહોંચ્યાં છે? કેટલે પહોંચ્યાં છે? એની દિશા સાર્થક ‘મુક્તિ’ અને આધુનિકતા ભણી છે કે વર્તમાન વ્યવસ્થાઓમાં એક વધુ સ્થાપિત હિત થવા ભણી?

# પ્રકરણ - 10

# એકવીસમી સદી : નારીમુક્તિ સામેના પડકારો

## (ભારતીય સમાજના સંદર્ભમાં)

ભારતમાં નારી મુક્તિ માટે મથતાં નારી આંદોલનો સામે એકવીસમી સદી બહુપરિમાણી પડકારો લઈને આવી છે. એ માત્ર સાંસ્કૃતિક ક્ષેત્રના જ પડકારો નથી. એ આર્થિક, રાજનૈતિક અને સામજિક માળખાંઓમાંથી નીપજતાં મૂલ્યો અને વલણો વિશેના પડકારો પણ છે. આ પડકારો અત્યંત ગંભીર પણ છે, અને જટિલ પણ; કેમ કે, આ તમામ વ્યવસ્થાઓના માળખાં એકમેક સાથે અતૂટપણે સંકળાયેલાં છે. પરિણામે આ વ્યવસ્થાઓના આંતર્‌સંબંધોમાંથી પ્રગટ થતાં મૂલ્યો, વલણો કઇ વ્યવસ્થાની મૂળ દેન છે, એનું વિશ્લેષણ કરવું અત્યંત કઠિન બની જાય છે. અલબત્ત, એ અસંભવ નથી. નારી મુક્તિના આંદોલનો જો નારી મુક્તિને જ પોતાનું અંતિમ ધ્યેય ન બનાવે અને જો માનવ મુક્તિને અંતિમ ધ્યેય બનાવી પોતાની દિશા અને વ્યાપને સમયે સમયે ચકાસતાં રહે તથા સમય-સંજોગ પ્રમાણે પોતાના સુકાનની દિશા બદલતાં રહે તો સંભવ છે કે એ એવા પડાવો સુધી પહોંચતા રહે, જ્યાં નારીમુક્તિ અને માનવમુક્તિ વચ્ચેનું અંતર ઘટતું જતું હોય.





### 1. આર્થિક માળખાના પડકારો

છેલ્લા બે દશકથી લગભગ આખી દુનિયામાં મૂડીના વૈશ્વિકીકરણના પ્રભાવો ઓછાવત્તા અંશે પ્રસરવા માંડ્યા છે. આ પ્રભાવોનું એક પરિણામ એ છે કે, તે સમાજના બંને પ્રકારના આર્થિક વર્ગો અમીર અને ગરીબ વચ્ચેની ખાઇ વધુ ને વધુ પહોળી અને ઊંડી કરી રહ્યું છે. તેના મુખ્ય પ્રભાવો ઉપર નજર કરીએ તો-

1. તે મૂડીનું નિગમીકરણ(કોર્પોટાઇઝેશન) કરી રહ્યું છે. મતલબ કે, મૂડી પોતાનું કદ અને તાકાત વધારવા વૈશ્વિક અર્થવ્યવસ્થાના સ્રોતો મારફતે એકત્રિત થઈને બહુરાષ્ટ્રીય નિગમોનું સ્વરૂપ ધારણ કરી રહી છે.
2. તે કુદરતી સંસાધનોનું મૂડીમાં રૂપાંતર કરી રહ્યું છે. સાદી રીતે સમજીએ તો તે તમામ પ્રકારના કુદરતી સંસાધનોને – જંગલો, ખાણો, જમીનો, પાણી, ખનીજો, સૂર્યપ્રકાશ વગેરેના ઉપર નિગમોના માધ્યમથી પોતાનો કબ્જો જમાવી તેનું ખરીદ-વેચાણની ચીજવસ્તુઓમાં રૂપાંતર કરી દઇ રહી છે.
3. તે જે રીતે કુદરતી સંસાધનોનું દોહન કરી રહ્યું છે તેનાથી સમગ્ર વિશ્વના પર્યાવરણની સમતુલા ઝડપથી તૂટી રહી છે અને એ વધુ ને વધુ જોખમી બનતી જઇ રહી છે.
4. તે નિગમોના માધ્યમથી નવસામ્રાજ્યવાદ (નીઓ ઈમ્પીરીયાલિઝમ) તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. નવસામ્રાજ્યવાદ એટલે કોઈપણ ગરીબ અને વિકાસશીલ રાષ્ટ્રના કુદરતી સંસાધનો અને શ્રમશક્તિ ઉપર પોતાનું આર્થિક પ્રભુત્વ (વર્ચસ્વ) સ્થાપિત કરી, તે બંનેનું મનફાવે તેમ દોહન કરવું.

મૂડીના વૈશ્વિકીકરણના આ ચારેય મુખ્ય પ્રભાવોની સીધી નકારાત્મક

અસરો ગરીબ અને શ્રમજીવી વર્ગો ઉપર પડે છે. ઉપરાંત સમાજના વંચિત અને હાંસિયાકૃત સમુદાયો ઉપર પડે છે; કેમ કે, આવા સમુદાયો મુખ્યત્વે કુદરતી સંસાધનો ઉપર આધારિત જીવન ગુજારતા હોય છે, જેમ કે – આદિવાસીઓ, નાના અને સીમાંત ખેડૂતો, ખેતમજૂરો, માછીમારો વગેરે. તો વળી ગરીબ અને વિકાસશીલ રાષ્ટ્રોની ઉપર પણ મૂડીના વૈશ્વિકીકરણના આ દૌરની અસર ગરીબ અને શ્રમજીવી વર્ગ જેવી જ થઈ રહી છે. વળી રાષ્ટ્રોની વાત કરીએ છીએ એટલે સ્વાભાવિક રીતે જ એ ચોક્કસ પ્રકારના રાજનૈતિક પ્રભાવો પણ એ રાષ્ટ્રો ઉપર પાડી રહી છે. આપણા દેશનું જ ઉદાહરણ લઈએ. અલબત્ત, ભારત હવે ગરીબ દેશ નથી. વિકાસશીલ રાષ્ટ્ર તરીકે ઝડપી ગતિથી વિકાસ પામી રહેલું રાષ્ટ્ર છે. છતાં છેલ્લા એકાદ દશકથી આપણે ત્યાં શોષિત અને હાંસિયાકૃત સમુદાયો જે રીતે પોતાનાં જીવનસ્રોતો સમાન-જંગલો, જમીનો, પાણી, નદીઓ, સમુદ્રો વગેરેને બચાવવા આંદોલનો કરી રહ્યા છે, જીવ પર આવીને ઝઝૂમી રહ્યાં છે –તેના અહેવાલો, દૃષ્યો રોજેરોજ માધ્યમો મારફત આપણા સુધી પહોંચી રહ્યાં છે.

મૂડીના વૈશ્વિકીકરણનો બીજો એક મહત્ત્વનો પ્રભાવ કુદરતી સંસાધનો ખરીદ-વેચાણની ચીજવસ્તુઓમાં રૂપાંતરિત કરવાનો પણ છે. જેમ કે, પાણીને અત્યાર સુધી બજાર સાથે ખૂબ ઓછી નિસ્બત હતી. પાણી અત્યાર સુધી જીવનજરૂરી કુદરતી સંપત્તિ હતી અને તેના વિતરણની સત્તા રાજ્ય (સરકાર) પાસે હતી. આજે પાણી ઉપર માલિકી રાજ્યની નહીં પણ નિગમોની બની જવા માંડી છે અને વિતરણની સત્તા બજાર પાસે જઈ રહી છે. આ જ વાસ્તવિકતા હવે ધીરેધીરે સૂર્યપ્રકાશ (સૌર ઉર્જા) ને પણ લાગુ પડી રહી છે વીજળી જેવી વર્તમાન જીવનની પાયાની જરૂરિયાત હવે પર્યાવરણના રક્ષણના નામે સૂર્યપ્રકાશમાંથી મેળવવાની શરૂઆત થઈ રહી છે અને એ સૂર્યપ્રકાશ (સૌર ઉર્જાનાં વિશાળકાય ફાર્મ્સ / પ્લાન્ટ્સ) પર માલિકી નિગમોની થવા માંડી છે. તે સૂર્યપ્રકાશને





વીજળીમાં રૂપાંતરિત કરીને આપણને વેચે છે.

ત્રીજો મહત્ત્વપૂર્ણ પ્રભાવ રાજનૈતિક નીતિઓના સ્વરૂપે ગરીબ અને વિકાસશીલ દેશો ઉપર મૂડીના વૈશ્વિકરણનો પડી રહ્યો છે. આ પ્રકારના દેશોનું અર્થતંત્ર - ખાસ કરીને કુદરતી સંસાધનો અને સસ્તી શ્રમશક્તિ - નિગમીકૃત મૂડી ઉપર આધારિત થઈ જવાને કારણે ત્યાંનાં રાજ્યોએ કુદરતી સંસાધનો અને શ્રમશક્તિ સંબંધી નીતિઓ મૂડીને અનુકૂળતા અને સવલતોને કેન્દ્રમાં રાખીને જ બનાવવી પડે છે. પરિણામે એ રાષ્ટ્રોનાં કુદરતી સંસાધનો ઉપર આધારિત સમુદાયો અને શ્રમજીવીઓ વધુ ને વધુ ગરીબ થતાં જાય છે. આ તમામ આર્થિક પરિસ્થિતિનો પ્રભાવ માનવમુક્તિ અને નારીમુક્તિની દૃષ્ટિએ જોઈએ તો-

1. માણસ ગ્રાહક બની રહ્યો છે. કેમ કે, જીવન જરૂરિયાતની સેવાઓ, ચીજવસ્તુઓનું રૂપાંતર માલના સ્વરૂપમાં થતું જાય છે અને માલ બજારના માધ્યમથી જ ખરીદાય છે, વેચાય છે. આથી માણસમાં ગ્રાહક તરીકેની સંસ્કૃતિ ઝડપથી વિકસી રહી છે. બીજા શબ્દોમાં કહીએ તો માનવ તરીકેનાં સાંસ્કૃતિક મૂલ્યો ગ્રાહક તરીકેની બજાર સંસ્કૃતિનાં મૂલ્યો આગળ વામણાં બનતાં જાય છે.

2. નિગમીકૃત મૂડી તરફ રાજનીતિનો ઝોક વધવાને કારણે શ્રમશક્તિની સાંગઠનિક તાકાતની ધાર બુઠ્ઠી પડી રહી છે, તેથી શ્રમશક્તિ અસંગઠિત, અસલામત અને સસ્તી થઈ રહી છે. પરિણામે શ્રમજીવી પરિવારોમાં બેરોજગારી વધી રહી છે. એ વધતી બેરોજગારી શ્રમજીવી પરિવારોનાં માનવમૂલ્યોને કોતરી ખાય છે; પરિણામે માનવ અ-માનવીય હલાતમાં જીવતા રહેવાના હવાતિયાં મારે છે. જેનો સીધો પ્રભાવ એના પરિવાર અને સમાજની સંસ્કૃતિઓ ઉપર પડે છે.

3. ‘મોટી માછલી નાની માછલીને ખાય’ - આ જંગલની સંસ્કૃતિનો

નિયમ હવે નિમગમીકૃત મૂડી સામે નાનાં વેપારીઓ,કારીગરો, ગૃહ અને લઘુ ઉદ્યોગોનો માલિકો ઉપર લાગુ પડી રહ્યો છે. નિગમીકૃત મૂડી પાણી, શાકભાજીથી માંડીને તમામ ચીજવસ્તુઓ તેમજ શિક્ષણ અને આરોગ્યની સેવાઓ પણ વેચવા માંડી છે. આથી નાનાં વેપારીઓ,નાનાં ઉદ્યોગપતિઓ, કારીગરો પાસે જીવવાનો એક જ રસ્તો બચે છે – એ નિગમીકૃત મૂડીના વિશાળ અને જટિલ તંત્રનો એક પૂર્જો બની જાય. જો ન બને તો બેરોજગાર બની જાય. ફરીથી, આ બંને રસ્તા માનવીનું અ-માનવીયકરણ કરવાનાં છે.

4. મૂડીવાદ સ્ત્રીને શ્રમબજારમાં તો ક્યારનો લઈ આવ્યો છે, એથી એનાં હાલનાં સાંસ્કૃતિક પ્રભાવો – પહેલાં ત્રણ મુદ્દામાં જેની વાત કરી તે – તો સ્ત્રીઓનું પણ અ-માનવીયકરણ કરી જ રહ્યું છે. બીજી તરફથી ઘરપરિવારનાં ભરણપોષણની વ્યવસ્થા પણ સામાજિક રીતે સ્ત્રીઓ ઉપર હોવાના કારણે તેણે પરિવારજનોના અ-માનવીય મૂલ્યો-વલણોનો બોજ અને હિંસા પણ વેઠવી પડે છે.

5. બીજી તરફ મધ્યમ અને ઉપલાવર્ગની સ્ત્રીઓનું પણ અ-માનવીયકરણ થઈ રહ્યું છે; કેમ કે, તેને પોતાનું સૌંદર્ય, નજાકત, લાલિત્ય બજારમાં વેચવામાં કોઈ સંકોચ નથી થતો. તેની પાછળ ક્યારેક જરૂરિયાત કારણભૂત હોય છે તો મોટેભાગે ઉપભોક્તાવાદ.

વર્તમાન અર્થવ્યવસ્થાએ નારીમુક્તિ અને માનવમુક્તિનાં ધ્યેયો સામે ફેંકેલા આ સાંસ્કૃતિક પડકારો છે.

## 2. રાજનૈતિક માળખાના પડકારો

આપણા દેશનું રાજનૈતિક માળખું સંઘીય અને પ્રજાતાંત્રિક છે. અહીં





દરેક નાગરિક સમાન છે, સ્વતંત્ર છે. અને દરેક પુખ્ત નાગરિકને સમાન મતાધિકાર છે. પણ વાસ્તવિકતામાં શું આપણી રાજનીતિ દરેક નાગરિકને સમાન અને સ્વતંત્ર માને છે? દરેક નાગરિક શું સ્વેચ્છાએ પોતાના વ્યક્તિગત હિત – અહિતનાં લેખાંજોખાં કરીને મતદાન કરે છે? પ્રજાતંત્ર માટે આ પાયાનાં સવાલો છે; કેમ કે, નાગરિક એ પ્રજાતંત્રનું સ્વતંત્ર એકમ છે. આપણાં રોજ-બ-રોજનાં અનુભવો અને નિરીક્ષણો ઉપરથી સમજાય છે કે, વર્તમાન પ્રજાતંત્રનાં ધોરણો બેવડાં અને અન્યાયી છે. એક તરફ એ સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયની ગુલબાંગો લગાવે છે અને બીજી તરફ એ સમાજના મોટા વર્ગ - સમુદાયો ગરીબ-શોષિતોને આધુનિકતાના આ ત્રણેય પાયાગત મૂલ્યો, માપદંડથી આઘા રાખે છે. તે જાણે છે કે, તેની આર્થિક નીતિઓ ગરીબો-શોષિતો વિરોધી છે, તેથી તે ચૂંટણી સમયે ગરીબો, શોષિતો પાસે સુશાસનના મુદ્દા પર, કાયદો અને સલામતીના મુદ્દા પર, ધર્મ, જાતિ અને જ્ઞાતિના મુદ્દાઓ પર મત માંગે છે. વળી ચૂંટણીમાં ઝંપલાવતી તમામ રાજનૈતિક પાર્ટીઓની આર્થિક નીતિઓ નાનામોટા તફાવતો છોડી દઈએ તો એકસમાન હોવાથી ગરીબો, શોષિતો પાસે ખાસ કોઈ વિકલ્પ હોતો નથી. આનો સીધો મતલબ એ થયો કે, મૂડીવાદી પ્રજાતંત્રનાં સાંસ્કૃતિક મૂલ્યોનું વર્ચસ્વ ક્રમશઃ જનમાનસ પર વધી રહ્યું છે. સ્વતંત્રતા, સમાનતા અને ન્યાયનો ખ્યાલ તેના માટે બદલાઈ રહ્યો છે. આ એક ખતરનાક સાંસ્કૃતિક વળાંક છે.

માનવ મુક્તિ અને નારી મુક્તિ માટે મથનારાં આંદોલનો / પરિબળોએ આધુનિકતાનાં મૂલ્યોના સાર્થક ખ્યાલોને જનમાનસ સુધી લઈ જવાનું ભગીરથ કાર્ય શરૂ કરવું પડશે. એમણે પ્રજાતંત્રના પાયાનાં મૂલ્યો માત્ર રાજનૈતિક હેતુ માટે જ નહીં, સમાજ અને જીવનના સમાનતા અને સ્વતંત્રતાલક્ષી તથા ન્યાયપૂર્ણ વિકાસ માટે જનમાનસમાં ઊંડે સુધી ઉતારવાં પડશે. તો જ જનમાનસ 'ટોળું', 'ધર્મજન', 'જ્ઞાતિજન' મટીને 'નાગરિક' બની શકશે. જો જનમાનસ નાગરિક બનશે તો જ સાર્થક પ્રજાતંત્ર સુધી પહોંચી શકાશે.

નારી મુક્તિની દૃષ્ટિએ જોઈએ તો વર્તમાન પ્રજાતંત્ર નારીને એક નબળો સમુદાય ગણીને જ કેટલાક લાભો આપે છે. તેને સ્વતંત્ર નાગરિક ગણીને સમાન અધિકારો નથી આપતું. કેમ કે, તે સમુદાયોના મત ઉપર ચાલે છે, વ્યક્તિઓના મત ઉપર નહીં. આ નારીમુક્તિ માટે બીજો સાંસ્કૃતિક પડકાર છે. સ્ત્રીને સ્વતંત્ર વ્યક્તિ તરીકે કઇ રીતે પ્રસ્થાપિત કરવી?

ત્રીજો સવાલ વર્તમાન પ્રજાતંત્રમાં પ્રતીકાત્મકતાનો છે. શોષિત સમુદાયોમાંથી એ અમુક વ્યક્તિઓને ઉઠાવીને નાનીમોટી ખુરશીઓ ઉપર બેસાડી દઈને સમગ્ર સમુદાયમાં એવી લાગણી પ્રસરાવે છે કે તેમનું રાજનીતિમાં પ્રતિનિધિત્વ છે. તો બીજી તરફ આ પ્રજાતંત્ર આ રીતે આવાં પારંપરિક સમુદાયોની ઓળખને દૃઢિભૂત કરીને સમાજનાં પૂર્વઆધુનિક માળખાંનાં સાંસ્કૃતિક મૂલ્યોનો ઉપયોગ પોતાના સંકુચિત સ્વાર્થ ખાતર કરે છે. શોષિત સમુદાયોમાં સ્ત્રી સમુદાય પણ છે –એણે નારી મુક્તિ સંદર્ભે આ કારસા સામે અવાજ બુલંદ કરવો જ પડશે.

હાલમાં કેટલાંક નારી સંગઠનો સંસદ, વિધાનસભાઓમાં સ્ત્રીઓની રાજનૈતિક ભાગીદારીના નામે અનામત બેઠકોની માંગ કરી રહ્યાં છે. આધુનિકતાના દૃષ્ટિકોણથી જોઈએ તો શું નારી મુક્તિનો આ એજન્ડા છે? શું શોષિત સમુદાય શોષણની આ રાજનીતિના ચક્કરમાં પોતાની ભાગીદારી માંગી રહ્યો છે? શું આ રીતે પહોંચી શકાશે નારી મુક્તિ સુધી? મુક્તિનો રસ્તો શોષણના ચક્કરને ખતમ કરવામાં છે કે એમાં ભાગીદાર બનવામાં? આ માત્ર રાજનૈતિક અને વ્યૂહાત્મક જ નહીં, સાંસ્કૃતિક સવાલો પણ છે કે, આપણે ક્યાં મૂલ્યોના આધારે આગળ વધવા માંગીએ છીએ?

## 3. પૂર્વ આધુનિક સામાજિક માળખાંનાં પડકારો

આપણા સમાજનો મોટાભાગનો હિસ્સો પૂર્વઆધુનિક સામાજિક માળખાંની બંધનયુક્ત બેડીઓની સંસ્કૃતિમાં કેદ થઈને રહેલો છે. એનું કારણ છે - જ્ઞાનપ્રકાશ અને નવજાગૃતિ (રેનેસાં) ના અભાવે સામંતી સમાજ





વ્યવસ્થાની જડ ઘાલી ગયેલી રૂઢિઓ અને પરંપરાઓ. વળી એમાંયે આપણા સમાજમાં સદીઓથી દૃઢ થતી ગયેલી શ્રમવિભાજનને નામે અસ્તિત્વમાં આવેલી વર્ણવ્યવસ્થાનાં મૂલ્યો-વલણો. શોષક અને શોષિત- બંને વર્ણોમાં એ મૂલ્યો રોમેરોમમાં પ્રસરેલાં છે. તો સ્ત્રી-પુરૂષ વચ્ચેનાં સાંસ્કૃતિક-સામાજિક ભેદભાવો પણ એટલા જ જડબેસલાક છે. ભારતીય સમાજમાં તો વળી ધાર્મિક, સાંપ્રદાયિક વૈવિધ્ય પણ ઘણું છે અને તેમની વચ્ચેની ટકરામણો, દુશ્મનાવટો પણ પુરાણી છે. આ તમામ પૂર્વ આધુનિક માળખાં પોતપોતાનાં કોશેટામાંથી બહાર નીકળવા માંગતાં નથી. આધુનિકતાની સંસ્કૃતિ સામે આ મહાકાય પડકારો છે. આ પૂર્વઆધુનિક માળખાંમાંથી માનવીને માનવી કે મુક્ત વ્યક્તિ કેવી રીતે બનાવવો? આવા સમાજમાં આજના યુગમાં નવજાગૃતિ માટેનું આંદોલન ક્યાંથી અને કેવી રીતે પેટવવું? કેમ કે, સમાજનાં બીજાં માળખાં – આર્થિક અને રાજનૈતિક – એક હદે આધુનિક બની ચૂક્યાં છે. અને એ બંનેનો સ્વાર્થ પૂર્વઆધુનિક સમાજિક-સાંસ્કૃતિક માળખાં ટકી રહે એમાં છે. કેમ કે, જો એ બંને આ માળખાંને આધુનિક બનાવે તો એ પોતાની વર્ગીય ઓળખો સુધી પહોંચે. અને વર્ગીય ઓળખ એ વર્તમાન મૂડીવાદ અને પ્રતીકાત્મક પ્રજાતંત્ર બંને માટે ખતરો બને. એમાંયે મૂડીના વૈશ્વિકીકરણના આ દૌરમાં જો વર્ગીય ઓળખ વૈશ્વિક રૂપ ધારણ કરે તો?

આ પૂર્વ આધુનિક કૌટુંબિક, જ્ઞાતિગત, ધર્મગત, સંપ્રદાયગત, જાતિગત માળખાંમાં સ્પષ્ટ છે કે, સૌથી વધુ અન્યાયો અને અત્યાચારોનો ભોગ બને છે – સ્ત્રીઓ. કેમ કે, એ માનવસભ્યતાનો સૌથી પહેલો શોષિત સમુદાય છે. આથી જેમ જેમ સભ્યતાઓ વિકસતી ગઈ અને શોષણનાં માળખાં વધતાં ગયાં તેમ તેમ સ્ત્રીઓનું શોષણ બહુપરિમાણી બનતું ગયું. નારીમુક્તિ માટે આ માળખાંને હચમચાવવાનો આ સૌથી પહેલો અને પ્રત્યક્ષ એજન્ડા છે. એવું નથી કે, નારી આંદોલનો આ માળખાંઓ સામે ચૂપ છે. તેઓ આ પિતૃસત્તાત્મક માળખાંઓ સામે જરૂર પડ્યે ચોક્કસ અવાજ ઉઠાવે છે. પણ સવાલ એ માળખાંઓ સામે, અન્યાય કે

અત્યાચારના સમયે પ્રત્યાઘાત સ્વરૂપે સવાલ ઉઠાવવાનો નથી, એને લક્ષ્ય બનાવી સંગઠિત સ્વરૂપે જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો સાથે હલ્લો બોલવાનો છે.

## 4. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો પડકાર

ગઇ સદીમાં પહેલીવાર જર્મનીના હિટલર અને ઇટલીના મુસોલિનીના શાસન દરમિયાન સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અથવા તો સાંસ્કૃતિક ફાસીવાદનો ભોરિંગ આધુનિક મૂડીવાદ અને પ્રજાતંત્રના કોથળામાંથી બહાર આવ્યો. ત્યારે ઘણાં બૌધ્ધિકો, ચિંતકોને લાગ્યું હતું કે, આ આધુનિકતાને કારણે જન્મેલો ભોરિંગ (નાગ) છે. એમને આધુનિકતામાં કંઇક ગરબડ દેખાઇ. પરંતુ હકીકતમાં એ આધુનિકતાની ખામી નહોતી, આધુનિકીકરણ (મોડર્નાઇઝેશન)ની ખામી હતી. આધુનિકતા વ્યક્તિગત અને સામાજીક ધોરણે મૂલ્ય ઘડતરની પ્રક્રિયા છે, જ્યારે આધુનિકીકરણ એ આર્થિક, રાજકીય અને સામાજિક માળખાંને આધુનિક પધ્ધતિઓથી વિકસાવવાની પ્રક્રિયા છે.

ખેર, ભારતમાં સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની શરૂઆત હિન્દુ મહાસભા અને આર.એસ.એસે. આઝાદી પૂર્વેથી શરૂ કરી દીધી હતી. ત્યારબાદ મુસ્લિમ લીગે એનો ઉપયોગ કરીને મુસ્લિમો માટે અલગ રાષ્ટ્રની માંગ આગળ કરી. છેવટે દેશનું વિભાજન આઝાદીની સાથે જ થયું. અને એ જ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદે ગાંધીજીની હત્યા પણ કરી. છેલ્લાં અઢી-ત્રણ દાયકાથી તો એ ભોરિંગ ફરીથી દેશભરમાં માથું ઉંચકી રહ્યો છે. 1992માં બાબરીધ્વંસ અને 2002નો ગુજરાત જનસંહાર એનાં નાદર નમૂના છે. એ જ રીતે 1980ના દાયકા દરમિયાન પંજાબમાં આતંક મચાવનાર ખાલીસ્તાની ચળવળ પણ એનું ઉદાહરણ છે.

પોતાના ધર્મ, સંપ્રદાય કે જાતિની સંસ્કૃતિ જ સર્વશ્રેષ્ઠ છે અને એ રાષ્ટ્રીય સંસ્કૃતિ છે, રાષ્ટ્રમાં વસતાં તમામ અન્ય ધર્મ, સંપ્રદાય કે જાતિનાં લોકોએ




એ સંસ્કૃતિની શ્રેષ્ઠતા સ્વીકારી લેવી જોઇએ અને પોતપોતાની સંસ્કૃતિઓને એ શ્રેષ્ઠ, સર્વોપરિ, રાષ્ટ્રીય સંસ્કૃતિના તાબા નીચે, પારંપરિક પરિવારના માળખામાં રહેતા નાનાભાઇની જેમ, જીવન ગુજારતાં શીખી જવું જોઇએ. પારંપરિક અને પૂર્વ આધુનિકતાની દેન સમી ધાર્મિક, સાંપ્રદાયિક કે જાતિગત સંસ્કૃતિ અને આધુનિકતાની દેન સમા રાષ્ટ્રીયતાના ખ્યાલ વચ્ચેની આ ભેળસેળ અથવા સાઠગાંઠ પ્રથમ નજરે અતાર્કિક અથવા કજોડું લાગે; પણ વાસ્તવમાં એ જનમાનસની પૂર્વઆધુનિકતાને ઉશ્કેરીને આધુનિકતાના રાજનૈતિક માળખા સાથે એનો સંબંધ જોડીને પોતાની એકહથ્થુ અથવા સરમુખત્યારી સત્તા સમગ્ર રાષ્ટ્ર ઉપર જમાવવાનો વ્યૂહ છે. માનવમુક્તિની દૃષ્ટિએ એનો સામનો સાંસ્કૃતિક અને રાજનૈતિક બંને મોરચે કરવાની જરૂર છે.

ગુજરાતમાં તો છેલ્લા એક દશકમાં આપણે જોઇ રહ્યાં છીએ કે, સાંસ્કૃતિક સર્વોપરિતાને માત્ર રાષ્ટ્રીયતા સાથે જ નહીં, પ્રાદેશિકતા અને આધુનક ઢબના આર્થિક વિકાસ સાથે પણ સાંકળીને સાંસ્કૃતિક ફાસીવાદના ભોરિંગને દસમાથાળો બનાવી દેવાયો છે. ગુજરાતનો આજનો વાસ્તવ ભલે અટપટો અને અંધકારમય લાગે, પણ એનો હલ, આધુનિકતાનાં પાયાગત મૂલ્યો – બુધ્ધિનિષ્ઠા, વૈજ્ઞાનિક અભિગમ, માનવવાદ, વૈશ્વિકવાદ, ધર્મનિરપેક્ષતા વગેરેને – વળગી રહીને એનો પ્રતિકાર કરવામાં જ છે. અને એ પ્રતિકાર સાંસ્કૃતિક, રાજનૈતિક અને સાર્થક આધુનિક આર્થિક વિકાસ સંદર્ભે કરવો જોઇએ.

માનવ મુક્તિ અને નારી મુક્તિ માટે મથનારાં પરિબળો માટે આ આજનો મહત્ત્વનો પડકાર છે. નારી મુક્તિ સંદર્ભે ખાસ એટલા માટે પણ કે – આ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદમાં પૂર્વ આધુનિક સંસ્કૃતિનું ગૌરવ થઇ રહ્યું છે, જે સ્ત્રીઓ માટે ભયંકર શોષણકારી સંસ્કૃતિ પૂરવાર થઇ ચૂકી છે. બીજી તરફ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો ખ્યાલ પણ રાજનૈતિક કરતાં સાંસ્કૃતિક વધારે છે; કેમ કે, એમાં એવા રાષ્ટ્રનો ખ્યાલ છે જે પારંપરિક અને પૂર્વ આધુનિક

સંસ્કૃતિના પાયા ઉપર બનેલું છે. તો વળી આધુનિક ઢબના આર્થિક વિકાસને માત્ર સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ સાથે નહીં, મૂડીના વૈશ્વિકીકરણના આધુનિક ઢબના વિકાસ સાથે વધારે ગાઢ સંબંધ છે. અને આપણે આ પ્રકરણના આર્થિક માળખાંના પડકારોના વિભાગમાં જોયું કે, સ્ત્રીઓ માટે, ખાસ કરીને ગરીબ અને શોષિત સમુદાયની સ્ત્રીઓ માટે એ કેટલું અન્યાયી અને શોષણકર્તા છે. બીજી રીતે જોઇએ તો એ વિકાસ સામે પોતાનાં પ્રાકૃતિક સંસાધનો બચાવવા છેલ્લા દશકમાં આપણાં દેશમાં મહિલાઓ આગળ આવી જ રહી છે. સંઘર્ષ અને પ્રતિકારની સાથેસાથે જરૂર છે – સાર્થક વિકાસના વિકલ્પોને પણ આંદોલનોની સાથે જોડવાની.

## 5. અનુઆધુનિકતાનો પડકાર

અનુઆધુનિકાતાનો અર્થ થાય છે – આધુનિકતા પછીની સાંસ્કૃતિક વિચારધારા. આ વિચારધારાની શરૂઆત વીસમી સદીમાં યૂરોપમાં થઇ. આપણે જાણીએ છીએ કે, યૂરોપ વીસમી સદીના પ્રારંભે આધુનિકીકરણની ચરમસીમા પર હતું. આ એ જ ગાળો હતો જ્યારે મૂડીવાદી સામ્રાજ્યવાદનો દુનિયાભરમાં મૃત્યુઘંટ વાગવો શરૂ થઇ ચૂક્યો હતો. અલબત્ત, યૂરોપના સમાજમાં આધુનિકતાનાં મૂલ્યો ઘણી હદે પ્રસરી ચૂક્યાં હતાં.

એ જ યૂરોપમાં ભૌતિકતા અને ભૌતિકવાદ વચ્ચેની ભેદરેખા ભૂંસાઇ ચૂકી હતી. ભૌતિકતા એટલે માણસની ભૌતિક જરૂરતો. જેમ કે, ખોરાક, પાણી, શુધ્ધ વાતાવરણ, કપડાં, ઘર વગેરે. જ્યારે ભૌતિકવાદ એટલે માણસની મોજશોખ માટેની વસ્તુઓ માટેની દોટ. ત્યારે યૂરોપમાં ઔદ્યોગિકરણ પણ મોટેપાયે થઇ ચૂક્યું હતું જેણે – યૂરોપ અને તેનાં સંસ્થાન દેશોનાં કુદરતી સંસાધનોનું મોટેપાયે દોહન કર્યું હતું, કરી રહ્યું હતું. આર્થિકવાદ એટલે કે, સંપત્તિ અને નાણાં માટે કાંઇપણ કરી શકવાની ઘેલછા વકરી રહી હતી. તો વળી એ અર્થવ્યવસ્થા – મૂડીવાદ- ને બદલીને નવા પ્રકારની અર્થવ્યવસ્થા –સમાજવાદ- સ્થાપવા માટે મસમોટી ક્રાંતિનાં





સપનાં (ગ્રાંન્ડ નેરેટિવ્ઝ) દુનિયાના વાતાવરણમાં ફેલાઇ ચૂક્યાં હતાં, ફેલાઇ રહ્યાં હતાં.

આ તમામનો વિરોધ કરતી જે વિચારધારા આવી તે અનુઆધુનિકતા. અનુઆધિનકતાના વિચારકોનું માનવું હતું કે, આ તમામ - ભૌતિકવાદ, કુદરતી સંસાધનોનું નિકંદન, આર્થિકવાદ અને અર્થવ્યવસ્થાકેન્દ્રી મસમોટાં ક્રાંતિનાં સપનાં- માટે જવાબદાર આધુનિકતા છે. આધુનિક મૂલ્યોના અતિરેકે માનવી અને સમાજનું 'નિર્માનવીયકરણ' (ડીહ્યુમનાઇઝેશન) કર્યું છે. તેઓ વિજ્ઞાને શોધેલાં માનવસંહારનાં શસ્ત્રો – અણુ, પરમાણુ શસ્ત્રો- ને માટે અને સામ્રાજ્યવાદની લાલચે હિટલરે કરેલ યહૂદીઓના જનસંહાર જેવી ઘટનાઓ માટે પણ આધુનિકતાનાં મૂલ્યોને જવાબદાર ઠેરવતાં હતાં, ઠેરવી રહ્યાં છે.

અનુઆધુનિકતાના વિચારકોએ આધુનિકતાના ભૌતિક વાસ્તવ આધારિત મૂલ્યોની સામે નવાં સાંસ્કૃતિક મૂલ્યોની હિમાયત શરૂ કરી. જેમ કે, વૈશ્વિકતાની સામે સ્થાનિકતા, એટલે કે માણસે વૈશ્વિક થવાને બદલે સ્થાનિકતાનું મૂલ્ય અપનાવી, પોતાની આસપાસના સ્થાનિક સંદર્ભોમાં પોતાના અસ્તિત્વને સીમિત કરીને સમજવું જોઇએ, તેણે સ્થાનિક વાસ્તવો વિશે જ વિચાર કરવા જોઇએ. બીજું એમણે વ્યક્તિકેન્દ્રીતાને બદલે સમુદાયકેન્દ્રીયતાનું મૂલ્ય આપ્યું. એટલે કે, વ્યક્તિ સમાજના કેન્દ્રમાં ન હોવો જોઇએ, વ્યક્તિની વ્યક્તિગતતા નકારાત્મક છે; સમુદાય સમાજના કેન્દ્રમાં હોવો જોઇએ, વ્યક્તિ પોતે જે સમુદાયનો ભાગ છે એ સમુદાયની સંસ્કૃતિ વિશે તેણે વિચારવું જોઇએ અને એનું ગૌરવ કરવું જોઇએ અને જાળવવું જોઇએ. અલબત્ત, આ મૂલ્ય એમણે મુખ્યત્વે શોષિત સમુદાયોના સંદર્ભે વિકસાવ્યું છે.

સૌ પ્રથમ તો આપણે એ સમજવાની જરૂર છે કે, અનુઆધુનિકો જે વાસ્તવને આધુનિકતાના નકારાત્મક પરિણામરૂપે જુએ છે, એ વાસ્તવો માટે મૂડીવાદ અને મૂડીવાદનું આધુનિકીકરણ જવાબદાર છે. ભૌતિકવાદ,

આર્થિકવાદ કે કુદરતી સંસાધનોનું નિકંદન- એ આધુનિકતાનાં મૂલ્યોને કારણે નથી વકર્યાં, એ મૂડીવાદે પોતાનાં વિકાસ માટે અથવા તો કહો કે, નફા માટે ઊભાં કરેલાં દૂષણો છે.

વૈશ્વિકતા સામે સ્થાનિકતા અને વ્યક્તિમત્તાને બદલે સામુદાયિકતા. અનુઆધુનિકતાનાં આ મૂલ્યો સમાજ માટે ખતરનાક અને સમાજને પૂર્વ આધુનિકતા ભણી લઈ જનારાં છે. માનવી માટે વૈશ્વિકતા જરૂરી છે. વૈશ્વિકતા એની બુધ્ધિમત્તા અને ચેતનાને વિકસાવે છે. એને પોતાનાં અને પાતાની આસપાસનાં સવાલો તેમજ વાસ્તવિકતાઓને વૈશ્વિક સંદર્ભે સમજવાની અને ઉકેલવાની સૂઝ આપે છે. સ્થાનિકતા વ્યક્તિને કુંઠિત કરનારી છે. અલબત્ત, વ્યક્તિનો સ્થાનિકતા સાથે સંબંધ, અનુબંધ હોવો જરૂરી છે, વ્યક્તિનું ઘડતર સ્થાનિકતાથી જ શરૂ થાય છે , પણ એનો મતલબ એ નથી કે એણે, સમગ્રજીવન સ્થાનિકતાને સમર્પિત કરી દેવું જોઈએ.

વ્યક્તિકેન્દ્રીયતાને બદલે સમુદાયકેન્દ્રીતા – આ મુદ્દે પહેલો સવાલ તો એ જ થાય કે, ક્યો સમુદાય? આપણને જન્મથી મળેલ જ્ઞાતિ, જાતિ, ધર્મનો સમુદાય? શું વ્યક્તિએ એ પૂર્વ-આધુનિક સમુદાયના શોષણયુક્ત ઈતિહાસ અને સંસ્કૃતિનું ગૌરવ કરવાનું? આ અનુઆધુનિક વલણ આજે આપણાં સમાજમાં વ્યાપકપણે જોવા મળે છે. વ્યક્તિની ઓળખ સમાજ પણ એના સમુદાયના આધારે કરે છે અને ખુદ વ્યક્તિ પણ. સ્ત્રીઓ માટે પણ આપણે અગાઉ જોયું કે, વર્તમાન સમાજ, રાજ્ય અને બજાર-બધાં જ એની સાથે સ્ત્રીસમુદાય તરીકે જ વર્તે છે. એના આગવાં વ્યક્તિત્વની કુટુંબ કે સમાજમાં ક્યાંયે ગણતરી નથી થતી. સ્ત્રી મુક્તિનાં આંદોલનો આ સામુદાયિકતાના મૂલ્યનો વિરોધ કરે છે.

ટૂંકમાં, અનુઆધુનિકતાનાં મૂલ્યો વિશે ઘણો લાંબો વાદવિવાદ થઈ શકે, પણ આપણા માટે અહીં એટલું સમજવું જરૂરી છે કે, અનુઆધુનિકતાનાં મૂલ્યો આધુનિકતાના પ્રસારને રૂંધનારાં છે. વળી તે સમાજને ઘણી





બાબતોમાં શોષણયુક્ત પૂર્વઆધુનિકતા તરફ દોરી જનારાં છે.

## 6. ઉદ્દામવાદી નારીવાદના પડકારો

ઉદ્દામવાદી નારીવાદ (રેડકલ ફેમિનીઝમ) ની શરૂઆત યૂરોપ – અમેરિકામાં થઈ હતી, પરંતુ એનાં પ્રભાવો અને એનું અનુસરણ ભારતમાં પણ કેટલાંક નારીવાદીઓએ શરૂ કર્યું હતું અને આજે પણ કરી રહ્યાં છે. આ પ્રકારના નારીવાદનાં સ્વરૂપોના વિચારો અંતિમવાદી હોય છે અને વલણો પુરૂષવિરોધી.

### Õ બ્રા બર્નીંગ ફેમિનીઝમ

સ્ત્રીનાં અંતર્વસ્ત્રો બાળી નાંખવાની ઝૂંબેશના નામે પ્રચલિત આ નારીવાદનો મુખ્ય સૂર એ છે કે, સ્ત્રીના દેહ ઉપર એનો પોતાનો જ હક્ક છે. તે પુરૂષોને આકર્ષવા માટેનું સાધન નથી. સ્ત્રીએ પોતે ‘જેવી છે તેવી જ’ રહેવું જોઈએ. એણે સુંદરતા, કામુકતા, યૌવન જેવાં પિતૃસત્તાત્મક મૂલ્યો અને માપદંડોનો સદંતર વિરોધ કરવો જોઈએ. આ પ્રકારનો નારીવાદ પિતૃસત્તાના સદંતર વિરોધની સાથેસાથે પુરૂષોનો પણ સદંતર વિરોધ કરે છે. પિતૃસત્તા સાંસ્કૃતિક મૂલ્યો ધરાવતી વ્યવસ્થા છે; જ્યારે સ્ત્રી અને પુરૂષ તો કુદરતી વાસ્તવિકતા છે.

### Õ ગાયનોસેન્ટ્રીક ફેમિનીઝમ

ગાયનોસેન્ટ્રીક ફેમિનીઝમ એટલે ‘દેહપ્રધાન નારીવાદ’. આ નારીવાદ સ્ત્રીની જાતીયતા (સેક્સ્યુઆલિટી) વિશેનું ચિંતન રજૂ કરે છે. એ માને છે કે, સ્ત્રીએ પોતાની જાતીયતા વિશે કોઈ સંકોચ રાખવાની જરૂર નથી. ‘સ્ત્રીની સુંદરતા એની પોતાની જ છે અને એનો ઉપયોગ એ પોતાને મન ફાવે તેમ કરી શકે છે’. આ વિચારધારામાં વ્યક્ત થતી વ્યક્તિગતતા અંતિમવાદી છે.

આ બંને પ્રકારના નારીવાદ સંદર્ભે આપણે આધુનિકતાએ આપેલ 'વ્યક્તિમત્તા' અને 'અંગતતા'ના મૂલ્યોને ફરી એકવર સમજી લેવાં જરૂર છે. આધુનિકતાએ 'વ્યક્તિ' નું મહત્ત્વ આંક્યું છે. વ્યક્તિની અંગતતાની અગત્યતા પણ મહત્ત્વની માની છે. કુટુંબમા, સમાજમાં, અને પોતાના પ્રિયજનની સાથે હોવા છતાં વ્યક્તિની પોતાની અંગતતા અલગ હોઈ શકે. વ્યક્તિનું 'અંગત સ્પેસ'-નું અનુસંધાન તેની ભાવનાઓ, અભિવ્યક્તિઓ સાથે હોય છે. પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં સ્ત્રીની લાગણીઓ, સ્વ-અભિવ્યક્તિ, મરજી-નામરજીનો ક્યારેય કોઇ વિચાર કરવામાં નથી આવતો. સ્ત્રી જયારે 'મારું દુઃખ', 'મારી ઈચ્છા', 'મારો અભિપ્રાય'ની વાત કરે છે ત્યારે ઉહાપોહ મચી જાય છે. એવી વાતોને પારંપરિક રીતે 'સ્વાર્થીપણું', 'ધર્મવિરોધી', 'પાપ', માનવામાં આવે છે. અહીં આધુનિકતાનાં 'વ્યક્તિગતા' અને 'અંગતતા'નાં મૂલ્યોને સ્પષ્ટ કરવાની જરૂર છે. આધુનિકતા માને છે કે, વ્યક્તિનું અંગત જીવન એનું પોતાનું છે અને વ્યક્તિના પોતાના શરીર ઉપર એની પોતાની માલિકી છે, હક્ક છે. તેની વ્યક્તિગતા કે અંગતતામાં બીજી કોઇ વ્યક્તિ, સમુદાય, સમાજ કે રાજય કોઇએ પણ કોઈપણ રીતે હસ્તક્ષેપ ન કરવો જોઇએ.

ભારતમાં નારી મુક્તિ આંદોલનો સામે આ તમામ મહત્ત્વના પડકારો છે. એણે માત્ર પિતૃસત્તા સામે જ નથી લડવાનું કે માત્ર જ્ઞાતિવાદ, ધર્મ અને ધાર્મિક કટ્ટરતા સામે જ નથી લડવાનું. આ તમામની સાથેસાથે એણે મૂડીવાદ અને પ્રતીકાત્મક પ્રજાસત્તાક સામે પણ લડવાનું છે. પિતૃસત્તાની સાથે જો એ મૂડીવાદી વ્યવસ્થા સામે અને સાર્થક પ્રજાસત્તાક માટે મોરચા માંડશે તો જ એ નારીમુક્તિનાં સ્વપ્નને સાકાર કરી શકશે. અંતે ફરીથી એટલું જ યાદ કરાવવાનું કે, 'માનવ મુક્તિ વિના નારીમુક્તિ સંભવ નથી જ નથી'.





# પરિશિષ્ટ - 1

## કુદરતી જાતીયતા અને સામાજિક જાતીયતા વચ્ચેનો તફાવત

### કુદરતી જાતીયતા

- સ્ત્રી અને પુરુષ વચ્ચેના કુદરતી શારીરિક તફાવતને કુદરતી જાતીયતા (લિંગ) કહે છે.
- લિંગનો તફાવત જન્મથી જ હોય છે.
- લિંગનો તફાવત કુદરતી હોવાથી દરેક સ્થળ, સમય, દેશ કે સંસ્કૃતિમાં એકસરખો જ હોય છે.
- તે કુદરતી હોવાથી બદલી શકાતો નથી. (જાતિ પરિવર્તનનું ઓપરેશન કરીને થતો ફેરફાર એક અપવાદ છે.)

### સામાજિક જાતીયતા

- છોકરા-છોકરી, સ્ત્રી-પુરુષ વચ્ચેના સમાજ દ્વારા ઊભા કરવામાં આવેલા ભેદભાવોને સામાજિક લિંગ એટલે કે જેન્ડર કહે છે
- જેન્ડરનો તફાવત છોકરા અને છોકરીને અલગ અલગ રીતે

ઉછેરવાને કારણે, (સામાજીકરણની પ્રક્રિયા દ્વારા) જે રીતે તેમનું ઘડતર થાય છે તેમાંથી ઊભો થાય છે.

- સામાજિક ભેદભાવ સ્થળ, સમય, દેશ, ધર્મ, સંસ્કૃતિ પ્રમાણે અલગ અલગ હોય છે. બદલાયા કરે છે.
- તે સમાજે બનાવ્યો હોવાથી બદલાયો છે અને હજુ પણ એ બદલવાની પ્રક્રિયા ચાલુ જ છે.

સમાજ પરિવર્તનશીલ છે. જેમ જેમ સમય, સંજોગો, અર્થતંત્ર, રાજકારણ, સમાજવ્યવસ્થા વગેરે બદલાય છે તેમ તેમ સ્ત્રી-પુરુષની જવાબદારી, ભૂમિકા અને અધિકારમાં ફેરફારો થતા રહ્યા છે. જો તમને લાગતું હોય કે સ્ત્રી-પુરુષ વચ્ચે કામ, ગુણો અને અધિકારોની હાલની વહેંચણી અન્યાયી છે તો તેને સ્વીકારી લેવાની જરૂર નથી. **સમાજનાં મૂલ્યો, માન્યતાઓ, રીતરિવાજો અને કાયદાઓ બદલાયા છે, હજુ પણ બદલી શકાય છે અને તેને બદલવામાં આપણી ભૂમિકા મહત્ત્વની છે.**





# પરિશિષ્ટ - 2

## નારી આંદોલનનો ઘટનાક્રમ

1857 : અમેરિકાની કાપડ સૂતરની મિલોના મહિલા કામદારોએ કામના કલાકો ઘટાડવા અને કામની પરિસ્થિતિ સુધારવા માટે સંઘર્ષ કર્યો.

1910 : ક્લેરા ઝેટકીને 8 માર્ચને આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે જાહેર કર્યો.

1917 : રશિયામાં પેટ્રોગાર્ડની સ્ત્રી કામદારોએ ''રોટી, શાંતિ અને જમીન''માટે હડતાલ પાડી આંદોલનની શરૂઆત કરી. આ તણખાએ રશિયાની ક્રાંતિની મશાલ પેટાવી અને ''ફેબ્રુઆરી ક્રાંતિ''ની શરૂઆત કરી.

1937 : સ્પેનની સ્ત્રીઓએ ફ્રાંસની દમનકારી શાસનપદ્ધતિ સામે મોરચો કાઢયો.

1943 : ઈટાલીની સ્ત્રીઓએ ચર્ચ, કિચન (રસોડું) અને કીંડરગાર્ટન (બાલમંદિર)માં સ્ત્રીઓને બાંધી રાખવા માંગતા મુસોલીનીના ફાસીવાદનો વિરોધ કર્યો.

1946 : યુનાઈટેડ નેશન (યુનો)માં માનવ-અધિકારોના કમિશન હેઠળ સ્ત્રીઓના સવાલો પ્રત્યે ધ્યાન આપવા માટેના

પેટાકમિશનની માંગણી સ્વીકારાઇ અને ‘સ્ત્રીઓનું સ્થાન’ માટેના કમિશનની પ્રથમ મિટિંગ થઇ.

1948 : યુનોની સામાન્ય સભામાં માનવ-અધિકારોનું જાહેરનામું સ્વીકારવામાં આવ્યું, જેના આધારે વિશ્વભરમાં માનવ-અધિકારો માટેનો સંઘર્ષ વધુ મજબૂત બન્યો.

1951 : આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (આઇ.એલ.ઓ.) દ્વારા સ્ત્રી અને પુરુષ કામદારોને સરખું વેતન આપવા અંગેનો ઠરાવ સ્વીકારવામાં આવ્યો.

1952 : રાજકારણમાં સ્ત્રીઓના અધિકારનો ખરડો યુનો દ્વારા સ્વીકારવામાં આવ્યો.

1960 : 25 નવેમ્બરના રોજ ડોમીનીકન રીપબ્લીકમાં સરમુખત્યાર ટુ જિલ્લો સામે માથું ઊંચકનાર, રાજકીય કાર્યકર મીરાવલ બહેનોની ક્રૂર હત્યા કરવમાં આવી. 1981 થી આ દિવસ સ્ત્રી વિરોધી હિંસા સામેના દિવસ તરીકે ઉજવાય છે.

1961 : લેટીન અમેરિકામાં પેરૂગ્વે દેશમાં સ્ત્રીઓને મતાધિકાર મળ્યો અને લેટીન અમેરિકામાં મતાધિકાર માટેની લડતનો સફળ અંત આવ્યો.

1967 : ઈરાનમાં કુટુંબ રક્ષક કાનૂન(ફેમિલી પ્રોટેકશન લો) હેઠળ સ્ત્રીઓને પતિની પરવાનગી વગર નોકરી કરવાની છૂટ નહોતી. આ મર્યાદા દૂર કરવામાં આવી.

1970 : રાત્રિ પર સ્ત્રીઓનો અધિકાર સ્થાપિત કરતી ‘ટેક બેક ધ નાઇટ’ લડતની શરૂઆત થઇ. રસ્તા પર સ્ત્રીઓ અને બાળકીઓ માટે સલામતી માંગતી લડત દુનિયાના અનેક દેશોમાં પ્રસરી છે.





1974 : વિયેટનામની સ્ત્રીઓએ અમેરિકાના સામ્રાજ્યવાદી આક્રમણ સામે ઝુંબેશ ઉઠાવી.

1975 : સંયુક્ત રાષ્ટ્ર સંઘ યુ.એન.ઓ.એ મેક્સીકો કોન્ફરન્સમાં આંતરરાષ્ટ્રીય મહિલાવર્ષની જાહેરાત કરી અને દુનિયાભરની સ્ત્રીઓએ મહિલાવર્ષની ઉજવણી દરમ્યાન અનેક કાર્યક્રમો કર્યા.

ત્યારબાદ સમાનતા, વિકાસ અને શાંતિના નારા સાથે 1975 થી 1985 દરમ્યાન મહિલા દશક ઉજવવાનો નિર્ણય લેવાયો. મેક્સીકોમાં સરકારી પરિષદ ઉપરાંત સ્વૈચ્છિક સ્ત્રી સંગઠનો દ્વારા સમાંતર બિન-સરકારી પરિષદ યોજાઇ, જેમાં દુનિયાભરની 600 જેટલી સ્ત્રીઓએ ભાગ લીધો.

1979 : યુનોમાં સીડો (કન્વેન્શન ઓન એલીમીનેશન ઓફ ઓલ ફોર્મ્સ ઓફ ડિસ્કીમીનેશન) સ્ત્રીઓના સંપૂર્ણ વિકાસ અને પ્રગતિ માટે સ્ત્રીઓની બીબાંઢાળ ભૂમિકા પર આધારિત સામાજિક અને સાંસ્કૃતિક પ્રણાલિકાઓ બદલીને જીવનનાં તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓના સમાન અધિકારનો ખરડો સ્વીકારાયો.

1979 : ઈરાનમાં 50,000 કરતાં પણ વધુ સ્ત્રીઓ ‘ચાદર’ (બુરખો) સામે વિરોધ કરવા રસ્તા પર આવી.

1980 : મહિલા દાયકા માટે નક્કી થયેલ ધ્યેયોની પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે મધ્ય દાયકાની પરિષદ કોપનહેગનમાં યોજાઇ, જેમાં દાયકા માટે નક્કી કરેલ સૂત્રમાં સમાનતા, વિકાસ અને શાંતિની સાથે શિક્ષણ, કામ અને સ્વાસ્થ્યના ધ્યેયોના ઉમેરો કરવામાં આવ્યો.

1980 : ભારતમાં મથુરા બળાત્કાર કેસના સંદર્ભમાં રાષ્ટ્રવ્યાપી બળાત્કાર વિરોધી ચળવળ શરૂ થઇ. પરિણામે સરકારને બળાત્કારને લગતા કાયદામાં સ્ત્રીઓ તરફી કેટલાક સુધારા કરવાની ફરજ પડી.

1981 : યુરોપની સ્ત્રીઓએ સ્વતંત્ર, સલામત અને કાનૂની ગર્ભપાત માટે લડતને વેગીલી બનાવી.

1983 : સ્ત્રીઓની જાતીયગુલામી સામેના આંતરરાષ્ટ્રીય સંકલન દ્વારા, વેશ્યા બનાવવા તથા તમામ પ્રકારની જાતીયગુલામી સામે નેધરલેન્ડમાં મળેલ પરિષદમાં અવાજ ઉઠાવવામાં આવ્યો.

1985 : 1975 થી 1985 દરમ્યાન ઉજવાયેલા આંતર્રાષ્ટ્રીય મહિલા દશકનું સરવૈયું કાઢવા નૈરોબીમાં આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઇ, જેમાં 2000ની સાલ સુધીમાં સ્ત્રીઓની પ્રગતિ માટેની આગામી રણનીતિઓ (ફોરવર્ડ લુકિંગ સ્ટ્રેટેજીસ) નક્કી કરવામાં આવી.

1989 : કેનેડામાં એન્જિનીયરીંગ કોલેજની 14 વિદ્યાર્થિનીઓની 'તેઓ નારીવાદી છે' કહી એક પુરુષે હત્યા કરી. આ પ્રસંગથી કેનેડાના સમાજમાં સ્ત્રીવિરોધી મૂલ્યો કેટલાં ઊંડાં છે તેની ચર્ચા શરૂ થઇ.

1990 : આ વર્ષ સાર્ક (દક્ષિણ એશિયા દેશોનો સમૂહ) ના દેશો માટે બાલિકા વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું.

આ દેશોમાં પ્રવર્તતા પુત્ર લાલસા (સન પ્રેફરન્સ) અને સ્ત્રી તિરસ્કાર (વિમેન હેટ) ને ધ્યાનમાં રાખીને અનેક સંઘર્ષો, કાર્યક્રમો થયા. ભારતમાં અનેક શહેરોમાં ગર્ભજાતિ પરીક્ષણ સામે આંદોલન, જાગૃતિ કાર્યક્રમો થયા.





1991 : ભારતમાં કાલીકટ ખાતે યોજાયેલ સ્વાયત્ત સ્ત્રી સંગઠનોના રાષ્ટ્રીય સંમેલનમાં વધતી જતી ધર્માંધતાને પડકારવા 1991ના વર્ષને ધર્માંધતા વિરોધી વર્ષ તરીકે જાહેર કર્યું. વર્ષ દરમ્યાન દેશના ખૂણે ખૂણે સ્ત્રી સંગઠનોએ ધર્માંધતા વિરોધી કાર્યક્રમો કર્યા.

1991 : વીમેન્સ ગ્લોબલ લીડરશીપ ઇન્સ્ટિટયુટ દ્વારા સ્ત્રીઓ પરની હિંસા વિરોધી સક્રિયતાના 16 દિવસની ઝુંબેશની શરૂઆત થઇ.

1991 : બોસ્નીયા અને હરજેગોવીનામાં ચાલતાં વંશીય યુદ્ધમાં બળાત્કારનો ઉપયોગ એક હથિયાર તરીકે થાય છે તેની નોંધ લેવાઇ.

1993 : માનવ અધિકાર માટેનું યુનોનું આંતર્રાષ્ટ્રીય સંમેલન વિએનામાં મળ્યું, જેમાં દુનિયાભરનાં સ્ત્રી સંગઠનોએ પાંચ લાખ જેટલી સહીઓ ભેગી કરી મોકલી. આ સંઘર્ષને કારણે જાહેરનામાના કુલ 139 ફકરાઓમાંથી 13 ફકરાઓ ખાસ સ્ત્રીઓ અને બાળાકીઓના માનવ અધિકારોને લગતા હતા, ડિસેમ્બર 1993માં યુનોની સામાન્ય સભાએ સ્ત્રીઓ વિરોધી હિંસાને લગતું જાહેરનામું સ્વીકાર્યું.

1994 : સ્ત્રીઓના અને બાળકીઓના અધિકારો એ આંતર્રાષ્ટ્રીય માનવ-અધિકારોનો અનિવાર્ય, આંતરિક અને અલગ ન કરી શકાય તેવો ભાગ છે, એ વાતને આગળ લઇ જવા દેશ દેશની સ્ત્રીઓએ ઝુંબેશ ચલાવી.

1995 : ચીનના બેજીંગમાં ચોથી વિશ્વ મહિલા પરિષદ યોજાઇ, જેમાં સરકારી કાર્યક્રમની સમાંતરે યોજાયેલ બિનસરકારી

સંગઠનોની પરિષદમાં આશરે 30,000 જેટલી સ્ત્રીઓએ ભાગ લીધો.

1998 : આંતર્રાષ્ટ્રીય ફોજદારી કોર્ટ સ્થાપવા માટે મળેલી રાજદ્વારીઓની પરિષદમાં યુદ્ધ દરમ્યાન થતા બળાત્કાર, જાતીયગુલામી, વેશ્યાવ્યવસાય માટે દબાણ કરવું, જબરજસ્તી સગર્ભા બનાવવી, જબરજસ્તી કુટુંબનિયોજનનું ઓપરેશન કરવું અને જાતીય હિંસા આચરવી તેને યુદ્ધના ગુનાઓ (વોર ક્રાઈમ્સ) અને માનવતા વિરોધી ગુનાઓ (ક્રાઈમ અગેઈન્સ્ટ હ્યુમેનીટી) તરીકેની કલમો રૂપે પ્રથમવાર સ્વીકારવામાં આવ્યા.

2000 : યુનોની ખાસ સભા તરીકે બેજીંગ પ્લસ 5 નું સેશન બોલાવવામાં આવ્યું, જેમાં અત્યાર સુધીનાં પગલાંઓની સમીક્ષા અને આગામી રણનીતિઓ નક્કી કરવામાં આવ્યાં.

યુનોની સલામતી સમિતિમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો કે શાંતિ માટેની કોઈ પણ વાટાઘાટમાં કે શાંતિ કરારોના અમલમાં સ્ત્રીઓ અને બાળકીઓની ખાસ જરૂરિયાતનું ધ્યાન પ્રત્યેક તબક્કે રાખવામાં આવે.

અનેક વર્ષોના સંઘર્ષ પછી ટોક્યિોમાં મળેલ સ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય યુદ્ધના ગુનાઓ માટેની કોર્ટમાં બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન લશ્કરના જવાનોની જાતીય વૃત્તિ સંતોષવા માટે 'કમ્ફર્ટ વીમેન' સ્ત્રીઓની કરેલી ફરજિયાત ભરતીનો બળાત્કાર, જાતીયગુલામી અને માનવતા વિરોધી ગુનો જાહેર કરી જાપાનના રાજા હીરોહીટો અને જાપાનની સરકારને ગુનેગાર જાહેર કરવામાં આવ્યા.





# પરિશિષ્ટ - 3

## નારી આંદોલનનાં મશાલચીઓ

### 1. એમિલી ડેવિસ - (ઓક્ટોબર 1872 – જૂન 1913)



Emily Davison

બ્રિટનમાં મહિલા મતાધિકાર માટે ઝૂઝારૂ સંઘર્ષ કરનાર મહિલા નેતા એમિલી ડેવિસે ઈંગ્લેંડની સંસદમાં મહિલા અધિકારો વિશે માગણી રજૂ કરી. મતાધિકાર અને માનવ અધિકારોની ચળવળમાં એમણે જહોન સ્ટુઅર્ટ મિલની સાથે મળીને કામ કર્યું હતું. 'સફ્રેજેટ મૂવમેન્ટ' થી ઓળખાયેલી આ ચળવળના પરિણામે પાંચ-છ દાયકા પછી બ્રિટનની મહિલાઓને મતાધિકાર મળ્યો.

## 2. જ્હોન સ્ટુઅર્ટ મિલ - (1806 – 1873)



John Stuart Mill

ઈંગ્લંડના શિક્ષણશાસ્ત્રી, ઉદારમતવાદી, અર્થશાસ્ત્રી તથા નીતિશાસ્ત્ર અને તત્વજ્ઞાનના પ્રખર વિદ્વાન જ્હોન સ્ટુઅર્ટ મિલનું પુસ્તક 'સબજુગેશન ઓફ વિમેન' (સ્ત્રીઓની પરાધીનતા) નારીવાદી ચિંતનનું પ્રથમ પુસ્તક ગણાય છે. પ્રબુદ્ધ ચિંતકોમાં વિરલ એવી સ્ત્રી-સ્વાતંત્ર્યની ભાવનાના પ્રથમ પુરસ્કર્તા જ્હોન સ્ટુઅર્ટ મિલે, નારીવાદી નેતા એમિલી ડેવિસની સાથે મળીને બ્રિટીશ મહિલાઓના મતાધિકારની ચળવળ 'સફ્રેજેટ મૂવમેન્ટ'માં વૈચારિક બળ પૂરું પાડયું હતું. રાજયશાસ્ત્ર, તર્કશાસ્ત્ર પણ એમના રસના વિષયો હતા. જ્ઞાનપ્રકાશ યુગના અંગ્રેજ ચિંતક તરીકે તેમનું સ્થાન પહેલી હરોળમાં મૂકાય છે.





## 3. ઓલેમ્પી ડિ' ગોજીસ - (ફ્રાન્સ, 18 મી સદી)



Olympe de Gouges

ફ્રાન્સની લડાયક ક્રાન્તિકારી મહિલાઓમાં ઓલેમ્પી ડિ' ગોજીસ પ્રખર બુધ્ધિશાળી લેખિકા તરીકે પ્રખ્યાત હતાં. સ્ત્રીઓના રાજકીય અધિકારો વિશેના આંદોલનમાં નાટકો, લેખ, વક્તવ્યો લખીને તેમણે આંદોલનને બૌધ્ધિક અને સૈધ્ધાંતિક વળાંક આપ્યો હતો. ગુલામી પ્રથાના વિરોધમાં ફ્રેન્ચ ભાષામાં પહેલું નાટક તેમણે 1782માં લખ્યું હતું. સ્ત્રીઓના અધિકારોનું જાહેરનામું 1791માં બહાર પાડયું હતું; જેને 'સ્ત્રીઓના અધિકારોનો પ્રથમ દસ્તાવેજ' કહેવાય છે. ફ્રાન્સની ક્રાન્તિ વિશે સવાલો ઉઠાવવાનું સાહસ ઓલેમ્પીએ કર્યું હતું. કેમ કે તેમનું સ્પષ્ટ નિરીક્ષણ હતું કે પ્રસિદ્ધ ફ્રેન્ચ ક્રાન્તિના કોઇ ફાયદા સ્ત્રીઓને નથી મળ્યા. તેમની આ હિંમતભરી રજૂઆતને કારણે જડવાદી ક્રાન્તિકારીઓએ ઓલેમ્પીને 1793માં શૂળીએ ચડાવી મૃત્યુદંડ આપ્યો હતો. ઓલેમ્પીનું બલિદાન નારીમુક્તિના માર્ગનું એક સીમાચિહ્ન ગણાય છે.

## 4. ફ્રેડરિક એન્ગલ્સ - (જર્મની, 1820 – 1895)



Friedrich Engels

ફ્રેડરિક એન્ગલ્સ, પ્રખર ક્રાન્તિકારી પ્રબુદ્ધ ચિંતક કાર્લ માર્ક્સના મિત્ર અને સૈદ્ધાન્તિક સાથી પણ હતા. બંનેએ સાથે મળીને 1848માં જગપ્રસિદ્ધ ચિંતનપોથી 'સામ્યવાદનું ઘોષણાપત્ર' બહાર પાડયું અને દુનિયાના શ્રમજીવીઓની મુક્તિનું એલાન કર્યું. 1884માં એન્ગલ્સે 'કુટુંબ વ્યવસ્થા, ખાનગી મિલકત અને રાજ્ય' નામના પુસ્તકનું સર્જન કર્યું; જેમાં તેમણે કુટુંબવ્યવસ્થાનું વિશ્લેષણ કરીને જણાવ્યું કે આપણી કુટુંબવ્યવસ્થામાં સ્ત્રીઓને પુરૂષને અધીન રાખવામાં આવે છે. જે રીતે મૂડીપતિ, મજૂરના શોષણ ઉપર તાગડધિન્ના કરે છે તે જ રીતે પુરુષો સ્ત્રીઓનું શોષણ કરીને સત્તા ભોગવે છે. જેથી મૂડીવાદી વ્યવસ્થાને જ ફાયદો થાય છે અને સ્ત્રીનું બમણું - ત્રણ ગણું શોષણ થતું રહે છે. છેક 19મી સદીની શરૂઆતમાં કરેલા આ વિશ્લેષણને નારીવાદી આંદોલનના મૂળગામી વિચાર તરીકે સ્થાપવામાં આવ્યું. સ્ત્રીના કૌટુંબિક – આર્થિક શોષણની આમ પ્રથમવાર એન્ગલ્સે કરેલી વ્યાખ્યાએ સ્ત્રીઓ અને સમાજ વચ્ચેના સંબંધને નિર્મમ રીતે ઉકેલી આપ્યા. એન્ગલ્સનાં અન્ય પુસ્તકોમાં 'એલિયનેશન' , 'હિસ્ટોરિકલ મટિરિયલિઝમ'નો મહત્ત્વનો ફાળો છે. 'માર્ક્સવાદ'ના પ્રણેતા તરીકે એન્ગલ્સે વિશ્વ આખાયની વિચારસરણીઓને ખૂબ પ્રભાવિત કરી હતી.





## 5. રોઝા લક્ઝમ્બર્ગ (જન્મ, રશિયા, 1871 – મૃત્યુ, 1919, જર્મની)



Rosa Luxemburg

માર્ક્સ અને ઍન્ગલ્સના વિચારોને આગળ વધારવાનું અને સ્ત્રી-મુક્તિ આંદોલનને વેગ આપવાનું કામ, મૂળ રશિયાનાં પણ પછીથી જર્મન નાગરિક બની ગયેલાં 'રોઝા લક્ઝમ્બર્ગે' કર્યું. જર્મનીમાં સ્ત્રીઓનું મુખપત્ર 'સમાનતા' શરૂ કર્યું અને તેને ખૂબ લોકપ્રિય બનાવ્યું. તેમની યુધ્ધવિરોધી વિચારસરણી અને કર્મશીલતા વિખ્યાત છે. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે જર્મનીમાં સમાજવાદી પક્ષે સત્તાપક્ષની સહાય કરી; તેના વિરોધમાં રોઝા લક્ઝમ્બર્ગે નવા સામ્યવાદી પક્ષની સ્થાપના કરી.

## 6. ક્લૅરા ઝેટ્કીન - (જર્મની, 1857 – રશિયા, 1933)



Clara Zetkin

રોઝા લક્ઝમબર્ગની સાથોસાથ જેમનું નામ લેવાતું રહ્યું છે તેવાં ક્લેરા ઝેટ્કીન વધુ સક્રિય, વધુ પ્રબુદ્ધ સામ્યવાદી મહિલા તરીકે પ્રખ્યાત છે. મહિલાઓની મુક્તિ ચળવળમાં જ નહિ, દુનિયાભરના શ્રમજીવીઓનાં આંદોલનોને વૈચારિક પીઠબળ આપનારાં ક્લેરા ઝેટ્કીન કર્મશીલ લેખિકા હતાં. ક્લેરા, રશિયન સામ્યવાદી નેતા લેનિનનાં સમકાલીન અને સહકાર્યકર્તા હતાં. અનેક પુસ્તકો, વ્યખ્યાનો ઉપરાંત સંગઠનોના ઈતિહાસમાં તેમનું નામ મોખરે લેવાય છે. ખાસ તો, 1909ની કોપનહેગનની આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદમાં આઠમી માર્ચને હંમેશા માટે નારી-મુક્તિ દિન તરીકે સ્થાપિત કરવામાં ક્લેરા ઝેટ્કીન જ અગ્રેસર હતાં.





## 7. લુક્રેશિયા મોટ - (અમેરિકા, 1793 – 1880)



Lucretia Mott

અમેરિકાની ‘મહિલા મતાધિકાર’ ચળવળ - સફ્રેજેટ મૂવમેન્ટનાં અગ્રેસર હતાં લુક્રેશિયા મોટ. પોતે ખ્રિસ્તી ચર્ચની એકહથ્થુ સત્તા સામેના પડકાર રૂપે સ્થાપાયેલા ‘ક્વેકર પંથ’ના પરિવારમાં જન્મેલાં. બાળપણથી જ ચર્ચના વર્ચસ્વનો વિરોધ કરતાં હતાં. ગુલામી પ્રથાની નાબૂદી, યુધ્ધ વિરોધ અને સ્ત્રી-અધિકાર આંદોલનમાં લુક્રેશિયાનું પ્રદાન ઘણું મોટું હતું. પોતે ભાગી છૂટેલા ગુલમોને આશરો આપતાં હતાં અને ગુલામોના શ્રમથી બનેલી વસ્તુઓનો બહિષ્કાર કરવાની ચળવળો પણ ચલાવતાં હતાં. પોતે આજીવન સ્ત્રી-અધિકાર અને અફ્રિકન-અમેરિકનોના નાગરિક અધિકાર સામે ઝૂઝતાં રહ્યાં હતાં. પાછલાં વર્ષોમાં ‘અમેરિકન સમાન અધિકાર’ માટેની પરિષદનાં તેઓ પ્રથમ પ્રમુખ બન્યાં હતાં.

## 8. રોબર્ટ ઓવેન - (વૅલ્શ, 1771 – 1858)



Robert Owen

રોબર્ટ ઓવેન એક ફેક્ટરીના માલિક હતા. પરંતુ કામદારોના શોષણ પ્રત્યે ખૂબ સંવેદનશીલ હતા. તેમણે 'સહકારી પદ્ધતિ'નો સિદ્ધાંત વિકસાવ્યો હતો. સ્કોટલેન્ડમાં તેમણે સહકારી વસાહતો સ્થાપી અને માલિક – કામદારની સહભાગિતાના ધોરણે લાંબો સમય કામ કર્યું. યુરોપના અર્થકારણ ઉપર તેમનો લાંબો પ્રભાવ પડ્યો. સહકારી પદ્ધતિના તેમના આંદોલનમાં જે સ્ત્રી-મુક્તિવાદી મહિલા આગેવાનો જોડાયાં હતાં; તેમાં આન્ના વ્હીલર એક જાણીતાં નેત્રી હતાં. (1785 – 1818)





## 9. એલિઝાબેથ સ્ટેન્ટોનઃ (અમેરિકા, 1815 – 1902)



Elizabeth Cady Stanton

અમેરિકામાં આફ્રિકન ગુલામો પાસે વેઠ કરાવવી, તેમના ઉપર મારપીટ અત્યાચાર કરવા અને તેમની સાથે પશુ જેવો – પશુથીયે બદતર વહેવાર કરવો એ અઢારમી-ઓગણીસમી સદીની જીવનશૈલી હતી. એલિઝાબેથ આવા જ એક ધનિક વકીલનાં પુત્રી હતાં પણ પોતે વકીલાતનો અભ્યાસ કરી શક્યાં હતાં જેથી સ્ત્રી વિરોધી અને ગુલામ વિરોધી 'ગોરા' કાયદાનો તેમને ઊંડો પરિચય થયો હતો. તરૂણાવસ્થાથી જ સ્ત્રીઓ અને ગુલામોના અધિકારો માટેનો સંઘર્ષ શરૂ થઇ ગયો હતો. ઉચ્ચ શિક્ષણ મેળવવા છતાં તેમને સ્ત્રી-પુરૂષ અસમાનતાનો સતત અનુભવ મળતો રહ્યો હતો. પ્રબુદ્ધ ચિંતક મહિલા હોવાને નાતે તેમણે આજીવન લેખન અને આંદોલનના રાહે 'માનવમુક્તિ'નો સંઘર્ષ કર્યો.

## 10. રાજા રામમોહન રાયઃ (બંગાળ, 1772 – 1833, ઈંગ્લૅન્ડ)




Raja Ram Mohan Roy

હિંદના જ્ઞાનપ્રકાશ યુગના પ્રહરિ રાજા રામ મોહન રાય પોતે પ્રબુદ્ધ ચિંતક પણ હતા અને સક્રિય કર્મશીલ પણ. અંગ્રેજી કેળવણી લેનારી પહેલી પેઢીના આ પ્રતિનિધિને હિંદુ સમાજમાં સ્ત્રીઓનું થતું શોષણ અને અત્યાચાર ખટક્યાં. સતીપ્રથા, બાળવિવાહ જેવી કુરૂઢિઓ સામે તેમણે જેહાદ જગવી, જાગૃતિ ફેલાવી અને તત્કાલીન અંગ્રેજ સત્તાધારીઓ સાથે વાટાઘાટો કરી, પત્રાચાર કરીને પ્રતિબંધક કાયદાઓ કરાવ્યા અને અમલમાં મૂકાવ્યા. ઓગણીસમી સદીના ‘સમાજ-સુધારા’ આંદોલનના તે અગ્રેસર હતા.





## 11. ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર (બંગાળ - 1820 – 1891)



Ishwar Chandra Vidyasagar

ઈશ્વરચન્દ્ર બંદોપાધ્યાય પોતાની વિદ્વત્તાને કારણે ‘વિદ્યાસાગર’ તરીકે પ્રસિદ્ધ થયા. સમાજ સુધારાના વિચારોને અને આંદોલનને પ્રચાર-પ્રસારની જરૂર પડે જ. વિદ્યાસાગરે પોતાના પ્રેસમાં બંગાળી અને અંગ્રેજી મુખપત્રો, પત્રિકાઓ છાપવા માંડયાં અને સમાજ-સુધારાને વેગ મળ્યો. તેમણે પણ હિંદુ સ્ત્રીઓના બાળવિવાહ, વિધવા-દુર્દશાનો વિરોધ કર્યો. સ્ત્રી શિક્ષણનો પ્રચાર-પ્રસાર કર્યો. કલકત્તાની કોલેજના પ્રાધ્યાપક તરીકે અનેક વિચારક અને કર્મશીલ યુવાનોની પેઢી તૈયાર કરી.

## 12. મહાત્મા જ્યોતિરાવ ફૂલે - (સતારા, મહારાષ્ટ્ર – 1827-1890)

## 13. સાવિત્રીબાઈ ફૂલે - (મહારાષ્ટ્ર -1831-1897)



Mahatma Jyotirao Govindrao Phule



Savitribai Phule

જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઇ, હિંદના પ્રથમ સમાજસુધારક દંપતિ તરીકે પ્રસિદ્ધ છે. માળી જ્ઞાતિમાં જન્મેલા જ્યોતિરાવની ગણતરી ‘શૂદ્ર’સમાજમાં થતી. ત્યારે શૂદ્રોને શિક્ષણનો અધિકાર નહોતો પણ અંગ્રેજોએ સાધારણ કેળવણીની શરૂઆત કરી તેનો લાભ જ્યોતિરાવે લીધો. પોતે વ્યવસાયે શિક્ષક હતા. એમણે સવિત્રીબાઇને શિક્ષણ આપવાનું વિચાર્યું. તે સમયે સ્ત્રીઓને, તેમાંય શૂદ્ર સ્ત્રીઓને શિક્ષણ મેળવવાનો અધિકાર નહોતો. પણ મહાત્મા ફૂલે પોતાના નિર્ણય ઉપર અડગ રહ્યા. સમાજે ધમકી આપી કે પત્નીને ભણાવશો તો ‘નાત બહાર મૂકીશું’! પણ જ્યોતિબાએ પોતાનો નિર્ણય બદલ્યો નહિ. પતિ-પત્નીએ પિતાનું ઘર છોડવું પડયું. શિક્ષણની પ્રવૃત્તિ ધમધોકાર ચાલી.





સાવિત્રીબાઇ ખુદ શિક્ષિત બન્યાં અને દલિત બાળકીઓ માટે મહારાષ્ટ્રની પ્રથમ કન્યાશાળા શરૂ કરી. પોતે પ્રથમ સ્ત્રીશિક્ષિકા બન્યાં. એમના જમાનામાં આ સામાજિક દુ:સાહસ હતું, જેને માટે કહેવાતી ઉજળિયાત જ્ઞાતિના લોકોએ સાવિત્રીબાઇની મજાક-મશ્કરી-પજવણી કરવામાં કંઇ બાકી રાખ્યું નહોતું. પણ ઝૂઝારૂ સાવિત્રીબાઇ અને જ્યોતિરાવે સ્ત્રીકેળવણી, વિધવા સહાય, બાળલગ્નનો વિરોધ, વિધવા પુનર્લગ્ન જેવા સુધારાના પ્રયાસો ચાલુ રાખ્યા અને સફળ કર્યા. શિક્ષણની જ્યોતિથી અનેક જીવનોમાં અજવાળું ફેલાવ્યું. કહેવાતી ઉજળિયાત કોમોની વિધવાઓને સહેવા પડતા જાતીય અત્યાચારો સામે તેમને રક્ષણ આપ્યું. આશ્રયગૃહ શરૂ કર્યું. સ્ત્રી કેળવણી અને સમાજ સુધારાની આ ઉજ્જવળ પ્રવૃત્તિને વ્યાપક સમાજમાં તો બહુમાન મળ્યું પણ તેમના પોતાના સમાજે તેમને આજીવન નાતબહાર રાખેલાં. મહાત્મા ફૂલે મૃત્યુ પામ્યા ત્યારે તેમને અગ્નિદાહ દેવા તેમના નાતીલાઓ નહોતા આવ્યા! સાવિત્રીબાઇએ જ્યોતિબાને અગ્નિદાહ દીધેલો. પતિના મૃત્યુ પછી પણ સાવિત્રીબાઇએ સ્ત્રી-કેળવણી અને સમાજસુધારાનાં કાર્યો ચાલુ રાખેલાં. પૂણેમાં ફાટી નીકળેલા પ્લેગમાં ગરીબોની સેવા કરતાં ચેપ લાગવાથી સાવિત્રીબાઇનું અવસાન થયું.

## 14. પંડિતા રમાબાઈઃ (કર્ણાટક, 1859 – 1922, મહારાષ્ટ્ર)



Pandita Ramabai

પંડિતા રમાબાઈ સ્ત્રી શિક્ષણના ક્ષેત્રે અગ્રણી કર્મશીલ હતાં. પિતા અનંતશસ્ત્રીએ પોતાનાં પત્નીને સંસ્કૃત ભાષા શિખવવાનું શરૂ કર્યું. તે સમયે સ્ત્રીઓને સંસ્કૃત શીખવાની મનાઇ હતી. તેમની નાતે એમને નાત બહાર કાઢયા. ગામ છોડીને જંગલમાં રહેવા જવું પડયું. જંગલમાં રમાબાઇનો જન્મ થયો. પિતાએ પુત્રીને પણ વેદ-પુરાણ-ધર્મશાસ્ત્રોનું શિક્ષણ આપ્યું. માતા પિતાના મૃત્યુ પછી રમાબાઇ નિરાધાર બન્યાં. ફરતાં ફરતાં કલકત્તા પહોંચ્યાં. સમાજ સુધારકોને મળ્યાં. સૌએ ખૂબ સન્માનપૂર્વક આવકાર્યાં. ત્યાં રમાબાઇએ શૂદ્ર જાતિના પુરુષ સાથે લગ્ન કર્યાં. વળી હડધૂત થયાં. ત્યારે તેમણે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો. પણ ખ્રિસ્તી ચર્ચના અસમાનતાના પ્રશ્નો ઉપર તેમણે પ્રશ્નો ઉઠાવ્યા. યુરોપ-અમેરિકાનો પ્રવાસ કર્યો. પાછાં ફરીને પૂણેમાં કન્યાશાળા અને સ્ત્રીઓ માટે આશ્રયગૃહ ખોલ્યાં. રમાબાઇએ જ્ઞાનની શક્તિ મેળવી અને વહેંચી. સમાજે સતત એમને સંઘર્ષરત રાખ્યાં. ખરેખર તો પિતૃસત્તા અને જ્ઞાતિવ્યવસ્થા સામેનો તેમનો સંઘર્ષ અજોડ હતો.





## 15. માદામ ભિખાઈજી કામા - (1861-1936)



Madam Bhikaiji Cama

હિંદમાં ડાબેરી-સમાજવાદી ક્રાન્તિકારી આંદોલનનો પ્રવાહ પણ ચાલુ હતો. બ્રિટનમાં-લંડનમાં ગુપ્ત મંડળો ચાલતાં. બ્રિટીશ સરકાર વિરુદ્ધ સંઘર્ષની રણનીતિઓ ઘડાતી. સશસ્ત્ર સંઘર્ષની તાલીમો લેવાતી-અપાતી. આવાં ગુપ્ત મંડળમાંનું એક હતું – 'અભિનવ ભારત'. માદામ ભિખાઈજી કામા તેનાં નેત્રી હતાં. મૂળ નવસારી – ગુજરાતનાં ભિખાઈજીને દાદાભાઈ નવરોજીએ સ્વાતંત્ર્ય સંઘર્ષમાં જોડાવાની પ્રેરણા આપી. ભિખાઈજી લંડન ગયાં અને ક્રાન્તિકારીઓના સંપર્કમાં આવ્યાં. તેમણે પોતાની વિચારધારા પસંદ કરી લીધી. 1907માં જર્મનીના સ્ટટગાર્ટ શહેરમાં ભરાયેલી સમાજવાદી પરિષદમાં તેમણે ભાગ લીધો. ભારતનાં પ્રતિનિધિ તરીકે તેમણે પોતાની સાડીઓમાંથી તૈયાર કરેલો ત્રિરંગો ફરકાવ્યો. ઉગ્રવાદી ભિખાઈજીને બ્રિટીશ સરકારે ભારતમાં પ્રવેશવા – વસવાની મનાઇ ફરમાવી હતી. માદામ કામા આજીવન સમાજવાદી ક્રાન્તિકારી સેનાનાં સૈનિક તરીકે જીવ્યાં અને મૃત્યુ પામ્યાં.

## 16. રુકૈયા સખાવત હુસેનઃ (1880-1932)



Roquia Sakhawat Hussain

રૂઢિચુસ્ત મુસ્લિમ પરિવારમાં જન્મેલાં રુકૈયાની કિશોરાવસ્થા બુરખાના અને અજ્ઞાનના અંધકારમાં પસાર થઇ ગઇ. પણ મોટાભાઇની મદદથી રાતે રાતે છાનાંમાનાં સામાન્ય શિક્ષણ મેળવ્યું. 16 વર્ષની ઉંમરે સૈયદ સખાવત હુસેન સાથે લગ્ન થયાં. પતિએ રુકૈયાનો શિક્ષણપ્રેમ જોઇને વધુ શિક્ષણ લેવા દીધું. રુકૈયા અંગ્રેજીમાં પાવરધાં થયાં. પતિનાં સઘળા પત્રવહેવાર અને મંત્રી તરીકેનાં કામ કરતાં રહ્યાં. પણ માત્ર 21ની વયે વિધવા થયાં. હિંમત હાર્યા વગર કન્યા કેળવણીનું કામ આગળ ધપાવ્યું. કન્યાશાળા શરૂ કરી. રૂઢિચુસ્તોએ વિરોધ કર્યો. પોતે કલકત્તા જતાં રહ્યાં. ત્યાં કન્યાશાળા સ્થાપી. વાર્તાઓ લખી. જેમાં સ્ત્રીનાં અરમાનો અને સ્વપ્નાંને વાચા આપી. નારી અધિકારો વિશેનું પુસ્તક અધૂરું મૂકીને 1932માં અવસાન પામ્યાં. ઓગણીસમી સદીના હિંદી મુસલમાનોમાં વિરલ એવાં આ મહિલા શિક્ષણકાર અને લેખિકા પોતાના સમાજનાં અગ્રેસર હતાં.





## 17. ડો. હંસાબેન મહેતા : (1897-1959)



Hansaben Mehta

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી પ્રથમ મહિલા સ્નાતક તરીકે ઉચ્ચ શિક્ષણ મેળવનારાં હંસાબહેન સાહિત્યકાર કુટુંબનાં પુત્રી હતાં. લંડનમાં ઉચ્ચ શિક્ષણ માટે ગયાં ત્યારે તેમની મુલાકાત સરોજીની નાયડુ સાથે થઇ અને હિંદના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમને રસ પડયો. જીનીવામાં યોજાયેલી આંતર્રાષ્ટ્રીય મહિલા પરિષદમાં પણ ગયાં. અમેરિકા, જાપાન જેવા દેશોમાં પ્રવાસો કર્યા. પ્રવાસકથાઓ, બાળ સાહિત્ય, નાટકોનું સર્જન કર્યું.

1924માં જીવરાજ મહેતા જોડે આંતર્જ્ઞાતીય લગ્ન કર્યું, નાતબહાર મૂકાયાં પણ સ્વાતંત્ર્ય સંગ્રામમાં વધુ સક્રિય બન્યાં. 'અખિલ હિંદ મહિલા પરિષદ'માં જોડાયાં. પ્રમુખ બન્યાં. 'સ્ત્રીઓના અધિકારોનું ઘોષણાપત્ર' તૈયાર કર્યું. ભારતની બંધારણ સભાનાં સભ્ય બન્યાં. યુ.એન.માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. 'માનવઅધિકાર' ચળવળમાં જોડાયાં. વિશ્વકક્ષાએ રાજદ્વારી મહિલાઓનાં અગ્રેસર બન્યાં. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રથમ મહિલા વાઇસ ચાન્સેલર પણ બન્યાં. પદ્મભૂષણની પદવી પ્રપ્ત કરી.

## 18. મૃદુલાબેન સારાભાઈઃ (1911-1974)



Mridula Sarabhai

અમદાવાદમાં મિલમાલિક પરિવારમાં જન્મેલાં મૃદુલાબહેન બાળપણથી જ ગાંધીજી અને ગાંધી વિચારથી આકર્ષાયેલાં. ગૂજરાત વિદ્યાપીઠમાં ભણ્યાં. દાંડીકૂચમાં ભાગ લીધો. ઘેર ઘેરથી સત્યાગ્રહ આંદોલન માટે આવેલી મધ્યમવર્ગની ગુજરાતી સ્ત્રીઓને રચનાત્મક પ્રવૃત્તિઓ તરફ વાળવાની ટેક લીધી. 1934માં 'જ્યોતિસંઘ'ની સ્થાપના કરી. નિરાધાર – ત્યક્તા બહેનોને, અત્યાચાર અને કૌટુંબિક હિંસા વેઠતી બહેનોને આશ્રય અને ઈન્સાફ અપાવવાની પ્રવૃત્તિઓ શરૂ કરી. કોમી એકતા માટે આજીવન કાર્યરત રહ્યાં. 1947 પછી નોઆખલી (હાલમાં બાંગલાદેશ)માં પદયાત્રાઓ કરીને નિરાધારોને આશ્વાસન આપ્યાં. ભાગલાને પરિણામે અપહૃત થયેલી હજારો સ્ત્રીઓના પુનર્વાસમાં જીવના જોખમે સક્રિય બન્યાં. તેમનાં સાથી કમળાબેન પટેલે આ મહા-અભિયાનની સંસ્મરણકથા લખી – 'મૂળ સોતાં ઉખડેલાં' – જેમાં મૃદુલાબેનની સાહસિક છતાં સંવેદનશીલ પ્રતિભા પ્રગટ થાય છે.

કાશ્મીરની આઝાદી વિશે મૃદુલાબેનના વિચારો નિર્ભીક છતાં સ્વતંત્ર હતા. કોંગ્રેસના આગેવાનો અને વડાપ્રધાન નહેરૂ સુદ્ધાંથી અલગ થઈને એમણે કાશ્મીરની આઝાદીની વકીલાત કરી. તે બદલ 'દેશદ્રોહ'નો આરોપ વેઠયો અને આજીવન નજરકેદ પણ વેઠી. ભારતમાં ભાગ્યે જ મળે એવી નિડરતાની મૂર્તિ સમાં મૃદુલાબેન અણજાણ્યાં વીરાંગના જ બની રહ્યાં.





# સંદર્ભસૂચિ

## આ પુસ્તક લખવા માટે ઉપયોગમાં લેવાયેલાં અહેવાલ, પુસ્તકો, લેખો વગેરે


1. *A Report of the Consultation on Women's Issues, Movements and Modernity.*
   Ms. Gabriela Dietrisch, Dr. Sudha Vasan and Dr. Trupti Shah's papers and post-presentation discussion by the audience. (On 15-10-2012) on behalf of **Darshan.**
2. *Feminism as Experience -Thoughts and Narratives*.
   Dr. Neera Desai - **SPARROW**-2006.
3. *Some questions on Feminism*
   Kamla Bhasin-1987.
4. *Indian Women –Change and Challenge in '75-'85*
   Desai Neera and Patel Vibhuti.
5. *History of Doing*
   Radha Kumar -1997.
6. *Fields of Protest* -Raka Ray - 2000.
7. *Women's writing in India Part 1,2 - 1993.*
   Edited by Suzie Tharu and K. Lalitha
8. *Social Movements and the State*
   Ghanshyam Shah - 2002.

આધુનિકતાની ખોજમાં – પુસ્તિકા - 3


9. *નારી આંદોલનનો ઈતિહાસ, ભાગ-1,2,3,4.*
ડો. તૃપ્તિ શાહ - 2009.

10. *ભારતીય મહિલા આંદોલન*
દીપ્તી પ્રિયા મેહરોત્રા - 2003.

11. *મહિલા એવં ભૂમિ-અધિકાર -ઉત્તર પ્રદેશ ભૂમિ સુધાર એવં શ્રમ અધિકાર અભિયાન અહેવાલ -2001.*

12. *નારીવાદી રાજનીતિ*
સાધના આર્ય, નિવેદિતા મેનન, જિની લોકાનીતા, દિલ્લી વિશ્વવિદ્યાલય - 2001.

13. *મહિલા-આંદોલન ઔર વામપંથ*
રેણુ ચક્રવર્તી - **પી.બી.એચ** -1980.

14. *A Space within the Struggle* -
Elina Sen - 1990.

15. *હીરનો હીંચકો*
સંપાદન : જ્યોત્સના મેકવાન, શોભના પરમાર
સાંસ્કૃતિક વિશ્લેષણ - ડો. સરૂપ ધ્રુવ.

આધુનિકતાની ખોજમાં – પુસ્તિકા - 3



# લેખકનો પરિચય

- **ડૉ. સરૂપ ધ્રુવ**
- જન્મ : 1948.
- અભ્યાસ : એમ.એ. ; પી.એચ.ડી.
- પ્રતિબદ્ધ સામાજિક-રાજનૈતિક કવયિત્રી-નાટ્ય લેખક-સાંસ્કૃતિક કર્મશીલ તથા ભાષા અને સંસ્કૃતિ શિક્ષક-અવૈધિક શિક્ષણકર્તા.
- **પ્રકાશિત પુસ્તકો:**

1. **મારા હાથની વાત** કાવ્ય સંગ્રહ [1981]
2. **સળગતી હવાઓ** કાવ્ય સંગ્રહ [1995]
3. **હસ્તક્ષેપ** કાવ્ય સંગ્રહ [2003]
4. **સહિયારા સૂરજની ખોજમાં** ગીત સંગ્રહ [2003]
5. **હીરનો હીંચકો**
   દલિત મહિલાઓના લોકગીતોનું સામાજિક-સાંસ્કૃતિક વિશ્લેષણ કરતું અભ્યાસ પુસ્તક [2001]
6. **'કાળમુખો અંધાર ભેદવા'**
   વિશ્વભરની વિવિધ ભાષામાં સામ્પ્રદાયિકતા સંદર્ભે લખાયેલી કેટલીક વાર્તાઓ-કવિતાઓનાં કુલ 6 સંગ્રહનું સહસંપાદન. [2003]
7. **ઉમ્મીદ હોગી કોઈ** (હિન્દી)
   ગુજરાત જનસંહાર -2002ની સત્યઘટનાઓ ઉપર આધારિત કથાનક સંગ્રહ [2009]